RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 08-07-2026 | VOL : 12 | Issue : 113 | Page : 8 | Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

સફળતા એક દિવસમાં નહીં મળે. જીવનમાં હંમેશા નમ્ર રહો.

3  લખનઉના યુવકનું કારસ્તાન: નકલી CIA એજન્ટ બનીને ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિને સાથે કરી...

4  માર્ક ઝુકરબર્ગની મુશ્કેલીઓ વધી! બાળકોના ભવિષ્ય સાથે ચેડાં કરવા બદલ મેટાને...

6  સેલિના જેટલી લગભગ 15 વર્ષ પછી મોટા પડદા પર વાપસી કરવા જઈ રહી

7  શ્રેયસ અય્યરને સીધો કેપ્ટન બનાવવો ટીમ ઈન્ડિયાને ભારે પડ્યો

## એક નજર...

### ચણિયા ચોલીમાં ગોર્જિયસ લાગી સાઉથ અભિનેત્રી કૃતિ શેટ્ટી



કૃતિ શેટ્ટીએ માત્ર 17 વર્ષની નાની ઉંમરે હૃતિક રોશનની સુપર-30 ફિલ્મમાં એક વિદ્યાર્થીની તરીકે પોતાના કરિયરની શરૂઆત કરી હતી, જેમાં નાનો રોલ હોવા છતાં તેણે પોતાની અભિનય ક્ષમતા સાબિત કરી દીધી હતી. કૃતિ શેટ્ટીએ માત્ર 17 વર્ષની નાની ઉંમરે હૃતિક રોશનની સુપર-30 ફિલ્મમાં એક વિદ્યાર્થીની તરીકે પોતાના કરિયરની શરૂઆત કરી હતી.

## NEWS TRACK

### બલૂચિસ્તાનમાં પોલીસ પોસ્ટ પર મોટો હુમલો, 9 પોલીસકર્મીઓના મોત, 5 લાપતા

પાકિસ્તાનના અશાંત બલૂચિસ્તાન પ્રાંતમાં એક પોલીસ પોસ્ટ પર મોટો હુમલો થયો છે. હુમલામાં ઓછામાં ઓછા 9 પોલીસ કર્મચારીઓના મોત થયા હોવાના અહેવાલો સામે આવ્યા છે. રિપોર્ટ મુજબ પાંચ લોકો લાપતા હોવાની પણ વિગતો સામે આવી છે. આ હિંસક ઘટના બાદ સુરક્ષા એજન્સીઓએ આખા વિસ્તારને ઘેરી મોટાપાયે તપાસ અભિયાન અને ક્લીયરન્સ ઓપરેશન શરૂ કરી દીધું છે. પોલીસના જણાવ્યા મુજબ, બલૂચિસ્તાનના જિયારત જિલ્લાના માંગી ડેમ વિસ્તારમાં એક પોલીસ પોસ્ટ પર સોમવારે હુમલો થયો હતો. હુમલાની માહિતી મળતા જ પોલીસનો કાફલો સ્થળ પર મોકલી દેવાયો છે અને આખા વિસ્તારની ઘેરાબંધી કરી દેવાઈ છે. જિયારતના નાયબ કમિશનર અબ્દુલ કુદૂસ અચકજઈએ 9 પોલીસ કર્મચારીઓના મોત થયા હોવાની પુષ્ટી કરી છે. પાકિસ્તાનના ડૉન સમાચારના રિપોર્ટ મુજબ, હુમલા બાદ પાંચ પોલીસ કર્મચારીઓ લાપતા હોવાની નાયબ કમિશનરે માહિતી આપી છે.

### મિડલ ઈસ્ટમાં ફરી તણાવ: હોર્મુઝમાં જહાજો પર હુમલો, ક્રૂડ ઓઇલના ભાવ 72 ડૉલરને પાર

દુનિયાની કુલ તેલ જરૂરિયાતના 20 ટકા માટે મહત્વપૂર્ણ એવા હોર્મુઝ સ્ટ્રેટ (Strait of Hormuz)માં ફરી એકવાર મિસાઈલ હુમલાના સમાચાર ચર્ચામાં છે, અને તેની સીધી અસર કાચા તેલની કિંમતોમાં ઉછાળા તરીકે જોવા મળી છે. હોર્મુઝ સ્ટ્રેટમાં આખરે શું ચાલી રહ્યું છે? આ સવાલ એટલા માટે પણ મહત્વનો છે, કારણ કે, એક તરફ જ્યાં અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિ વાર્તા પર બેઠકોને લઈને પોઝિટિવ અહેવાલો આવી રહ્યા છે, તો બીજી તરફ અચાનક દુનિયાની તેલ જરૂરિયાતોને પૂરી કરવા માટે જરૂરી આ મહત્વપૂર્ણ દરિયાઈ રૂટ પર હુમલાના સમાચાર આવી જાય છે. આ અપડેટ્સની સીધી અસર કાચા તેલની કિંમતો પર જોવા મળી રહી છે. સોમવારે જ્યાં આંતરરાષ્ટ્રીય માર્કેટમાં કાચા તેલની કિંમત 71 ડૉલરની આસપાસ ટ્રેડ થતી જોવા મળતી હતી, તે મંગળવારે અચાનક 72 ડૉલર પ્રતિ બેરલને પાર નીકળી ગઈ. ક્રૂડની કિંમતમાં આ તેજી ઈરાન તરફથી હોર્મુઝમાં કમર્શિયલ જહાજો પર થયેલા મિસાઈલ હુમલાના સમાચાર બાદ જોવા મળી છે.

---

પહાડ પરથી પડેલાં પથ્થરો અને માટીથી ઘર-દુકાનો કાટમાળમાં ફેરવાયા

# જમ્મુ-કાશ્મીરના ડોડામાં વાદળ ફાટવાથી તબાહી

ડોડા

જમ્મુ-કાશ્મીરના ડોડાના ઉપલા વિસ્તારોમાં વાદળ ફાટવાને કારણે પૂર આવ્યું. પહાડો પરથી પથ્થરો અને કાટમાળ પડવાને કારણે ઘરો અને દુકાનોને નુકસાન થયું છે. રસ્તાઓ પર અનેક વાહનો કાટમાળ નીચે દટાઈ ગયા. મહારાષ્ટ્રના ઘણા જિલ્લાઓમાં સતત ભારે વરસાદ પડી રહ્યો છે. મુંબઈમાં છેલ્લા 48 કલાકમાં લગભગ 15 ઇંચ (380 મિમી) વરસાદ નોંધાયો છે. IMD એ મંગળવાર માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

મુંબઈની તમામ સરકારી અને ખાનગી શાળા-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. નાસિકમાં પણ આજે તમામ શાળાઓ અને કોલેજો બંધ છે. ત્ર્યંબકેશ્વર મંદિર અને મહારાષ્ટ્રના સાડા ત્રણ શક્તિપીઠોમાં સામેલ સપ્તશ્રૃંગી મંદિર પણ આજે શ્રદ્ધાળુઓ માટે બંધ રહેશે. જ્યારે, મધ્ય પ્રદેશમાં



છેલ્લા 24 કલાકમાં 35 થી વધુ જિલ્લાઓમાં વરસાદ થયો. ખજુરાહોમાં સૌથી વધુ 4.4 ઇંચ વરસાદ નોંધાયો. બમીઠામાં નેશનલ હાઈવે-39 પર 3 ફૂટ સુધી પાણી ભરાઈ ગયું. બાલાઘાટમાં મહારાષ્ટ્ર સરહદને અડીને આવેલી વાઘ નદીમાં પૂર આવતા કિરણપુર-લાંજી માર્ગ પર પુલ નિર્માણમાં લાગેલી કાર, જેસીબી અને લોડર તેજ પ્રવાહમાં તણાઈ ગયા.

---

# કેરલમના વાયનાડમાં ભૂસ્ખલન, 3નાં મોત, અનેક દટાયા

વાયનાડ

કેરલમના વાયનાડમાં મંગળવારે બપોરે ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થયું. આ દુર્ઘટનામાં ત્રણનાં મોત થયા, 8 લોકો ઘાયલ થયા છે. ઘણા લોકો ફસાયા હોવાના અહેવાલ છે. આ દુર્ઘટના કલ્લાડી સ્થિત મીનાક્ષી બ્રિજ પાસે થઈ.

અહીં મલપ્પુરમ-વાયનાડ ટનલ પ્રોજેક્ટનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. ટનલમાંથી માટી કાઢીને બહાર એકઠી કરવામાં આવી હતી. વરસાદને કારણે માટી ધસી પડી, જેના કારણે વૃક્ષો ઉખડી ગયા અને બેરિકેડ પણ તણાઈ ગયા. આ દુર્ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે, જેમાં એક ટેન્કર પાણીના તેજ પ્રવાહમાં તણખલાની જેમ તણાતું દેખાઈ રહ્યું છે. પોલીસ, NDRFની ટીમ બચાવ કાર્ય કરી રહી છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે કાટમાળ હટાવવા માટે ભારે મશીનોની જરૂર પડશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સતત વરસાદને કારણે સોમવારથી જ ટનલ નિર્માણનું કામ રોકી દેવામાં આવ્યું હતું. મલપ્પુરમ-વાયનાડ ટનલ પ્રોજેક્ટ હેઠળ મલપ્પુરમને વાયનાડ સાથે સુરંગ (ટનલ) દ્વારા જોડવાનું છે. ટનલની લંબાઈ આશરે 8.17 કિમી છે. તેનો ખર્ચ આશરે 2,100-2,200 કરોડ છે.

---

PM મોદીનો ઇન્ડોનેશિયાથી ચીનને કડક સંદેશ

# ભારત સ્વતંત્ર ઇન્ડો-પેસિફિકનો સમર્થક છે: વડાપ્રધાન મોદી

જકાર્તા

PM મોદીએ કહ્યું, 'ભારત ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં શાંતિનો પક્ષકાર છે. બધા દેશો આંતરરાષ્ટ્રીય નિયમોનું પાલન કરે અને દરિયાઈ માર્ગો બધા માટે ખુલ્લા રહે.' મોદીનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે આ ક્ષેત્રમાં ચીનની વધતી ગતિવિધિઓને લઈને ઘણા દેશોની ચિંતા વધી છે. બીજી તરફ, ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવોએ મોદીના વખાણ કરતા કહ્યું, 'હું તમારી કારકિર્દીની નકલ કરું છું.' તેમણે આટલું કહેતા જ તાળીઓ પડવા લાગી. તેમણે કહ્યું, 'મોદી સરકારની ઘણી યોજનાઓ સફળ રહી છે. તેથી તેઓ તેમને અપનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. સારું થયું કે આ યોજનાઓ પર 'કોપીરાઈટ' નથી. ભારત-ઈન્ડોનેશિયા વચ્ચે મંગળવારે જકાર્તામાં 20 કરારો થયા. સૌથી મહત્વપૂર્ણ બ્રહ્મોસ ડીલ રહી. આ અંગે બંને દેશો વચ્ચે છેલ્લા 4 મહિનાથી વાતચીત ચાલી રહી હતી. ભારત ઈન્ડોનેશિયાને બ્રહ્મોસ



મિસાઈલના વધારાના યુનિટ આપશે. આ સાથે ફિલિપાઈન્સ, વિયેતનામ પછી ઈન્ડોનેશિયા બ્રહ્મોસ ખરીદનાર ત્રીજો દેશ બની ગયો છે. વડાપ્રધાન સાંજે જકાર્તામાં ભારતીય સમુદાયને સંબોધિત કરશે. તેઓ બુધવારે ઈન્ડોનેશિયાના સૌથી મોટા હિન્દુ મંદિર પ્રમ્બાનન જશે. આ મંદિર 1000 વર્ષથી પણ વધુ જૂનું છે. ભારત અને ઈન્ડોનેશિયા માત્ર સમુદ્રથી જ નહીં, પરંતુ સહિયારા ઈતિહાસથી પણ જોડાયેલા છે. આપણા સંબંધોના મૂળ રામાયણ અને મહાભારતના વારસામાં છે.

---

# ઠાણેનો 'કેસિનો કાંડ': યેયુરની ટેકરીઓની આડમાં ચાલી રહ્યું છે દેશનું સૌથી મોટું જુગાર સિન્ડિકેટ....!

## રોજ ઉડી રહ્યા છે અબજો રૂપિયા, પોલીસ અને રાજકારણીઓની મિલીભગતનો સનસનાટીપૂર્ણ પર્દાફાશ

ઠાણે:

એક તરફ જ્યાં મુંબઈને અડીને આવેલા ઠાણે શહેરને સ્માર્ટ સિટી બનાવવાના દાવા કરવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ આ જ શહેરની છાતી પર કાયદો અને વ્યવસ્થાની એવી ધજ્જીયા ઉડી રહી છે જેની કલ્પના પણ કરી શકાતી નથી. મહારાષ્ટ્ર વિધાનસભાનું બજેટ સત્ર લાઈવ ચાલી રહ્યું છે, ગૃહની અંદર રાજ્યની સુરક્ષા પર લાંબી-પહોળી ચર્ચાઓ થઈ રહી છે. પરંતુ ગૃહના ચોગાનથી માત્ર થોડા કિલોમીટર દૂર, વર્તક નગર પોલીસ સ્ટેશનની હદમાં જે ખેલ ચાલી રહ્યો છે, તેણે સમગ્ર ગૃહ વિભાગને કટોકટીમાં મૂકી દીધો છે.

અંદરના સૂત્રો અને તપાસના આધારે મળેલી અત્યંત સચોટ અને વિસ્ફોટક માહિતી મુજબ, ઉપવન પટસરની બરાબર પાછળ અને યેયુર ચેક પોસ્ટની નજીક આવેલા એક ખૂબ જ સુરક્ષિત અને આલીશાન બંગલાને આંતરરાજ્ય 'મિનિ કેસિનો' માં ફેરવી દેવામાં આવ્યો છે. અહીં કાયદાની કોઈ વિસાત નથી. અહીં માત્ર બે જ વસ્તુઓ ચાલે છે–પત્તાની રમત અને ગાંધીજીના નોટોના બંડલો!

### આંતરરાજ્ય સટ્ટાબાજોનો અડ્ડો: ચાર્ટર્ડ ગાડીઓમાં આવી રહ્યા છે ધનિકો

આ કોઈ નાનો-મોટો સ્થાનિક જુગારનો અડ્ડો નથી, પરંતુ કોર્પોરેટ શૈલીમાં ચાલતું એક ઈન્ટર-સ્ટેટ સટ્ટા સિન્ડિકેટ છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' પાસે ઉપલબ્ધ પુખ્તા માહિતી મુજબ, આ અડ્ડા પર રોજ કરોડોથી લઈને અબજો રૂપિયાની હાર-જીત થાય છે.

આશ્ચર્યની વાત એ છે કે આ અડ્ડા પર દાવ લગાવવા માટે માત્ર મહારાષ્ટ્રના જ નહીં, પરંતુ:

ગુજરાતના હીરા બજારના વેપારીઓ,
રાજસ્થાનના મોટા સટ્ટાબાજો,
હરિયાણાના ભૂ-માફિયાઓ,

### મુંબઈ, નાસિક અને જલગાંવના વગદાર સફેદપોશ ગુનેગારો અને ઉધોગપતિઓ સામેલ છે.

આ વીઆઈપી જુગારીઓની ગાડીઓ જ્યારે રાતના અંધારામાં યેયુર ચેક પોસ્ટ પસાર કરે છે, ત્યારે વર્તક નગર પોલીસની પેટ્રોલિંગ ગાડીઓ અવારનવાર પોતાનો રસ્તો બદલી નાખે છે.

### કાળા સામ્રાજ્યના સિન્ડિકેટનું 'ઓપન સિક્રેટ': કોણ છે આ ચહેરા?

આ સમગ્ર ગેરકાયદે સામ્રાજ્યનું માળખું અત્યંત શાતિર અને ખતરનાક રીતે તૈયાર કરવામાં આવ્યું છે. આ સિન્ડિકેટ ચલાવવા પાછળ કેટલાક એવા નામો છે જેમના સિક્કા ઠાણેના અંડરવર્લ્ડ અને રાજકીય વર્તુળોમાં ચાલે છે: 1. રાજા ઠાકુર અને જીતુ જલગાંવ: આ કાળા ધંધાના અસલી 'કિંગપિન' અને ફાઈનાન્સર છે. આ બંગલાની અંદર તેમનો હુકમ જ આખરી સત્ય હોય છે.

2. મંગેશ ભોંસલે અને શેખર વડાલા: આ લોકોને અડ્ડાની સુરક્ષા, બાઉન્સર્સની તૈનાતી અને બહારના જોખમો (અથવા ઈમાનદાર અધિકારીઓની રેડ) થી બચવાની જવાબદારી સોંપવામાં આવી છે.

3. રફા (ઘોડી ભુરિયા) અને ગોપાલ શર્મા (મેનેજર): ગોપાલ શર્મા આ ક્લબનો મુખ્ય વ્યૂહરચનાકાર અને 'કેશિયર' છે. સૂત્રોનો દાવો છે કે ગોપાલ શર્માનું મુખ્ય કામ માત્ર જુગાર રમાડવાનું નથી, પરંતુ પોલીસ અને વહીવટીતંત્રના મોટા સાહેબો સુધી દર મહિને અને દર અઠવાડિયે પહોંચતા કરોડો રૂપિયાના 'હપ્તા' (લાંચ) નું સેટિંગ સંભાળવાનું છે. સૌથી સનસનાટીપૂર્ણ રાજકીય કનેક્શન: રાજકીય વર્તુળોમાં વહેતા અહેવાલો અને સૂત્રોના દાવા મુજબ, આ આખા રેકેટનો મુખ્ય કર્તાહર્તા 'રાજા ઠાકુર' પોતાને રાજ્યના ટોચના નેતૃત્વ (નાયબ મુખ્યમંત્રી સ્તરના નેતાઓ) નો અત્યંત નજીકનો અને 'રાઈટ હેન્ડ' ગણાવે છે. આ જ રાજકીય કવચનો ઉપયોગ કરીને તેણે સમગ્ર ઠાણે પોલીસ તંત્રને પોતાની આંગળીના ટેરવે નચાવી રાખ્યું છે.

### ખાખી પર ડાઘ: સિનિયર પીઆઈ 'માને' અને ઉચ્ચ અધિકારીઓની ભૂમિકા

સવાલ એ નથી કે આ અડ્ડો ચાલી રહ્યો છે, સવાલ એ છે કે આ કેવી રીતે ચાલી રહ્યો છે? વર્તક નગર પોલીસ સ્ટેશનના સિનિયર પીઆઈ માનેની નાક નીચે, તેમના કાર્યક્ષેત્રમાં આવતી યેયુર ચેક પોસ્ટ પાસે આટલી મોટી ગેરકાયદેસર

### વર્તક નગર પોલીસની છત્રછાયામાં કાયદાના લીરેલીરા: 'રાજા ઠાકુર'ના પ્રભાવ સામે ઠાણે પોલીસ કમિશનરેટ લાચાર? મુખ્યમંત્રી કાર્યાલયની ચુપકીદી સામે ઉઠ્યા ગંભીર સવાલો!

પ્રવૃત્તિ થતી હોય અને તેમને ખબર ન હોય, તે અશક્ય છે. સૂત્રોનો સીધો આક્ષેપ છે કે વર્તક નગર પોલીસના આ થાણામાં રોજ અને સાપ્તાહિક ધોરણે નોટોથી ભરેલી મોટી બેગ પહોંચાડવામાં આવે છે. માત્ર સ્થાનિક પોલીસ જ નહીં, ઠાણે પોલીસ કમિશનરથી લઈને ડીસીપી (DCP) સ્તર સુધીના અધિકારીઓને આ અડ્ડાની ઝીણામાં ઝીણી માહિતી લેખિત સ્વરૂપે આપવામાં આવી ચુકી છે. પરંતુ જ્યારે ગાંધીજીની નોટ બોલે છે, ત્યારે ખાખીનો ઈમાન ચૂપ થઈ જાય છે. પોલીસ તંત્રની આ ચુપકીદી સાબિત કરે છે કે આ સિસ્ટમ ગુનેગારો સામે ઘૂંટણ ટેકી ચૂકી છે.

### રાષ્ટ્રીય સુરક્ષા સામે ખતરો: જુગારના પૈસાથી 'ધર્મ પરિવર્તન'નો ખેલ!

'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના પત્રકારોએ જ્યારે આ મામલાના મૂળ સુધી જવાનો પ્રયાસ કર્યો, ત્યારે એક એવો ભયાનક અંશ સામે આવ્યો જે માત્ર જુગાર કે સટ્ટા પૂરતો સીમિત નથી, પરંતુ સીધો દેશની આંતરિક સુરક્ષા પર પ્રહાર કરે છે. વિસ્ફોટક માહિતી: સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે કે આ જુગારના અડ્ડામાંથી થતી કાળી કમાણીનો એક બહુ મોટો હિસ્સો મેનેજર રફા અને ભુરિયાના માધ્યમથી આસપાસના ગરીબ અને આદિવાસી વિસ્તારોમાં ગેરકાયદે ધર્મ પરિવર્તન (Religious Conversion) ના નેટવર્કને ફંડ કરવા માટે વાપરવામાં આવી રહ્યો છે. જુગારના આ ગંદા પૈસાનો ઉપયોગ દેશના સામાજિક માળખાને તોડવા માટે થઈ રહ્યો છે. શું ઠાણે પોલીસ આ દેશવિરોધી ષડયંત્રમાં પણ મૂકપ્રેક્ષક બની રહેશે?

### પાક્કો ગુજરાત ન્યૂઝના સીધા અને તીખા સવાલો:




1. શું મુખ્યમંત્રીથી પણ ઉપર છે રાજા ઠાકુર? મુખ્યમંત્રી કાર્યાલય (CMO) ને આ અડ્ડાની ગુપ્ત માહિતી અને ફરિયાદો મળવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કેમ ન થઈ? શું એવું સમજી લેવાય કે સત્તાના ગલિયારા સુધી આ જુગારના પૈસાની ભાગીદારી પહોંચી રહી છે?

2. કમિશનર સાહેબ, તમારી વર્દીની આબરૂ ક્યાં છે? ઠાણે પોલીસ કમિશનર મહોદય, શું તમારી આગેવાની હેઠળ ઠાણેની અંદર કાયદાનું નહીં પરંતુ 'રાજા ઠાકુર' અને તેના માણસોનું બંધારણ ચાલશે?

3. સિનિયર પીઆઈ માને પર કાર્યવાહી ક્યારે? પોતાની હદમાં દેશનું સૌથી મોટું જુગાર સિન્ડિકેટ ચલાવવા દેનાર સિનિયર પીઆઈ માનેને તાત્કાલિક સસ્પેન્ડ કરીને તેમની અપ્રમાણસર મિલકતોની તપાસ એન્ટી-કરપ્શન બ્યુરો (ACB) દ્વારા કેમ કરવામાં આવતી નથી? અમારો સંકલ્પ: 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આ અહેવાલને માત્ર એક પાના પર છાપીને શાંત બેસશે નહીં. જ્યાં સુધી યેયુરની સુંદર ટેકરીઓને કલંકિત કરનારો આ આલીશાન બંગલો સીલ નહીં થાય અને તેની પાછળ બેઠેલા સફેદપોશ મગરમચ્છો જેલના સળિયા પાછળ નહીં જાય, ત્યાં સુધી અમારું આ અભિયાન ચાલુ રહેશે. વહીવટીતંત્ર પોતાની ઊંઘમાંથી જાગે, તે પહેલાં કે જનતાનો કાયદા પરથી વિશ્વાસ ઉઠી જાય!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## ગુજરાતમાં દવાઓ બમણાં ભાવે વેચી દર્દીઓ સાથે ઉઘાડી લૂંટ! ફાર્મા કંપનીઓ અને હોસ્પિટલો વચ્ચે ભાગબટાઈ

અમદાવાદ

કંપનીઓ અને હોસ્પિટલ્સ સાથે મળીને દર્દીઓને સારવાર દરમિયાન આપવામાં આવતી દવાઓની કિંમત પણ અતિશય ઊંચી લગાડીને લૂંટ ચલાવી રહી છે. એક સગર્ભા મહિલાને અમદાવાદના માદલપુર વિસ્તારમાં હોસ્પિટલ ધરાવતા ગાયનેકોલોજિસ્ટે લખી આપેલી દવા કેમિસ્ટની દુકાનમાં જઈને ખરીદી તો એક જ વારની દવાના બિલમાં Rs. 6000 જેટલો ફરક આવ્યો હતો. તેમણે જે દવાના Rs. 15000માં મળતા હતા તે દવા બહારના કેમિસ્ટ પાસે લેતા રૂ. 5500થી 6000નો ફરક આવ્યો હતો. આ ડૉક્ટર હોસ્પિટલ્સના રૂમની બાબતમાં પણ રૂમદીઠ રૂ. 6000થી 8000નો ચાર્જ વસુલી રહ્યા છે. આ સ્થિતિ એકાદ હોસ્પિટલની નથી. અમદાવાદ અને ગુજરાતની દરેક હોસ્પિટલમાં દર્દીઓને લૂંટવાના આ જ ખેલ ચાલી રહ્યો છે. ડિસ્કાઉન્ટના નામે લૂંટાતી પ્રજાને રોકવી હોય તો સરકાર દ્વારા માર્જીનની વ્યાખ્યા કડક અમલ કરે તો જ લૂંટાતી બંધ થશે. તમને વાંચીને આશ્ચર્ય થશે કે હોસ્પિટલમાં સારવાર લેવા જતા દર્દીઓને આપવામાં આવતી હોસ્પિટલની સ્પેશિયાલિટીની કેટેગરી પ્રમાણેની ચોક્કસ દવાઓ તેની પરિસરના બે ત્રણ કિલોમીટરના વિસ્તારમાં સક્રિય કેમિસ્ટોને ત્યાં તે દવા મળતી જ નથી. આ રીતે કંપનીઓ ડૉક્ટર્સને સ્પેશિયાલિટી દવાની જે તે વિસ્તારમાં મોનોપોલી ઊભી કરી આપે છે. આસપાસમાં દવા ન મળતી હોવાથી દર્દીના સ્વજનોએ હોસ્પિટલ્સના સ્ટોર્સમાંથી જ મને કે કમને તેની ખરીદી કરવી પડે છે.

આ હોસ્પિટલ્સના સ્ટોર્સમાં વેચાતી દવાઓ પર પણ કંપનીઓ બેફામ એમ.આર.પી. છાપી રહી છે. દવાઓના કિસ્સામાં માત્ર ને માત્ર હોસ્પિટલ્સના સ્ટોરમાં જ તે દવાઓ મળતી હોય છે. પરિણામે ડૉક્ટરની સીધી સંડોવણી તેમાં પ્રસ્થાપિત થતી નથી. માત્ર તેમના પ્રિસ્ક્રિપ્શનમાં સામ્યતા જોવા મળે છે. હા, હોસ્પિટલમાં ચાલતા સ્ટોરની માલિકી પણ હોસ્પિટલના માલિકોની જ હોવાથી તેમાં ગરબડ થઈ હોવાનું પ્રસ્થાપિત થઈ શકે છે.

### હર્ષ સંઘવી અધિકારીઓને શુભેચ્છા પાઠવશે

# 8મીએ 449 નવા PSIને નિમણૂકપત્ર મળશે : આજે ગાંધીનગરમાં ભૂપેન્દ્ર પટેલના હસ્તે સમારોહ

- નિમણૂકપત્રો અર્પણ કરવાની સાથે તેમને જાહેર સેવા, કાયદો-વ્યવસ્થા અને જનસુરક્ષા માટે સમર્પિત રહી કામગીરી કરવાની પ્રેરણા આપશે
- બોર્ડના અધ્યક્ષ ડૉ. નીરજા ગોટરૂ, ગૃહ વિભાગના અગ્ર સચિવ સંજીવ કુમાર અને રાજ્યના પોલીસ વડા જી.એસ. મલિક પણ હાજરી આપશે અને નવનિયુક્ત અધિકારીઓને શુભેચ્છા પાઠવશે

અમદાવાદ

રાજ્યના પોલીસ દળને વધુ મજબૂત બનાવવા અને યુવાનોને સરકારી સેવામાં જોડાવાની મહત્વપૂર્ણ તક આપવા માટે ગુજરાત સરકાર દ્વારા આવતીકાલે (8 જુલાઈ) ગાંધીનગરમાં બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) તરીકે પસંદગી પામેલા 449 યુવા ઉમેદવારોને નિમણૂકપત્રો એનાયત કરવામાં આવશે. ગાંધીનગરના સેક્ટર-9 સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU) ખાતે બપોરે 12 વાગ્યે યોજાનારા આ સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે નિમણૂકપત્રો આપવામાં આવશે.

રાજ્યના ગૃહ વિભાગના આયોજન હેઠળ યોજાનારા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નવનિયુક્ત PSIને નિમણૂકપત્રો અર્પણ કરવાની સાથે તેમને જાહેર સેવા, કાયદો-વ્યવસ્થા અને જનસુરક્ષા માટે સમર્પિત રહી કામગીરી કરવાની પ્રેરણા આપશે.

કાર્યક્રમમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી તથા ગૃહમંત્રી હર્ષ સંઘવી વિશેષ ઉપસ્થિત રહી નવા અધિકારીઓનો ઉત્સાહ વધારશે. તેમના ઉપરાંત પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ ડૉ. નીરજા ગોટરૂ, ગૃહ વિભાગના અગ્ર સચિવ સંજીવ કુમાર અને રાજ્યના પોલીસ વડા જી.એસ. મલિક પણ હાજરી આપશે અને નવનિયુક્ત અધિકારીઓને શુભેચ્છા પાઠવશે.

રાજ્ય સરકાર છેલ્લા કેટલાક સમયથી પોલીસ વિભાગમાં ખાલી જગ્યાઓ ભરવા અને કાયદો-વ્યવસ્થાનું તંત્ર વધુ સશક્ત બનાવવા માટે ભરતી પ્રક્રિયાને ઝડપથી આગળ ધપાવી રહી છે. 449 નવા PSIની નિમણૂકથી રાજ્યના પોલીસ દળને વધુ માનવબળ મળશે, જેના કારણે કાયદો-વ્યવસ્થાની કામગીરી વધુ અસરકારક બનવાની સાથે નાગરિક સુરક્ષાને પણ વધુ મજબૂતી મળશે.




## 8 હજારથી વધુ હાઉસિંગ સોસાયટીના ટેરેસ હક બિલ્ડરો પાસે, લાખો રહીશો સોલારથી વંચિત

વડોદરા

દેશભરમાં રૂફટોપ સોલારને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો કરોડો રૂપિયાની સબસિડી આપી રહી છે. 'પીએમ સૂર્ય ઘર' જેવી યોજનાઓ દ્વારા સામાન્ય નાગરિકને વીજળીના બિલમાં રાહત આપવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પરંતુ ગુજરાતની 8000થી વધુ ફ્લેટ સ્કીમો અને એપાર્ટમેન્ટ સોસાયટીઓ માટે સૌથી મોટો અવરોધ સરકાર નહીં, પરંતુ પોતાની જ ઈમારતની ટેરેસ બની ગઈ છે.

રાજ્યના અનેક પ્રોજેક્ટોમાં બિલ્ડરોએ બાંધકામ દરમિયાન ટેરેસના હક્કો પોતાની પાસે જ રાખ્યા હોવાનું વેચાણ દસ્તાવેજોમાં જોવા મળે છે. કેટલીક જગ્યાએ ટેરેસનો ઉપયોગ પેન્ટહાઉસ, મોબાઈલ ટાવર, જાહેરાતો અથવા અન્ય વ્યાવસાયિક હેતુઓ માટે કરવામાં આવે છે. પરિણામે ફ્લેટધારકો પાસે ટેરેસનો ઉપયોગ કરવાનો વ્યવહારુ અધિકાર રહેતો નથી અને સોસાયટી કોમન રૂફટોપ સોલાર પ્લાન્ટ લગાવી શકતી નથી. રિયલ એસ્ટેટ અને સોલાર ક્ષેત્રના નિષ્ણાતોના અંદાજ મુજબ ગુજરાતમાં અંદાજે 15,000થી 20,000 જેટલી એપાર્ટમેન્ટ અને ફ્લેટ આધારિત હાઉસિંગ સોસાયટીઓ પાસે છે. તેમાંની હજારો સોસાયટીઓમાં રૂફટોપ સોલાર સ્થાપિત કરવાની તકનીકી ક્ષમતા છે. જો કે અંદાજે 400થી 1,000 જેટલી સોસાયટીઓમાં ટેરેસના હક્કો, માલિકી અથવા ઉપયોગને લઈને ઊભા થયેલા વિવાદો સોલાર પ્રોજેક્ટ માટે અવરોધરૂપ બની રહ્યા હોઈ શકે છે.

### ઠેર ઠેર મોટા ભુવા...

## સાબરકાંઠાના ત્રણ તાલુકામાં એક કલાકમાં બે-બે ઇંચ ધોધમાર વરસાદ

ઈડર, જાકીર મેમણ

હિંમતનગરમાં રસ્તાઓ જળબંબાકાર,વાહનવ્યવહાર પ્રભાવિત તલોદ અને પ્રાંતિજમાં પણ નીચાણમાં પાણી ભરાયા સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, તલોદ અને પ્રાંતિજ તાલુકામાં ધોધમાર વરસાદ નોંધાયો અને ઈડર -વડાલી-ખેડબ્રહ્મા મા છુટા છવાયા ઝાપટા પડ્યા હતો. માત્ર એક કલાકમાં બે ઈંચ વરસાદ પડતાં અનેક વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત થયું હતું. હિંમતનગર શહેરના નીચાણવાળા વિસ્તારો અને મુખ્ય માર્ગો પર વરસાદી પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો. શહેરના ખેડ તસીયા રોડ પર ભૂવો પડતાં વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો. પોશ વિસ્તારના રસ્તાઓ પર પણ ભૂવા પડ્યા હતા, જેનાથી વાહનચાલકોને મુશ્કેલી પડી. બેરણા રોડ પર પણ અનેક સ્થળોએ ભૂવા પડ્યા હતા, જેમાં કેટલાક વાહનો ફસાઈ ગયા હતા. હિંમતનગર બાયપાસ રોડ પરના હાથમતી પુલ પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ધીમો પડ્યો હતો, જેના કારણે મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. ટાવરચોક, છોટાલાલ શાહ માર્ગ, નવી પાલિકા વિસ્તાર અને જિલ્લા સેવા સદન વિસ્તારમાં પણ પાણી ભરાયા હતા, જેનાથી લોકો અને વેપારીઓને અવરજવરમાં મુશ્કેલી પડી.

### બાયડ હાઈવેથી સાંપા ગામનો માર્ગ બે વર્ષથી બિસમાર

## ઐતિહાસિક વાવ સુધી પહોંચવાનો રસ્તો જ ખાડામાં ફેરવાયો

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ઐતિહાસિક સાંપા ગામને બાયડ હાઈવે સાથે જોડતો રક્ષાશક્તિ ચોકડી માર્ગ છેલ્લા બે વર્ષથી બિસ્માર હાલતમાં હોવાથી ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ઠેરઠેર પડેલા મોટા અને ઊંડા ખાડાઓના કારણે દરરોજ હજારો વાહનચાલકો જીવના જોખમે પસાર થવા મજબૂર બન્યા છે. વરસાદી મોસમ શરૂ થતાં માર્ગની સ્થિતિ વધુ ખરાબ બની ગઈ છે. અનેક સ્થળોએ એક ફૂટ જેટલા ઊંડા ખાડાઓ પડતાં બાઈકચાલકો માટે આ માર્ગ અકસ્માતનું ભય સ્થાન બની ગયો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ છેલ્લા બે વર્ષમાં અનેક નાના-મોટા અકસ્માતો સર્જાયા છે. ઘણા બાઈકચાલકો ખાડામાં પટકાતા ગંભીર ઈજાગ્રસ્ત થયા છે, જ્યારે



કેટલાક લોકોને હાથ-પગમાં ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું પણ જણાવવામાં આવે છે. તેમ છતાં સંબંધિત માર્ગ અને મકાન વિભાગ દ્વારા કાયમી સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી નથી. સમયાંતરે માત્ર ખાડામાં કપચી અથવા માટી નાખી કામ પૂર્ણ થયાનો દેખાવ કરવામાં આવે છે, પરંતુ થોડા વરસાદ બાદ ફરી એ જ સ્થિતિ સર્જાઈ જાય છે.

સાંપા ગામ ઐતિહાસિક વારસાનું મહત્વપૂર્ણ કેન્દ્ર છે. અહીં આવેલી આશરે 550 વર્ષ જૂની પૌરાણિક વાવને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુલાકાત દરમિયાન 'જલમંદિર' નામ આપ્યું હતું. ત્યારબાદ આ સ્થળને ઐતિહાસિક અને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે અનેક પ્રયાસો થયા હતા.

આજે પણ રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી લોકો તેમજ ઈતિહાસપ્રેમીઓ આ વાવની મુલાકાત લેવા આવે છે. પરંતુ ત્યાં પહોંચવાનો મુખ્ય માર્ગ જ બિસ્માર હોવાથી મુલાકાતીઓમાં પણ અસંતોષ જોવા મળી રહ્યો છે.

આ માર્ગની નજીક રક્ષાશક્તિ યુનિવર્સિટી આવેલી છે. અહીં દેશ-વિદેશમાંથી વિદ્યાર્થીઓ, પોલીસ અને સુરક્ષા દળોના અધિકારીઓ તેમજ મહાનુભાવો સતત અવરજવર કરતા રહે છે. યુનિવર્સિટી દ્વારા પણ સમયાંતરે સાંપાની ઐતિહાસિક વાવની મુલાકાત લેવામાં આવે છે.

## TAT પાસ ન મળે તો UG-PG પાસને પણ જ્ઞાન સહાયકમાં તક, સરકારી-ગ્રાન્ટેડ શાળાઓ માટે નવો ઠરાવ

અમદાવાદ

સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ 9થી 12ની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં જ્ઞાન સહાયકોની ભરતી માટે અગાઉના જુલાઈ 2023 અને જુલાઈ 2025ના ઠરાવો રદ કરીને નવો સંકલિત ઠરાવ જાહેર કરવામાં આવ્યો છે. હવેથી જે તે વર્ષના લાયક 'ટાટ' (TAT) પાસ ઉમેદવારો નહીં મળે, તો અગાઉના વર્ષોમાં ટાટ પાસ કરનારા ઉમેદવારોને પણ તક અપાશે. જો જૂના ટાટ પાસ ઉમેદવારો પણ ઉપલબ્ધ નહીં હોય, તો માધ્યમિક શાળા માટે સ્નાતક (Graduate) અને ઉચ્ચતર માધ્યમિક શાળા માટે પીજી (Post Graduate - અનુસ્નાતક) પાસ ઉમેદવારોને પણ જ્ઞાન સહાયક બનવાની તક મળશે. સરકારે એક અન્ય મહત્ત્વનો સુધારો કરીને વયમર્યાદામાં પણ વધારો કર્યો છે, જેમાં હવે માધ્યમિક શાળા માટે ઉંમરની મર્યાદા વધારીને 48 વર્ષ અને ઉચ્ચતર માધ્યમિક શાળા માટે 50 વર્ષની કરવામાં આવી છે. રાજ્યની ધોરણ 9થી 12ની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે વર્ષ 2023માં કાયમી ભરતીના બદલે 'જ્ઞાન સહાયક યોજના' શરૂ કરી હતી. જુલાઈ 2023ના પ્રથમ ઠરાવ અનુસાર, આ યોજના હેઠળ 11 મહિનાના કરાર પર જ્ઞાન સહાયકોની ભરતી કરવા માટે 'ટાટ' (TAT) પરીક્ષા પાસ કરવી ફરજિયાત કરવામાં આવી હતી. આ નિયમ મુજબ, માધ્યમિક શાળા માટે ટાટ સેકન્ડરીની અને ઉચ્ચતર માધ્યમિક શાળા માટે ટાટ હાયર સેકન્ડરીની પ્રિલિમ તથા મેઈન એમ બંને પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોને જ પાત્ર ગણવામાં આવે છે અને સરકાર દ્વારા દર વર્ષે આવી નવી ભરતી કરીને 11 મહિનાના કરાર પર જ્ઞાન સહાયકો લેવામાં આવે છે.

### વરાછામાં મહાકાય વૃક્ષ ધરાશાયી

## મિનીબજારમાં ઝાડ પડતા 5 લોકો દટાયા, બાઈક જતા 2ના કમકમાટીભર્યાં મોત; 3 ઈજાગ્રસ્ત

સુરત

સુરત શહેરમાં વરસી રહેલા ભારે વરસાદની વચ્ચે વરાછાના વ્યસ્ત ગણાતા મિનીબજાર રોડ પર એક મહાકાય વૃક્ષ અચાનક ચાલુ બાઈક પર પસાર થઈ રહેલા રાહદારીઓ પર ધરાશાયી થતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ તોતિંગ વૃક્ષ નીચે અંદાજે 5 જેટલા લોકો દબાઈ ગયા હતા, જેમાંથી 2 નાગરિકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે અન્ય 3 લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે વૃક્ષ સવારથી જ ભયજનક સ્થિતિમાં નમેલું હોવા છતાં પાલિકા તંત્રે કોઈ પગલાં ન લેતા આ કાળમુખી દુર્ઘટના સર્જાઈ છે.

ધોધમાર વરસાદ દરમિયાન વરાછા મિનીબજાર રોડ પરથી પસાર થઈ રહેલા વાહનચાલકો કંઈ સમજે તે પહેલા જ એક વિશાળકાય વૃક્ષ તેમના પર ખાબક્યું હતું. બાઈક સવાર નિર્દોષ રાહદારીઓ ઝાડના તોતિંગ થડ અને ડાળીઓ નીચે કચડાઈ ગયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે બે લોકોએ સ્થળ પર જ દમ



તોડી દીધો હતો, જેને પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરી અને નાસભાગનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. ફાયરના જવાનોએ ભારે જહેમત બાદ રોડ પર આડા પડેલા વૃક્ષને કટર વડે કાપીને દૂર કર્યું હતું અને નીચે દબાયેલા લોકોને બહાર કાઢ્યા હતા. પોલીસે બંને મૃતકોના શબને કબજે કરી પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલ મોકલી આપ્યા છે. જ્યારે ગંભીર રીતે ઘવાયેલા અન્ય ત્રણ ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સ મારફતે નજીકની કિરણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

## વર્લ્ડ ચોકલેટ ડે નિમિત્તે હેપ્પી હાર્ટ પ્રિ-સ્કૂલમાં ચોકલેટની મીઠી ઉજવણી

ભરૂચ, રંગુની જાકીર

તા. 7 જુલાઈ - વર્લ્ડ ચોકલેટ ડે નિમિત્તે ભરૂચના પશ્ચિમ વિસ્તારમાં આવેલી હેપ્પી હાર્ટ પ્રિ-સ્કૂલ ખાતે આનંદમય અને યાદગાર ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું. ચોકલેટ એટલે બાળકોના ચહેરા પર સ્મિત લાવતી મીઠી ભેટ. રડતું બાળક પણ ચોકલેટ મળતાં જ હસી ઊઠે છે. તેથી બાળકોની સૌથી પ્રિય વસ્તુઓમાં ચોકલેટનું વિશેષ સ્થાન છે. આ પ્રસંગે ભરૂચના જાણીતા ચોકલેટ આર્ટિસ્ટ અને *'The Art of Chocolate'*ના સ્થાપક શાના સૂઝનીવાલા, જેઓ વિવિધ પ્રકારની હેન્ડમેડ ચોકલેટ બનાવવા માટે પ્રસિદ્ધ છે, તેઓ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા. હેપ્પી હાર્ટ પ્રિ-સ્કૂલના નાનાં બાળકોએ શાના સૂઝનીવાલાનું પુષ્પગુચ્છ અર્પણ કરી ઉષ્માભર્યું સ્વાગત કર્યું. ત્યારબાદ તેમણે પોતાના હાથે તૈયાર કરેલી સ્વાદિષ્ટ ચોકલેટ બાળકોને વહેંચી બાળકોના ચહેરા પર ખુશી અને ઉત્સાહ છલકાવી દીધા.


### કમાટીપુરા અમન રેસિડન્સીની ઓફિસમાં બ્લાસ્ટ થતા દોડધામ મચી

## અગરબત્તી કરી ને ACમાં બ્લાસ્ટ થયો, ઓફિસ-કારના કાચ તૂટ્યા..!

વડોદરા

વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં આવેલ કમાટીપુરા વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક ખાનગી ઓફિસમાં સવારના સમયે પૂજા કરવા માટે અગરબત્તી સળગાવવામાં આવી હતી. દરમ્યાન એક જોરદાર બ્લાસ્ટ થયો હતો. આ રહસ્યમય બ્લાસ્ટને કારણે ઓફિસમાં હાજર એક વ્યક્તિ ગંભીર રીતે દાઝી જતા તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ પ્રચંડ બ્લાસ્ટ ACમાં થયો હોવાનું ફાયરે જણાવ્યું હતું.

શહેરના કમાટીપુરા ખાતે આવેલ અમન રેસિડન્સીમાં આવેલી ઓફિસમાં થયેલા પ્રચંડ બ્લાસ્ટમાં એક વ્યક્તિ દાઝી જતા તેને નરહરિ હોસ્પિટલમાં ખાનગી વાહનમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.આ ઓફિસમાં



થયેલા પ્રચંડ બ્લાસ્ટમાં આખી ઓફિસના કાચ અને દૂર પાર્ક કરેલી કાર ના કાચ પણ તૂટી ગયા હતા. લાસ્ટનો પ્રચંડ અવાજ સાંભળતા જ આસપાસના સ્થાનિક લોકો અને વેપારીઓ દોડી આવ્યા હતા.

ઘટનાની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા વડીવાડી ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. આ પ્રચંડ બ્લાસ્ટના મકસૂદ હબીબ નામના વ્યક્તિને દાઝી જતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓની સ્થિતિ સારી હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટના અંગે મુર્તુઝા સૈયદે જણાવ્યું હતું કે, અમારો માણસ સવારે અહીંયા અગરબત્તી કરતો હતો. દરમ્યાન અચાનક એક બ્લાસ્ટ થયો હતો.

## જામનગર જિલ્લા જેલમાં ગેરકાયદે મોબાઇલ ફોનનો ઉપયોગ કરનારા 4 આરોપીઓ સાયબર ક્રાઇમ પોલીસના હાથે ઝડપાયા

જામનગર

જામનગર જિલ્લા જેલમાં ગેરકાયદેસર રીતે મોબાઈલ ફોન રાખી તેનો ઉપયોગ કરી ગુનાહિત પ્રવૃત્તિ આચરતા ચાર આરોપીઓને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, જામનગર દ્વારા સફળ ટેક્નિકલ તપાસના આધારે ઝડપી પાડવામાં આવ્યા છે.

નાયબ પોલીસ મહાનિરીક્ષક, રાજકોટ વિભાગના નિર્લિપ્ત રાય તથા જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ.રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ તેમજ જામનગર શહેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક જે.એન.ઝાલાના સુપરવિઝનમાં જેલમાં ગેરકાયદેસર મોબાઈલ ફોનના ઉપયોગને અટકાવવા માટે વિશેષ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જામનગર જિલ્લા જેલમાં જડતી દરમિયાન એક બિનવારસી મોબાઈલ ફોન મળી આવતા આ અંગે જામનગર સીટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ 223, 316 (2), 61(2) તેમજ પ્રિઝન એક્ટની કલમ 42, 43 અને 45(12) મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. ગુનાની તપાસ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આઈ.એ.ઘાસુરાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચ.કે.ઝાલા તથા તેમની ટીમે આધુનિક ટેક્નિકલ એનાલિસિસ અને ઈલેક્ટ્રોનિક પુરાવાના આધારે મોબાઈલ ફોનનો ઉપયોગ કરનાર આરોપીઓની ઓળખ કરી હતી.

ત્યારબાદ જિલ્લા જેલમાંથી આરોપીઓનો કબ્જો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઉપરાંત આ ગુનામાં સંડોવાયેલા અન્ય આરોપીઓ અંગે પણ વધુ તપાસ ચાલુ છે.

### હિંમતનગરમાં કોંગ્રેસનું ભગવા ઝંડા સાથે વિરોધ પ્રદર્શન

## રામમંદિરના દાન ચોરી મુદ્દે સર્કિટ હાઉસથી પદયાત્રા : તુષાર ચૌધરી સહિત કોંગી કાર્યકરોએ જય શ્રીરામના નારા લગાવ્યા

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસની વિસ્તૃત કારોબારીની બેઠક યોજી હતી. ત્યારબાદ કોંગ્રેસ પક્ષ દ્વારા જન આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ દરમિયાન કોંગી કાર્યકરોએ હાથમાં ભગવો ઝંડો ધારણ કરી અને જય શ્રીરામના નારા લગાવીને અનોખો વિરોધ પ્રદર્શન યોજ્યું હતું. વિપક્ષ નેતા તુષાર ચૌધરીની હાજરીમાં આ આયોજન કરાયું હતું. સર્કિટ હાઉસથી એક પદયાત્રા કાઢવામાં આવી હતી.

કારોબારી બેઠક પૂર્ણ થયા બાદ, મંદિરમાં દાનની ચોરી અને ભ્રષ્ટાચાર કરનારાઓ સામે આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો. વિપક્ષ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી તુષાર ચૌધરીની આગેવાનીમાં સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સર્કિટ હાઉસથી એક પદયાત્રા કાઢવામાં આવી હતી. આ પદયાત્રામાં કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનો ભગવા ઝંડા સાથે જોડાયા હતા અને જય શ્રીરામના નારા લગાવી ભ્રષ્ટાચાર સામે ઉગ્ર







વિરોધ પ્રદર્શન કર્યું હતું. મંગળવારે હિંમતનગર સર્કિટ હાઉસ ખાતે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસની વિસ્તૃત કારોબારી બેઠક વિપક્ષ નેતા તુષાર ચૌધરીની અધ્યક્ષતામાં અને જિલ્લા પ્રમુખ રામ સોલંકીની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ બેઠકમાં આગામી દિવસોમાં પક્ષનું સંગઠન મજબૂત કરવા અને બૂથ લેવલ સુધીની કામગીરી સુદ્રઢ કરવા અંગે ચર્ચા થઈ હતી. આ ઉપરાંત ઈડર ખાતે છાત્ર ગુંજ સહિતના વિવિધ આગામી કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

## ઝાલોદમાં પરિણીતાએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

### જૈન મંદિર નજીક કુંભારવાડામાં ભાડાના મકાનમાં ઘટના, પોલીસે તપાસ શરૂ કરી

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ શહેરના જૈન મંદિર નજીક આવેલા કુંભારવાડા વિસ્તારમાં એક પરિણીતાએ પોતાના નિવાસસ્થાને ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યાની ઘટના સામે આવતા વિસ્તારમાં શોકનું વાતાવરણ છવાઈ ગયું છે.

મળતી માહિતી મુજબ, મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના ઉમરાલી ગામના રહેવાસી રાહુલ શંકરલાલ પ્રજાપતિ છેલ્લા આશરે છ મહિનાથી ઝાલોદના કુંભારવાડા વિસ્તારમાં રાજુભાઈ ચુનીલાલ પ્રજાપતિના ભાડાના મકાનમાં પોતાની પત્ની સજનાબેન અને માતા સાથે રહેતા હતા. તેઓ ઝાલોદ શહેરમાં શાકભાજીનો વ્યવસાય કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. પ્રાથમિક માહિતી અનુસાર, રાહુલભાઈ બપોરે અંદાજે 2 વાગ્યાના સમયે ઘરે આવી પોતાની પત્નીને મળીને ફરી બહાર ગયા હતા. ત્યારબાદ સાંજે અંદાજે 4 વાગ્યે તેમની માતા ઘરે પરત ફર્યા હતા. ઘરનું મુખ્ય બારણું અંદરથી બંધ હતું. અનેકવાર બારણું ખખડાવવા છતાં અંદરથી કોઈ પ્રતિસાદ ન મળતા તેમણે લોખંડની બારી પર લાગેલી મચ્છરજાળી હટાવી અંદર નજર કરતાં પુત્રવધૂ સજનાબેન ધાબા પરના હુક સાથે દોરી વડે લટકતી હાલતમાં દેખાઈ આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં આસપાસના લોકો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા અને તરત જ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.

લખનઉના યુવકનું કારસ્તાન

# નકલી CIA એજન્ટ બનીને ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિને સાથે કરી અબજોની ડિફેન્સ ડીલ!

લખનઉ

એક આંતરરાષ્ટ્રીય જાસૂસ દ્વારા અબજો ડોલરના સંરક્ષણ સોદા (Defense Deals) પાર પાડવાની વાત કોઈ હોલીવુડ ફિલ્મની સ્ક્રિપ્ટ જેવી લાગે છે. જોકે, એવું પણ નથી કે આવું હકીકતમાં કદી બનતું નથી. વાસ્તવિક જીવનમાં પણ આવી સનસનાટીભરી ઘટનાઓ બનતી હોય છે. તાજેતરમાં બનેલી એક ઘટના આનું ઉદાહરણ છે. ભારતીય મૂળના એક ઉદ્યોગપતિએ અમેરિકાની ગુપ્તચર સંસ્થા 'CIA' ના એજન્ટ હોવાનું એવું આબાદ નાટક કર્યું કે, ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પણ તેની જાળમાં ફસાઈ ગયા. અબજો ડોલરના હથિયારોના સોદા મેળવવા માટે રચાયેલા આ આખા માયાવી નેટવર્કનો હવે પર્દાફાશ થયો છે. મૂળ ઉત્તર પ્રદેશના લખનૌનો રહેવાસી એવો ગૌરવ શ્રીવાસ્તવ લાંબા સમયથી અમેરિકામાં સ્થાયી થયેલો છે. આંતરરાષ્ટ્રીય મીડિયા સંસ્થા 'ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એન્ડ કરપ્શન રિપોર્ટિંગ પ્રોજેક્ટ' (OCCRP) અને ઈન્ડોનેશિયન મીડિયાના અહેવાલો મુજબ, ગૌરવ શ્રીવાસ્તવે CIA ના એજન્ટ હોવાનો ઢોંગ કરીને બહુ મોટી છેતરપિંડી કરી છે. ઈન્ડોનેશિયાના વર્તમાન રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો વર્ષ 2022 માં દેશના સંરક્ષણ પ્રધાન હતા. તે સમયે ગૌરવે પોતાનો પરિચય CIA એજન્ટ તરીકે આપીને તેમની સાથે નજીકના સંબંધો કેળવ્યા હતા. વોશિંગ્ટનની હાઈ-પ્રોફાઈલ થિંક ટેન્ક 'Atlantic Council'માં ગૌરવે પ્રબોવોને મુખ્ય વક્તા તરીકે આમંત્રિત કર્યા હતા. આનાથી જ પ્રબોવોને વિશ્વાસ બેઠો હતો કે ગૌરવ ખરેખર યુએસ સરકારમાં મોટી વગ ધરાવે છે. પ્રબોવો તેને પ્રેમથી Mr. G (મિસ્ટર જી) તરીકે બોલાવતા હતા.

ગૌરવના બિઝનેસ પાર્ટનર અને ડચ તેલ વેપારી નીલ્સ ટ્રુસ્ટે ગૌરવ પર અમેરિકાની કોર્ટમાં કેસ કર્યો છે. નીલ્સના જણાવ્યા મુજબ, 2022 માં તેઓ ગૌરવ સાથે પ્રબોવોના ઘરે ગયા હતા, ત્યારે ગૌરવે રસ્તામાં એવો દાવો કર્યો હતો કે તેણે 2002 ના બાલી બોમ્બ બ્લાસ્ટના ગુનેગારોને પકડવામાં મદદ કરી હતી અને પ્રબોવોનું નામ યુએસ ઈમિગ્રેશન બ્લેકલિસ્ટમાંથી હટાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી. (લશ્કરી કારકિર્દી દરમિયાન માનવાધિકાર ઉલ્લંઘન સાથે જોડાયેલા આરોપો માટે પ્રબોવો લગભગ બે દાયકા સુધી આ યાદીમાં હતા.) નીલ્સના જણાવ્યા મુજબ ગૌરવ પ્રબોવોની ઘરગથ્થુ આદતોથી પણ વાકેફ હતો, જેના કારણે લોકો તેના પર સરળતાથી વિશ્વાસ કરી લેતા હતા.



યોગી આદિત્યનાથના સપા-કોંગ્રેસ પર પ્રહાર

# રામ મંદિર પર બોલનારા વકફ જમીન કૌભાંડ પર કેમ ચૂપ છે?

વિપક્ષી પાર્ટીઓ પર આકરા કટાક્ષ કરતાં યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે, "સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસના રાજકીય યુ-ટર્ન જોઈને તો કાચિંડા પણ શરમાઈ જાય

નવી દિલ્હી

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મંગળવારે(7 July, 2026) પ્રતાપગઢમાં એક જનસભાને સંબોધતા સમાજવાદી પાર્ટી(SP) અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. મુખ્યમંત્રીએ અયોધ્યા રામ મંદિરના દાનની ચોરીના કેસનો ઉલ્લેખ કરીને વિપક્ષ પર બેવડા ધોરણો અપનાવવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે અયોધ્યાની એક ઘટનાને લઈને હિન્દુ આસ્થા પર હુમલો કરતો વિપક્ષ વકફ બોર્ડની જમીનોના મુદ્દે કેમ મૌન છે?

વિપક્ષી પાર્ટીઓ પર આકરા કટાક્ષ કરતાં યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે, 'સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસના રાજકીય યુ-ટર્ન જોઈને તો કાચિંડા પણ શરમાઈ જાય. આજે અયોધ્યા વૈશ્વિક સ્તરે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે અને દેશ-વિદેશમાંથી લાખો લોકો ત્યાં આવી રહ્યા છે. જેનું વિપક્ષને ભારે દુઃખ થઈ રહ્યું છે. આ લોકો માત્ર એક ઘટનાને પકડીને તેને એટલી ચગાવી રહ્યા છે. જેથી હિન્દુઓનું અપમાન કરી શકાય અને તેમની આસ્થાને ઠેસ પહોંચાડી શકાય.'

યોગીએ વિપક્ષને સવાલ કર્યો કે, 'હું સપા અને કોંગ્રેસને પૂછવા માંગુ છું કે અયોધ્યામાં થયેલી ચોરી પર તમે હિન્દુ આસ્થા સાથે રમત રમી રહ્યા છો, પરંતુ વકફના નામે વેચાયેલી હજારો હેક્ટર જમીન પર તમે ક્યારેય એક પણ શબ્દ બોલ્યા છો? 'સીએમ યોગીએ દાવો કર્યો કે જે જમીન ગરીબો અને નબળા વર્ગના લોકોને ફાળવી શકાતી હતી, તેને કેટલાક ચોક્કસ લોકો દ્વારા વકફના નામે કબજે કરીને વેચી દેવામાં આવી. છતાં કોંગ્રેસ કે સપા આ મુદ્દે મોઢા પર તાળા લગાવીને બેઠા છે. રામ મંદિર કેસમાં ત્વરિત એક્શન: રામ જન્મભૂમિ ટ્રસ્ટે પોતે આ મામલે SIT તપાસની માંગ કરી હતી. SIT તપાસના આધારે તાત્કાલિક FIR નોંધીને પુરાવા મળતા જ દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે.

ચૂંટણી નજીક આવતા વિપક્ષ દ્વારા જ્ઞાતિવાદ અને ધાર્મિક ભાગલા પાડવાની રાજનીતિ શરૂ કરાઈ હોવાનો આરોપ લગાવતા યોગીએ ભૂતકાળની યાદ અપાવી હતી.

# મહારાષ્ટ્રમાં 'કેબ સેવા'ના નિયમોમાં ફેરફાર, બાઈક-ટેક્સી નહીં ચલાવી શકે બહારના લોકો, મરાઠી પણ ફરજિયાત...!

મુંબઈ

મહારાષ્ટ્રમાં સરકારે બાઈક-ટેક્સી સેવાઓના સંચાલનને લઈને એક મોટો નિર્ણય લીધો છે. રેપિડો, ઓલા, ઉબેર કે અન્ય એગ્રીગેટર્સની બાઈક-ટેક્સી સેવાઓ માટે હવે ડોમિસાઈલ એટલે કે સ્થાનિક નિવાસી પ્રમાણપત્ર (Domicile Certificate) ફરજિયાત રહેશે. તેનો અર્થ એ કે જેઓ મહારાષ્ટ્રના મૂળ નિવાસી હશે, તેઓ જ બાઈક-ટેક્સી ચલાવી શકશે. આ સાથે જ તેમને મરાઠી ભાષા આવડવી પણ ફરજિયાત છે. પરિવહન મંત્રી પ્રતાપ સરનાઈકે વિધાનસભામાં આ અંગેની માહિતી આપી. પ્રશ્નકાળ દરમિયાન શિવસેનાના ધારાસભ્ય દિલીપ લાંડે દ્વારા પૂછવામાં આવેલા સવાલના જવાબમાં તેમણે આ જાહેરાત કરી હતી.

મહારાષ્ટ્રમાં હાલ 3.5 લાખથી વધુ બાઈક-ટેક્સીઓ રસ્તા પર દોડી રહી છે. જોકે, તેના માટે કોઈ કડક નિયમો નક્કી ન હોવાના કારણે સતત સવાલો ઉઠી રહ્યા હતા. ત્યારબાદ હવે સરકારે એક મોટો નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે અનધિકૃત એપ આધારિત લાખો બાઈક-ટેક્સી સેવાઓને નિયમિત કરવાની દિશામાં આ મહત્ત્વનું પગલું ભર્યું છે. પરિવહન મંત્રી પ્રતાપ સરનાઈકે વિધાનસભામાં જણાવ્યું કે, આગામી 1 ઓગસ્ટથી એપ આધારિત બાઈક સેવાઓ માટે નવા પરમિટ જારી કરવામાં આવશે.

પરિવહન મંત્રીએ આગળ જણાવ્યું કે, બાઈક-ટેક્સી ઓપરેટર્સે સરકારને દરરોજ 5 રૂપિયા ફી ચૂકવવી પડશે. આ ફી દ્વારા થનારી આવકના 2% વેલફેર ફંડ એટલે કે કલ્યાણ કોષમાં જમા કરવામાં આવશે અને આ રકમનો ઉપયોગ જનકલ્યાણના કાર્યો માટે કરવામાં આવશે. બાઈક-ટેક્સી મુદ્દે આજે 7 જુલાઈ, મંગળવારના રોજ વિધાનસભામાં સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. શિવસેનાના ધારાસભ્ય દિલીપ લાંડેએ કહ્યું કે, ગેરકાયદેસર બાઈક-ટેક્સી ઓપરેટર્સના કારણે ઓટો અને ટેક્સી ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. બીજી તરફ, ઉદ્ધવ ઠાકરે જૂથના ધારાસભ્ય સુનીલ પ્રભુએ પણ અનેક બાઈક-ટેક્સી ચાલકો દારૂના નશામાં વાહન ચલાવતા હોવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

# હરિદ્વારના પ્રસિદ્ધ મંદિરમાં નવા નિયમો જાહેર : પુજારીઓ માટે વિશેષ યુનિફોર્મ, રિસાયકલ પ્રસાદ પરંપરા બંધ...

નવી દિલ્હી

ઉત્તરાખંડના હરિદ્વારમાં આવેલા વિશ્વપ્રસિદ્ધ મા મનસા દેવી મંદિર ટ્રસ્ટ દ્વારા ચઢાવાની વ્યવસ્થાને સંપૂર્ણ પારદર્શક બનાવવા માટે એક મોટો અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. મંદિરમાં ફરજ બજાવતા તમામ પુજારીઓ હવે ફરજ દરમિયાન ખિસ્સા વગરના (Pocketless) ખાસ કુર્તા પહેરીને જ સેવા આપશે, જેથી કોઈ પણ પુજારી ચઢાવાના પૈસા પોતાના ખિસ્સામાં ન મૂકી શકે. રામ મંદિરમાં ચઢાવાને લઈને સામે આવેલા વિવાદો બાદ મનસા દેવી મંદિર પ્રશાસને આ મોટું પગલું ભર્યું છે. ખાસ યુનિફોર્મ: આગામી 2 થી 3 દિવસમાં તમામ પુજારીઓ માટે ખિસ્સા વગરનો ખાસ યુનિફોર્મ તૈયાર કરવામાં આવશે, જે ફરજ દરમિયાન પહેરવો ફરજિયાત રહેશે. 7 સદસ્ય સમિતિની રચના: મંદિરમાં



આવતા ચઢાવા, સાફ-સફાઈ અને અન્ય વ્યવસ્થાઓ પર નજર રાખવા માટે 7 સભ્યોની એક વિશેષ સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિના સભ્યોને શપથ પણ લેવડાવવામાં આવ્યા છે. FIR ની જોગવાઈ: જો કોઈ પણ પુજારી કે કર્મચારી ચઢાવાની રકમમાં ગેરરીતિ કરતા પકડાશે, તો તેની સામે તાત્કાલિક કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે, અને જરૂર પડ્યે FIR પણ નોંધાવાશે. સમગ્ર વ્યવસ્થા પર CCTV કેમેરા દ્વારા પણ નજર રખાશે. પ્રસાદનું રિસાયકલિંગ બંધ: મંદિરમાં એકવાર ચઢાવવામાં આવેલ નાળિયેર, ફૂલ કે અન્ય કોઈ પણ પ્રસાદ બીજીવાર ચઢાવી શકાશે નહીં. પ્રસાદના રિસાયકલિંગની પરંપરા પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. મા મનસા દેવી મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી મહંત ડૉ. રવીન્દ્ર પુરી મહારાજે સોમવારે આ નિર્ણયોની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'હાલના સમયમાં દેશના મોટા સનાતન મંદિરો અને મઠોને સોશિયલ મીડિયા પર ભ્રામક વીડિયો મૂકીને બદનામ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આથી મંદિરો વિવાદોથી દૂર રહે, અને શ્રદ્ધાળુઓનો વિશ્વાસ અતૂટ રહે, તે માટે આ કડક મોનિટરિંગ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે.'

# રામ મંદિર દાન ચોરી બાદ બદ્રીનાથ મંદિરમાં મોટી કાર્યવાહી, કમિટી અધ્યક્ષના પર્સનલ સેક્રેટરી સસ્પેન્ડ

## મંદિર સમિતિએ આ પુરાવાઓના આધારે આરોપી સેક્રેટરીને 'કારણ બતાવો નોટિસ' ફટકારી

નવી દિલ્હી

અયોધ્યા રામ મંદિરમાં દાનને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે હવે ઉત્તરાખંડના પ્રખ્યાત બદ્રીનાથ ધામમાં પણ ચઢાવાના સંચાલન પર સવાલો ઉઠ્યા છે. સોશિયલ મીડિયા પર ગેરરીતિના આરોપો વાઈરલ થયા બાદ બદ્રી-કેદારનાથ મંદિર સમિતિ (BKTC)એ મોટું એક્શન લીધું છે. CCTV ફૂટેજના આધારે પર્સનલ સેક્રેટરી સસ્પેન્ડ મંદિર સમિતિએ મોટી કાર્યવાહી કરતા કમિટી અધ્યક્ષના પર્સનલ સેક્રેટરી અને આરોપી પ્રમોદ નૌટીયાલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા છે. 2 જુલાઈ 2026 ના રોજ



મંદિરના CCTV ફૂટેજની તપાસ કરવામાં આવી હતી. આ તપાસમાં ખુલાસો થયો કે, પ્રમોદ નૌટીયાલે દાનની થાળી ગણવાના સ્થળે સામાન્ય ગણતરી સિવાય કેટલીક વસ્તુઓ પોતાના મોબાઈલ સાથે ગુપ્ત રીતે પોતાની પાસે રાખી લીધી હતી. આ સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ છે. મંદિર સમિતિએ આ પુરાવાઓના આધારે આરોપી સેક્રેટરીને 'કારણ બતાવો નોટિસ' ફટકારી છે અને 48 કલાકમાં લેખિત જવાબ માંગ્યો છે કે, તેણે પોતાની પાસે શું રાખ્યું હતું. સમિતિના જણાવ્યા મુજબ, આ કૃત્ય દાન ગણતરીના નિયમોની બિલકુલ વિરુદ્ધ છે. જો તેઓ સફાઈ નહીં આપે તો તેમની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. BKTCના મુખ્ય કાર્યપાલક અધિકારી (CEO) સોહન સિંહ રાંગડે જણાવ્યું કે, નિષ્પક્ષ તપાસ માટે 4 સભ્યોની તપાસ પેનલ બનાવવામાં આવી છે. આ સમિતિને 7 દિવસની અંદર પોતાનો રિપોર્ટ સોંપવા આદેશ કરાયો છે. શરૂઆતમાં વિડિયો સ્પષ્ટ નહોતો, પરંતુ મામલાની ગંભીરતા જોઈને સમિતિના અધ્યક્ષ હેમંત દ્વિવેદીને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. BKTC અધ્યક્ષ હેમંત દ્વિવેદીએ સ્પષ્ટ કર્યું છે કે, જે કર્મચારીને પર્સનલ સેક્રેટરી કહેવામાં આવી રહ્યા છે, તે વાસ્તવમાં મંદિર સમિતિના નિયમિત સરકારી કર્મચારી છે. જો તપાસમાં ગેરરીતિ સાબિત થશે, તો દોષિત સામે શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ અધિનિયમ, 1939 અંતર્ગત કડક કાયદાકીય અને વિભાગીય કાર્યવાહી કરવામાં આવશે.

# પયગંબર અંગે વિવાદિત નિવેદન મુદ્દે પોલીસ પાસે જવા સુપ્રીમની સલાહ

નવી દિલ્હી

મોહમ્મદ પયગંબર અંગે વાંધાજનક ટિપ્પણી બદલ નાઝિયા ખાન સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી છે. જેની તાત્કાલીક સુનાવણી કરવાની સુપ્રીમ કોર્ટે ના પાડી હતી સાથે જ એવી સલાહ આપી હતી કે સિસ્ટમ પર ભરોસો રાખો પોલીસ પાસે જવા પણ કહ્યું હતું. નાઝિયા ખાને જૂન મહિનામાં એક પોડકાસ્ટમાં પયગંબર અને તેમના પરિવાર અંગે વાંધાજનક ટિપ્પણી કરી હતી જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ ઘટના મુદ્દે નાઝિયા ખાન સામે અનેક પોલીસ સ્ટેશનોમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જ્યારે મુસ્લિમો દ્વારા રેલીઓ પણ કરવામાં આવી હતી. હવે આ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં એક મુસ્લિમ દ્વારા અરજી કરવામાં આવી છે. જોકે પોલીસ પાસે જવાના બદલે સીધા સુપ્રીમ કોર્ટમાં જ અરજી કરવાને કારણે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ અહસાનુદ્દીન અમાનુલ્લાહે અરજદારને સવાલ કર્યો હતો કે શું તમે પોલીસ સમક્ષ કોઈ ફરિયાદ કરી છે?

# 'મારા પર ખોટા આક્ષેપો, સત્ય બહાર લાવીશ' : રામ મંદિર દાન ચોરી મામલે ચંપત રાયનું મોટું નિવેદન

નવી દિલ્હી

અયોધ્યા રામ મંદિર ચઢાવા ચોરી વિવાદમાં શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી (મહામંત્રી) પદેથી રાજીનામું આપ્યા બાદ ચંપત રાયે પહેલીવાર મૌન તોડ્યું છે. તેમણે રામભક્તોના નામે એક પત્ર જાહેર કરીને પોતાના પર લાગેલા તમામ આરોપોને ખોટા ગણાવ્યા છે. ચંપત રાયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર રામચરિતમાનસની ચૌપાઈ સાથે આ પત્ર શેર કર્યો છે. ચંપત રાયે પત્રમાં લખ્યું છે કે, 'ગત 7 જૂન 2026 થી શ્રીરામ જન્મભૂમિ મંદિર પરિસરના દાનપાત્રની ગણતરી વખતે થયેલી કથિત ચોરીને લઈને અલગ-અલગ ચર્ચાઓ ચાલી રહી છે. વ્યક્તિગત રીતે મારા પર પણ અનેક ખોટા આરોપો લગાવવામાં આવ્યા છે, તેથી મેં અત્યારે મૌન ધારણ કરી લીધું છે.' તેમણે આગળ જણાવ્યું કે, 6 જુલાઈએ મળેલી ટ્રસ્ટની બેઠકમાં SITનો પ્રારંભિક રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો, જે હવે સાર્વજનિક થઈ ગયો છે. આ રિપોર્ટ પહેલા અતિ



ગોપનીય હતો. તેમણે ભક્તોને ભરોસો આપતા લખ્યું કે, 'હું આપ સૌને ખાતરી આપું છું કે SITનો અંતિમ રિપોર્ટ આવ્યા પછી ફેલાવવામાં આવી રહેલી તમામ વાતો પર ક્રમબદ્ધ રીતે મારો જવાબ આપીશ અને આખું સત્ય સામે આવી જશે.' પોતાના લાંબા જાહેર જીવનનો ઉલ્લેખ કરતા ચંપત રાયે કહ્યું કે, 'મને સંગઠને વર્ષ 1991 માં અયોધ્યા મોકલ્યો હતો. હું છેલ્લા 45 વર્ષથી પ્રચારક છું. હું જ્યાં પણ રહ્યો છું, મારું જીવન એક ખુલ્લી કિતાબ જેવું રહ્યું છે.' દાન ચોરી વિવાદ વચ્ચે ટ્રસ્ટે ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાનું રાજીનામું સ્વીકારી લીધું છે. હવે ચંપત રાયની જગ્યાએ કૃષ્ણ મોહનને રામ મંદિર ટ્રસ્ટના અંતરિમ જનરલ સેક્રેટરી બનાવવામાં આવ્યા છે.

# આખેઆખું પીગળી ગયું અમરનાથ ગુફાનું શિવલિંગ : યાત્રાને હજુ 5 દિવસ જ થયા હતા

યાત્રાના પહેલા ચાર દિવસમાં લગભગ 86 હજાર શ્રદ્ધાળુઓએ પવિત્ર ગુફામાં દર્શન કર્યા, અધિકારીઓના મતે, મંગળવારે પાંચમા દિવસે આ સંખ્યા 1 લાખને પાર પહોંચવાની આશા છે



નવી દિલ્હી

અમરનાથ ગુફામાં કુદરતી બરફનું શિવલિંગ લગભગ સંપૂર્ણપણે પીગળી ગયું છે. હજુ યાત્રાના પાંચ દિવસ જ વીત્યા છે. 57 દિવસ ચાલનારી યાત્રા 3 જુલાઈથી શરૂ થઈ હતી. યાત્રાના પહેલા ચાર દિવસમાં લગભગ 86 હજાર શ્રદ્ધાળુઓએ પવિત્ર ગુફામાં દર્શન કર્યા. અધિકારીઓના મતે, મંગળવારે પાંચમા દિવસે આ સંખ્યા 1 લાખને પાર પહોંચવાની આશા છે. યાત્રા માટે આ વર્ષે 4 લાખ શ્રદ્ધાળુઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. એટલે કે હજુ 3 લાખથી વધુ શ્રદ્ધાળુઓના દર્શન કરવા બાકી છે. 23 મેના રોજ BSFના જવાનોએ જે તસવીર જાહેર કરી હતી, તેમાં શિવલિંગનું કદ લગભગ 7 ફૂટ હતું. 29 જૂને પ્રથમ પૂજાના દિવસે પણ હિમલિંગની ઊંચાઈ 5 ફૂટથી વધુ હતી. 6 જુલાઈએ સામે આવેલી તસવીરમાં હિમલિંગ લગભગ 90% ગાયબ થઈ ચૂક્યું છે. 48 કિમી લાંબા નૂનવાન-પહેલગામ રૂટ અને 14 કિમીના નાના પણ મુશ્કેલ બાલતાલ રૂટ પરથી સતત યાત્રીઓ દર્શન માટે પહોંચી રહ્યા છે. યાત્રા 28 ઓગસ્ટે રક્ષાબંધનના દિવસે પૂરી થશે. અમરનાથનું હિમ શિવલિંગ કોઈ બરફના બ્લોકને કોતરીને બનાવવામાં આવતું નથી, પરંતુ તે કુદરતી આઈસ સ્ટેલેગ્માઈટ છે. જેમ ચૂનાના પથ્થરની ગુફાઓમાં જમીનમાંથી ખનિજ જમા થઈને સ્ટેલેગ્માઈટ બને છે, તેવી જ રીતે અમરનાથ ગુફામાં છત પરથી ટપકતું પાણી જામીને બરફનું શિવલિંગ બનાવે છે. તેનો આકાર દર વર્ષે હવામાન, તાપમાન અને પાણીની ઉપલબ્ધતા અનુસાર અલગ-અલગ હોય છે.

# આલીશાન વિલા, સોનું, ચાંદી... DSP પાસે 300 કરોડની બેનામી પ્રોપર્ટી! ચારધામ યાત્રા પહેલા ડાયરીમાં લખ્યા હતા પાપના હિસાબ

■ ACBએ તેમના 16 સ્થળો પર દરોડા પાડી ₹3.60 લાખ રોકડા, 2 કિલો સોનું, 20 કિલો ચાંદી અને કરોડોની જમીન-ફ્લેટ જપ્ત કર્યા

નવી દિલ્હી

તેલંગાણાના એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા ભ્રષ્ટાચાર વિરુદ્ધ એક ખૂબ જ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. હૈદરાબાદના પોલીસ કોમ્પ્યુટર સર્વિસીસમાં ફરજ બજાવતા ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ સંકીરેડ્ડી ભીમ રેડ્ડીની અપ્રમાણસર મિલકતના કેસમાં સોમવારે સાંજે ધરપકડ કરવામાં આવી છે. ACBના અધિકારીઓએ તેમનાથી જોડાયેલા સંખ્યાબંધ સ્થળો પર દરોડા પાડ્યા બાદ આ પગલું ભર્યું છે. ભીમ રેડ્ડીને ઈબ્રાહિમબાગ સ્થિત વેસેલા મેડોઝમાં આવેલા તેમના નિવાસસ્થાનેથી રાત્રે આશરે 7:40 વાગ્યે ઝડપી લેવામાં આવ્યા હતા અને હવે તેમને વિશેષ




ACB કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવશે. ACBના રિપોર્ટ મુજબ, આ પોલીસ અધિકારીએ નોકરી દરમિયાન ગેરકાયદેસર અને શંકાસ્પદ રસ્તાઓ અપનાવીને પોતાની કાયદેસરની આવક કરતાં કરોડો રૂપિયાની વધુ સંપત્તિ ભેગી કરી લીધી હતી. આ કાળા કમાણીના નેટવર્કને તોડવા માટે એજન્સીએ એક્શન પ્લાન બનાવ્યો અને જુલાઈ 2ના રોજ તેલંગાણા તેમજ કર્ણાટકમાં DSPના સગા-સંબંધીઓ, મિત્રો અને કથિત બેનામીદારોના 16 સ્થળો પર એકસાથે દરોડા પાડ્યા હતા. આ સર્ચ ઓપરેશન દરમિયાન મજબૂત પુરાવાઓ હાથ લાગ્યા બાદ, આખરે 6 જુલાઈના રોજ મોડી સાંજે તેમની ઓફિશિયલ ધરપકડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા કારણ કે આરોપી અધિકારી અને તેના સાથીદારો પાસેથી જમીન, બંગલા, ફ્લેટ અને સોના-ચાંદીનો મોટો ખજાનો મળી આવ્યો છે. સર્ચ દરમિયાન નીચે મુજબની મિલકતો સામે આવી છે: ભૌતિક મિલકતો ઉપરાંત, ACBએ દરોડા દરમિયાન અઢળક રોકડ અને ઝવેરાત પણ જપ્ત કર્યા છે.

## તંત્રી લેખ...

# રસ્તા ધોવાઈ જાય અને જનધનથી બાંધેલા મોંઘેરા પુલો તૂટી જાય છે

આ એપ્રિલમાં વડાપ્રધાન દ્વારા ઉદઘાટન કરાયેલો દિલ્હી-દહેરાદૂન ઈકોનોમિક કોરિડોર પરનો રસ્તો આ પહેલા વરસાદમાં જ ધરાશાયી થઈ ગયો, તેનાથી વધુ શરમજનક કંઈ હોઈ શકે નહીં. રસ્તો એટલો ખરાબ રીતે ધોવાઈ ગયો કે અનેક વાહનોને નુકસાન થયું. સદનસીબે, કોઈનું મોત થયું ન હતું, પરંતુ પ્રશ્ન અનિવાર્યપણે ઊભો થાય છે કે નવો બનેલો રસ્તો ફક્ત અઢી મહિનામાં પહેલા વરસાદમાં કેમ ટકી શક્યો નહીં ? આ પ્રશ્નનો એકમાત્ર સંભવિત જવાબ એ છે કે કાં તો રસ્તાના નિર્માણમાં ગુણવત્તાની અવગણના કરવામાં આવી હતી




અથવા પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવામાં આવી ન હતી. કારણ ગમે તે હોય, આવી ઘટનાઓ રસ્તાના નિર્માણમાં ગુણવત્તાની અવગણના વિશે ઘણું બધું કહે છે. આ પહેલીવાર નથી જ્યારે નવો બનેલો રસ્તો લુપ્ત:પ્રાય થયો હોયત આવી ઘટનાઓ વારંવાર બનતી હોય છે. ક્યારેક નવો બનેલો રસ્તો ધરાશાયી થાય છે, ક્યારેક નવો બનેલો પુલ નુકસાન પામે છે. કેટલાક કિસ્સાઓમાં તો તેના ઉદઘાટન પહેલાં જ પુલ ધરાશાયી થઈ ગયો છે. સમસ્યા રસ્તાઓ અને પુલોના નિર્માણમાં ગુણવત્તાના અભાવ સુધી મર્યાદિત નથી. બીજી સમસ્યા એ છે કે તેમની ડિઝાઈનમાં ઘણીવાર અસંખ્ય ખામીઓ હોય છે, જે અકસ્માતો તરફ દોરી જાય છે. એ વાત સાચી છે કે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ દિલ્હી-દહેરાદૂન ઈકોનોમિક કોરિડોર રોડ તૂટી પડવાની ઘટનાને ગંભીરતાથી લીધી છે, પ્રોજેક્ટ મેનેજર અને ટીમ લીડરને સસ્પેન્ડ કર્યા છે અને કોરિડોરનું સંચાલન કરતી કંપનીને કારણદર્શક નોટિસ ફટકારી છે. જોકે, જો આ મામલે કડક પગલાં લેવામાં નહીં આવે, તો આવી શરમજનક ઘટનાઓ બનતી રહેશે. જો કે સસ્પેન્શન અથવા્ ટ્રાન્સફર એ કડક પગલાં નથી. એમને ફોઝદારી ગુન્હાની કલમો લગાડી જેલભેગા કરવા જોઈએ. આ વાત વિવિધ રાજ્યોની ઉચ્ચ અદાલતો અગાઉ કહી ચૂકી છે, પરંતુ કાયદો ઘડવાનું કામ વિધાનસભા અને સંસદનું છે. આજકાલ તેઓ પોતાની સત્તા ટકે એવા જ કાયદાઓ ઘડે છે અને લોકહિત અભરાઈએ ચડાવે છે. કોકરોચ વિચારધારા એવા રાજનેતાઓ સામેનો બળવો છે. ગુજરાતની વિધાનસભામાં તો જીભ કપાયેલા ધારાસભ્યોનો સમૂહ છે. એમને પ્રશ્ન પણ પક્ષ લખી આપે છે. એની બહાર તેઓ કંઈ પૂછી શકતા નથી. એમની જીભ કપાયેલી છે. મોટાભાગના કિસ્સાઓમાં, સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓને થોડા સમય પછી પુનઃસ્થાપિત કરવામાં આવે છે અથવા ટ્રાન્સફર કરવામાં આવે છે. એ પણ કોઈ રહસ્ય નથી કે જો નબળા બાંધકામ માટે જવાબદાર કંપનીઓને બ્લેકલિસ્ટ કરવામાં આવે છે, તો પણ તેઓ ઘણીવાર યાદીમાંથી બહાર નીકળી જાય છે અથવા નવા નામ સાથે ફરીથી ઉભરી આવે છે. જો રસ્તાઓ, પુલો અને અન્ય માળખાગત બાંધકામની ગુણવત્તામાં બેદરકારીનું વલણ બંધ કરવું હોય, તો સંબંધિત અધિકારીઓને કડક સજા ભોગવવી પડે.

ટેક્નોલોજીના ઉપયોગથી ઈમારતો, પુલ, રસ્તાઓ વગેરેના નિર્માણમાં ઝડપ આવી છે અને સંરચના સુંદર બનવા લાગી છે, પરંતુ તેની મજબૂતાઈ અને ટકાઉપણા અંગે અંગે વારંવાર પ્રશ્નો ઊભા થાય છે. હવે લોકો પુલ પરથી પસાર થતી વખતે મનોવૈજ્ઞાનિક રીતે ગભરાય છે અને જો વૈકલ્પિક રસ્તો હોય તો એને પસંદ કરે છે. હવે વરસાદની મોસમમાં પુલ, રસ્તાઓ અને નવી બનેલી ઈમારતો ડૂબી જવાના અને તૂટી પડવાના સમાચાર વિના ભાગ્યે જ કોઈ વર્ષ પસાર થાય છે. અગાઉ દિલ્હીના ઈન્દિરા ગાંધી એરપોર્ટના ટર્મિનલ-એક દુર્ઘટના બની હતી, જ્યાં ગાડીઓના પાર્કિંગ વિસ્તારની છત તૂટી પડી હતી, જેમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું, અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા અને અનેક વાહનોને નુકસાન થયું હતું. વરસાદના કારણે છત બેસી ગઈ.

દિલ્હી એરપોર્ટ પર બનેલી ઘટનાના પહેલા મધ્યપ્રદેશના જબલપુરમાં એર ટર્મિનલની નવી ઈમારતની છતનો એક ભાગ વરસાદને કારણે એક ગાડી પર પડી ગયો હતો. બિહારમાં વરસાદ શરૂ થતાની સાથે જ અનેક પુલ ધરાશાયી થતા હોય છે. છેલ્લા ઘણા સમયથી મધ્યપ્રદેશ, બિહારમાં પૂરમાં પુલો ધોવાઈ જવાના, રસ્તાઓ ડૂબી જવાના કે ધસી પડવાના અહેવાલો છે. અતિશય વૃષ્ટિને કારણે મુંબઈમાં જે સ્થિતિ સર્જાઈ છે તે જ સ્થિતિ દેશના અને વિશ્વના અન્ય શહેરોમાં પણ સર્જાઈ રહી છે. દુબઈ, ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દ્રષ્ટિએ ખૂબ જ અદ્યતન શહેર છે, છતાં થોડા સમય પહેલા સામાન્ય કરતાં વધુ વરસાદને કારણે પાણી ભરાઈ ગયું હતું. છેલ્લાં કેટલાક વર્ષોમાં, આપણા દેશમાં વધુ પડતા વરસાદને કારણે સારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતાં શહેરો પણ ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આબોહવા પરિવર્તનને કારણે હવામાનમાં અણધાર્યા ફેરફારો એ હવેની વાસ્તવિકતા છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ગુરુ અને ગુરુપૂર્ણિમાનું મહત્વ


અષાઢ પૂર્ણિમા એટલે કે સાધક અને શિષ્ય જે દિવસની અત્યંત આતુરતાથી રાહ જોતા હોય છે, તે ગુરુપૂર્ણિમાનો મંગલમય દિવસ ! શિષ્યના સંપૂર્ણ જીવનમાં વ્યાપેલા સર્વશક્તિમાન અને સર્વજ્ઞ ગુરુના ચરણોમાં કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે તેમજ સાધનાનું આગળનું લક્ષ્ય પ્રાપ્ત કરવાનો નિશ્ચય કરવા માટે આ દિવસ સાધક અને શિષ્યની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વનો દિવસ છે. ગુરુની કૃપાથી શિષ્યનું પરમમંગલ થાય છે, એટલે કે તેની આધ્યાત્મિક ઉન્નતિ થાય છે. ગુરુપૂર્ણિમાના શુભ દિવસે ગુરુતત્ત્વ અન્ય દિવસોની સરખામણીએ ૧ હજાર ગણું વધારે કાર્યરત હોય છે. સનાતન સંસ્થા દ્વારા સંકલિત આ લેખમાં આપણે ગુરુ અને ગુરુપૂર્ણિમાનો ઉદ્દેશ્ય, તેનું મહત્વ અને ગુરુપૂર્ણિમા ઊજવવાની પદ્ધતિ વિશે જાણીશું.

ગુરુનું મહત્ત્વ : ગુરુદેવ તે છે જે સાધના કહે છે, સાધના કરાવી લે છે અને આનંદની અનુભૂતિ કરાવે છે. ગુરુનું લક્ષ્ય શિષ્યના ભૌતિક સુખ તરફ નહીં, પરંતુ માત્ર તેની આધ્યાત્મિક ઉન્નતિ પર હોય છે. ગુરુ જ શિષ્યને સાધના માટે પ્રેરણા આપે છે, તબક્કાવાર સાધના કરાવે છે, સાધનામાં આવતા અવરોધો દૂર કરે છે, સાધનામાં સ્થિર રાખે છે અને તેને પૂર્ણતા ભણી લઈ જાય છે. ગુરુના સંકલ્પ વિના આટલું મોટું અને કઠિન શિવધનુષ્ય ઉપાડવું અશક્ય છે. આનાથી વિપરીત, ગુરુની પ્રાપ્તિ થયા પછી આ કાર્ય સહજતાથી શક્ય બને છે.

શ્રી ગુરુગીતામાં 'ગુરુ' શબ્દની ઉત્પત્તિ નીચે પ્રમાણે વર્ણન કરવામાં આવી છે :

गुकारस्त्वन्धकारश्च रुकारस्तेज उच्यते ।
अज्ञानग्रासकं ब्रह्म गुरुरेव न संशयः ॥
- શ્રી ગુરુગીતા

અર્થ : 'ગુ' એટલે અંધકાર અથવા અજ્ઞાન અને 'રુ' એટલે તેજ, પ્રકાશ અથવા જ્ઞાન. અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનારા બ્રહ્મ એટલે ગુરુ જ, એમાં કોઈ શંકા નથી. આના પરથી સાધકના જીવનમાં ગુરુનું મહત્વ અનન્ય સાધારણ હોવાનું સમજાય છે. તેથી ગુરુની પ્રાપ્તિ એ જ સાધકનું પ્રથમ લક્ષ્ય હોય છે. ગુરુની પ્રાપ્તિથી જ ઈશ્વરપ્રાપ્તિ થાય છે; અથવા એમ કહી શકાય કે ગુરુની પ્રાપ્તિ થવી એટલે જ ઈશ્વરપ્રાપ્તિ થવી. ઈશ્વરપ્રાપ્તિ એટલે મોક્ષપ્રાપ્તિ, અને મોક્ષપ્રાપ્તિ એટલે અખંડ આનંદની અવસ્થા. આ અવસ્થા સુધી ગુરુ જ આપણને પહોંચાડે છે. શિષ્યને જીવનમુક્ત કરનારા ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા




વ્યક્ત કરવા માટે ગુરુપૂર્ણિમા ઊજવવામાં આવે છે.

### ગુરુપૂર્ણિમાનો ઉદ્દેશ્ય અને મહત્ત્વ

ગુરુપૂર્ણિમાનો ઉત્સવ સર્વત્ર અષાઢ પૂર્ણિમાના દિવસે ઊજવવામાં આવે છે. ગુરુ એટલે ઈશ્વરનું સગુણ રૂપ ! સમગ્ર વર્ષ પ્રત્યેક ગુરુ પોતાના ભક્તોને અધ્યાત્મના બોધામૃતનું ભરપૂર દાન આપે છે. તે ગુરુ પ્રત્યે અનન્ય ભાવથી કૃતજ્ઞતા વ્યક્ત કરવી, એ જ ગુરુપૂર્ણિમા ઊજવવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

ગુરુપૂર્ણિમાના શુભ દિવસે ગુરુતત્ત્વ (ઈશ્વરી તત્ત્વ) સામાન્ય દિવસો કરતા ૧ હજાર ગણું વધારે કાર્યરત હોય છે. તેથી ગુરુપૂર્ણિમાના નિમિત્તે કરેલી સેવા અને ત્યાગ (સત્કાર્ય માટે અર્પણ) નું ફળ અન્ય દિવસોની સરખામણીએ ૧ હજાર ગણું વધારે મળે છે; એટલા માટે ગુરુપૂર્ણિમા એ ગુરુકૃપા (ઈશ્વરકૃપા) મેળવવાની એક અનમોલ તક છે.

ગુરુપૂર્ણિમા ઉત્સવ ઊજવવાની પદ્ધતિ

બધા જ સંપ્રદાયોમાં ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઊજવવામાં આવે છે. અહીં મહત્ત્વની વાત એ છે કે ગુરુ એક તત્ત્વ છે. ગુરુ દેહરૂપે ભલે અલગ-અલગ દેખાતા હોય, પણ ગુરુતત્ત્વ એક જ હોય છે. વિવિધ સંપ્રદાયોની સાથે સાથે અનેક સંસ્થાઓ, સંગઠનો અને પાઠશાળાઓમાં પણ ગુરુપૂર્ણિમાનો મહોત્સવ અત્યંત શ્રદ્ધાપૂર્વક ઊજવવામાં આવે છે.

ગુરુ પૂજન માટે બાજઠ (ચૌરંગ) પૂર્વ-પશ્ચિમ દિશામાં રાખવો. શક્ય હોય તો બાજઠ પર નાનો મંડપ બનાવવા માટે કેળાના સ્તંભ અથવા કેળાના પાનનો ઉપયોગ કરવો. ગુરુની પ્રતિમા સ્થાપિત કરવા માટે લાકડાના મંદિર અથવા બાજઠનો ઉપયોગ કરવો. પૂજન કરતી સમયે આપણી સામે પ્રત્યક્ષ સદ્ગુરુ બિરાજમાન છે, એવો ભાવ રાખવો. સૌપ્રથમ શ્રી મહાગણપતિનું આહવાન કરીને દેશકાલ કથન કરવું. ત્યાર પછી શ્રી મહાગણપતિનું પૂજન કરીને વિષ્ણુસ્મરણ કરવું. ત્યારપછી સદ્ગુરુ, એટલે કે મહર્ષિ વ્યાસનું પૂજન કરવું. ત્યાર પછી આદિ શંકરાચાર્ય ઈત્યાદિનું સ્મરણ કરીને, પોતાના સંપ્રદાયની પરંપરા અનુસાર પોતાના ગુરુના ગુરુનું પણ પૂજન કરવું. આ સમયે ગુરુની પ્રતિમા અથવા પાદુકાઓનું પૂજન પણ કરવામાં આવે છે. ત્યાર પછી પોતાના ગુરુનું પૂજન કરવું.

ગુરુ-શિષ્ય પરંપરાનો આદર્શ : જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થઈ છે, ત્યારે ત્યારે ધર્મ સંસ્થાપનાનું કાર્ય ગુરુ-શિષ્ય પરંપરાએ કર્યું છે. આ દૈવી પરંપરા માત્ર ગુરુ અને શિષ્ય, અધ્યાત્મ અને મોક્ષ પૂરતી મર્યાદિત નથી, પરંતુ વિશ્વકલ્યાણ માટે પ્રવાહિત છે. ગુરુ-શિષ્ય પરંપરાએ માત્ર શિષ્યના જીવનનું કલ્યાણ કર્યું છે એવું નથી, પરંતુ ધર્મસંસ્થાપના અને રાષ્ટ્રરક્ષણનું કાર્ય પણ કર્યું છે. આજે પણ પરમકલ્યાણકારી ગુરુતત્ત્વ સનાતન ધર્મના રક્ષણ માટે તેમજ ભારતના ઉત્કર્ષ માટે કાર્યરત છે. આપણું કર્તવ્ય એ છે કે એક વ્યક્તિ તરીકે માત્ર પરિવાર પૂરતો વિચાર કરવાને બદલે રાષ્ટ્ર અને ધર્મના કાર્યોમાં પોતાને સમર્પિત કરી દેવા ! આજે આપણે ગુરુ-શિષ્ય પરંપરાના પ્રવાહમાં સમાઈ જવામાં જ આપણું હિત છે.

**સંદર્ભ : સનાતન સંસ્થાનો ગ્રંથ 'તહેવારો, ધાર્મિક ઉત્સવો અને વ્રતો' અને 'ગુરુકૃપાયોગ'**
**સંપર્ક :9913062014**

## મિડલ ઈસ્ટમાં ફરી તણાવ:
# હોર્મુઝમાં જહાજો પર હુમલો, ક્રૂડ ઓઈલના ભાવ 72 ડૉલરને પાર

દુનિયાની કુલ તેલ જરૂરિયાતના 20 ટકા માટે મહત્વપૂર્ણ એવા હોર્મુઝ સ્ટ્રેટ (Strait of Hormuz)માં ફરી એકવાર મિસાઈલ હુમલાના સમાચાર ચર્ચામાં છે, અને તેની સીધી અસર કાચા તેલની કિંમતોમાં ઉછાળા તરીકે જોવા મળી છે. હોર્મુઝ સ્ટ્રેટમાં આખરે શું ચાલી રહ્યું છે? આ સવાલ એટલા માટે પણ મહત્વનો છે, કારણ કે, એક તરફ જ્યાં અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિ વાર્તા પર બેઠકોને લઈને પોઝિટિવ અહેવાલો આવી રહ્યા છે, તો બીજી તરફ અચાનક દુનિયાની તેલ જરૂરિયાતોને પૂરી કરવા માટે જરૂરી આ મહત્વપૂર્ણ દરિયાઈ રૂટ પર હુમલાના સમાચાર આવી જાય છે. આ અપડેટ્સની સીધી અસર કાચા તેલની કિંમતો પર જોવા મળી રહી છે. સોમવારે જ્યાં આંતરરાષ્ટ્રીય માર્કેટમાં કાચા તેલની કિંમત 71 ડૉલરની આસપાસ ટ્રેડ થતી જોવા મળતી હતી, તે મંગળવારે અચાનક 72 ડૉલર પ્રતિ બેરલને પાર નીકળી ગઈ. ક્રૂડની કિંમતમાં આ તેજી ઈરાન તરફથી હોર્મુઝમાં કમર્શિયલ જહાજો પર થયેલા મિસાઈલ હુમલાના સમાચાર બાદ જોવા મળી છે.

### યુદ્ધ અટક્યું, પણ ટેન્શન હજુ યથાવત

અમેરિકા અને ઈરાન વચ્ચે ગત ફેબ્રુઆરી મહિનાના અંતિમ દિવસથી શરૂ થયેલું યુદ્ધ ભલે અટકી ગયું હોય, અને બંને દેશો વચ્ચે શાંતિ વાર્તા માટે બેઠકોનો દોર ચાલુ હોય, અમેરિકાએ બે મહિના લાંબી નાકાબંધી પણ હટાવી લીધી છે, પરંતુ આ બધા વચ્ચે હોર્મુઝનું ટેન્શન (Hormuz Tension) યથાવત્ છે. જ્યારે બધું બરાબર ચાલી રહ્યું હોય છે, કાચું તેલ સસ્તું થઈ રહ્યું હોય છે, અને દુનિયા રાહતનો શ્વાસ લે છે, ત્યારે જ અચાનક જહાજો પર હુમલાના સમાચાર ચિંતા ઉભી કરી રહ્યા છે. વર્તમાન સ્થિતિની વાત કરીએ તો, અહેવાલો અનુસાર, ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે મંગળવારે વહેલી સવારે હોર્મુઝ પાસે બે વ્યાપારિક જહાજો પર મિસાઈલોથી હુમલા કર્યા છે. યુએસ સિનિયર ઓફિશિયલ દ્વારા આ હુમલાની માહિતી શેર કરવામાં આવી છે, અને સાથે જ આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે, આનાથી અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિની વાતચીત પર અસર પડી શકે છે. યુનાઈટેડ કિંગડમ મેરિટાઈમ ટ્રેડ ઓપરેશન્સ(UKMTO)એ પણ જણાવ્યું કે, હોર્મુઝ સ્ટ્રેટ પાસે ઓમાનના તટ પર એક ઓઈલ ટેન્કર સાથે અજ્ઞાત વસ્તુ ટકરાઈ, જેનાથી તેમાં આગ લાગી ગઈ. આ ઘટના ઓમાનના લિમાહથી 8 નોટિકલ માઈલ પૂર્વમાં થઈ, જ્યારે ટેન્કર હોર્મુઝમાં ઓમાનના તટ પાસે દક્ષિણ તરફ જઈ રહ્યું હતું.

### હુમલાના સમાચારથી ક્રૂડમાં હલચલ

હોર્મુઝ સ્ટ્રેટમાં હુમલાના સમાચારથી સીધી કાચા તેલની કિંમતો પર અસર જોવા મળી છે. બ્રેન્ટ ક્રૂડથી લઈને મર્બન ક્રૂડ સુધી, જે તેલની કિંમતો સોમવાર સુધી ઘટાડા સાથે રેડ ઝોનમાં દેખાતી હતી, તે મંગળવારે અચાનક ગ્રીન ઝોનમાં આવી ગઈ. બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ આશરે 1 ટકાના ઉછાળા સાથે 72.51 ડૉલર પ્રતિ બેરલ પર ટ્રેડ કરતું જોવા મળ્યું, જ્યારે વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમિડિયેટ પણ 70 ડૉલર પ્રતિ બેરલની નજીક આવી ગયું. આ સિવાય મર્બન ક્રૂડ ઓઈલના ભાવ (Murban Crude Oil Rate)માં પણ તેજી જોવા મળી, અને તે 67 ડૉલર પર કારોબાર કરી રહ્યું હતું.

# ટ્રમ્પના આદેશ પર 40 મિનિટમાં સાડા 8 લાખ ફટાકડાં ફોડ્યા, વોશિંગ્ટન ડીસીમાં 'કોડ રેડ' ઍલર્ટ, હવા ઝેરી બની

અમેરિકાના 250 મા સ્વતંત્રતા દિવસ (Independence Day) ની ભવ્ય ઉજવણી અંતર્ગત પાટનગર વોશિંગ્ટન ડીસીમાં કરવામાં આવેલી 40 મિનિટની રેકોર્ડબ્રેક આતશબાજી હવે ભારે પડી રહી છે. આ ભયાનક ફટાકડાના ધુમાડાના કારણે રવિવારે વોશિંગ્ટન ડીસીની હવા વૈશ્વિક સ્તરે દુનિયાના કોઈ પણ મુખ્ય શહેર કરતાં સૌથી વધુ પ્રદૂષિત અને ઝેરી નોંધાઈ હતી. શહેરમાં પ્રદૂષણનું સ્તર ખતરનાક સપાટીએ પહોંચતા વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક અસરથી 'કોડ રેડ એર ક્વોલિટી એલર્ટ' (Code Red Air Quality Alert) જાહેર કરવામાં આવ્યું છે. પ્રદૂષણનું મોનિટરિંગ કરતી વૈશ્વિક સંસ્થા 'IQAir' ના રેન્કિંગમાં વોશિંગ્ટન ડીસી થોડા સમય માટે દુનિયામાં પ્રથમ નંબરે પહોંચી ગયું હતું. જો કે રવિવારે સાંજે તે રદ્દમા ક્રમે સરક્યું હતું. નાગરિકોને ચેતવણી: અધિકારીઓએ રહેવાસીઓને બહાર જવાનું મર્યાદિત કરવા જણાવ્યું છે. આ પ્રદૂષિત હવા બાળકો, વડીલો અને શ્વાસની બીમારી ધરાવતા લોકો માટે અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. N95 માસ્ક પહેરવાની ભલામણ: મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આતશબાજીના કારણે સેન્ટ્રલ ડીસીમાં 'અત્યંત બિનઆરોગ્યપ્રદ' સ્થિતિ સર્જાવાની આશંકા પહેલાથી જ હતી અને લોકોને બહાર નીકળતી વખતે N95 માસ્ક પહેરવાની સલાહ અપાઈ હતી. ગિનીસ વર્લ્ડ રેકોર્ડ માટે 8.5 લાખ ફટાકડા ફોડાયા! આ ભવ્ય આતશબાજીનું આયોજન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થનવાળી એક નોન-પ્રોફિટ સંસ્થા 'ફ્રીડમ 250' દ્વારા કરવામાં આવ્યું હતું. 10 જગ્યાએથી આતશબાજી: નેશનલ મોલ, પોટોમેક નદી અને વેસ્ટ પોટોમેક પાર્ક સહિત 10 મુખ્ય સ્થળો પરથી લાખો ફટાકડા છોડવામાં આવ્યા હતા. વર્લ્ડ રેકોર્ડનો દાવો: આ શોમાં અંદાજે 8,50,000 જેટલા ફટાકડા ફોડીને નવો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવવાનો પ્રયાસ કરાયો છે. આ અગાઉ 2016માં ફિલિપિન્સમાં 8.10 લાખ ફટાકડા ફોડવાનો રેકોર્ડ હતો. વોશિંગ્ટનનો આ શો ન્યૂયોર્કના પ્રખ્યાત મેસીસ શો કરતાં પણ 10 ગણો મોટો હતો. આ ભયાનક પ્રદૂષણ એવા સમયે ફેલાયું જ્યારે વોશિંગ્ટન અને આસપાસના વિસ્તારો ભારે હીટ વેવ (ગરમી) નો સામનો કરી રહ્યા હતા. શનિવારે તાપમાન રેકોર્ડ સ્તરે પહોંચ્યું હતું, જેના કારણે નેશનલ મોલ ખાતે આતશબાજી પહેલાં કટોકટીની સ્થિતિ સર્જાઈ હતી. હેલ્થ ઓફિસર ડૉ. કિશા ડેવિસે આતશબાજી પહેલાં જ ચેતવણી આપી હતી કે, 'આજની હવામાં શ્વાસ લેવો એટલે સિગારેટ પીતા પીતા મેરેથોન દોડવા સમાન છે.' રિપોર્ટ અનુસાર, શુક્રવાર મધ્યરાત્રિથી રવિવાર સવાર સુધીમાં નેશનલ મોલ ખાતેથી સેંકડો દર્દીઓએ સારવાર મેળવી હતી. જેમાંથી 40 થી વધુ લોકોને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયા હતા. જો કે, આ બીમારી ગરમીના કારણે હતી કે પ્રદૂષણના કારણે તે સ્પષ્ટ થઈ શક્યું નથી. આ ભવ્ય અને વિવાદાસ્પદ આતશબાજી પહેલાં રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે 40 મિનિટનું રાષ્ટ્રજોગ સંબોધન આપ્યું હતું. બાદમાં સોશિયલ મીડિયા પર આતશબાજીના વખાણ કરતા ટ્રમ્પે લખ્યું કે, 'મેં અત્યાર સુધી જોયેલો આ સૌથી શાનદાર ફટાકડાનો શો હતો.

# માર્ક ઝુકરબર્ગની મુશ્કેલીઓ વધી! બાળકોના ભવિષ્ય સાથે ચેડાં કરવા બદલ મેટાને રૂ.120 લાખ કરોડનો દંડ

ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની પેરન્ટ કંપની મેટાને 120 લાખ કરોડની પેનલ્ટી આપવી પડે તેવો ઘાટ સર્જાયો છે. અમેરિકાના ચાર રાજ્યોએ કંપની વિરુદ્ધ એવી પેનલ્ટીની માંગ કરી છે, જે ટેક ઈન્ડસ્ટ્રીના ઈતિહાસની સૌથી મોટી રકમ



માનવામાં આવી રહી છે. આ રકમ આશરે 1.4 ટ્રિલિયન ડોલર છે. ભારતીય રૂપિયામાં આની કિંમત લગભગ 120 લાખ કરોડ રૂપિયા થાય છે. આ રકમ મેટાની કુલ માર્કેટ વેલ્યૂની પણ નજીક છે. રસપ્રદ વાત એ છે કે, મેટાનું માર્કેટ કેપ જ 1.5 ટ્રિલિયન ડોલરનું છે, અને પેનલ્ટી 1.4 ટ્રિલિયન ડોલરની લાગી છે.

મામલો એ વાતનો નથી કે, કોઈ યુઝરનું એકાઉન્ટ હેક થઈ ગયું કે, ડેટા લીક થઈ ગયો. આરોપ તેનાથી પણ મોટો છે. અમેરિકી રાજ્યોનું કહેવું છે કે, મેટા (Meta)એ ફેસબુક (Facebook) અને ઈન્સ્ટાગ્રામ (Instagram) ને જાણીજોઈને એ રીતે ડિઝાઈન કર્યા કે, બાળકો અને ટીનેજર્સ આ એપ્સના આદિ બની જાય. સાથે જ કંપનીએ લોકોને એ ભરોસો અપાવ્યો કે, તેના પ્લેટફોર્મ સેફ છે, જ્યારે અંદરખાને તેને આ ખતરાની જાણકારી હતી. આ મામલો હવે ઓગસ્ટમાં કેલિફોર્નિયાની એક ફેડરલ કોર્ટમાં સાંભળવામાં આવશે. હાલ કેલિફોર્નિયા, કોલોરાડો, કંટકી અને ન્યૂ જર્સી આ કેસમાં સામેલ છે. આ સિવાય 14 બીજા રાજ્યોએ પણ મેટા વિરુદ્ધ અલગ કાયદાકીય કાર્યવાહી શરૂ કરી છે. રાજ્યોનું કહેવું છે કે, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુકના ઘણા ફીચર બાળકોને વધારે સમય સુધી સ્ક્રીન પર રોકવા માટે બનાવવામાં આવ્યા. આમાં સતત સ્ક્રોલ થતી ફીડ, નોટિફિકેશન, લાઈક સિસ્ટમ, રિકમેન્ડેશન એલ્ગોરિધમ અને બીજા એન્ગેજમેન્ટ ફીચર સામેલ છે. મેટા પર આરોપ છે કે, આના કારણે ઘણા બાળકોમાં ચિંતા, ડિપ્રેશન, ઊંઘની સમસ્યા અને સોશિયલ મીડિયાની લત જેવી પરેશાનીઓ વધી છે.

મેટાએ આ આરોપોને ફગાવી દીધા છે. કંપનીનું કહેવું છે કે, સોશિયલ મીડિયા એડિક્શન કોઈ સત્તાવાર માનસિક બીમારી નથી. તેથી એ કહેવું ખોટું છે કે, કંપનીએ લોકોને જાણીજોઈને આની લત લગાડી. એક અલગ મામલામાં ભારત સરકારે મેટાને ઈન્સ્ટાગ્રામ પર ચાલી રહેલા કથિત ચાઈલ્ડ સેક્સ્યુઅલ કન્ટેન્ટ પર નોટિસ મોકલી છે. નોટિસ પછી હજુ સુધી કંપની તરફથી કોઈ યોગ્ય જવાબ આવ્યો નથી. મેટાનું એ પણ કહેવું છે કે, તેણે યુવાઓની સેફ્ટી માટે ઘણા ફીચર એડ કર્યા છે, અને રાજ્યો તરફથી માંગવામાં આવેલી 1.4 ટ્રિલિયન ડોલરની પેનલ્ટીનો કોઈ મજબૂત આધાર નથી. નોંધનીય છે કે, આ પહેલીવાર નથી, જ્યારે મેટા આવા આરોપોનો સામનો કરી રહી છે. આ પહેલા પણ અમેરિકામાં હજારો પરિવારો, સ્કૂલ અને ઘણા રાજ્યો મેટા, ટિકટોક, યુટ્યુબ અને સ્નેપચેટ જેવી કંપનીઓ વિરુદ્ધ કોર્ટ પહોંચી ચૂક્યા છે. તેમનો આરોપ છે કે, સોશિયલ મીડિયા કંપનીઓએ યુઝર્સને પ્લેટફોર્મ પર વધારે સમય સુધી રોકવા માટે એવા ફીચર બનાવ્યા, જેની અસર બાળકોની માનસિક સ્થિતિ પર પડી. પહેલા પણ લાગ્યા છે આરોપ અને પેનલ્ટી થોડા મહિના પહેલા ન્યૂ મેક્સિકોમાં પણ મેટા વિરુદ્ધ એક મોટો નિર્ણય આવ્યો હતો, જ્યાં જ્યુરીએ કંપની પર 375 મિલિયન ડોલરની પેનલ્ટી લગાવી હતી. જ્યારે એક બીજા મામલામાં મેટા અને યુટ્યુબને એક યુવા યુઝરને થયેલા નુકસાન માટે જવાબદાર માનવામાં આવ્યા હતા. આ મામલાઓએ અમેરિકામાં સોશિયલ મીડિયા કંપનીઓ પર વધતા કાયદાકીય દબાણને વધુ તેજ કરી દીધો છે. જો ઓગસ્ટમાં થનારા આ ટ્રાયલમાં અદાલત રાજ્યોના પક્ષમાં નિર્ણય આપે છે, તો આ માત્ર મેટા માટે જ નહીં, પરંતુ પૂરી ટેક ઈન્ડસ્ટ્રી માટે એક મોટો વણાંક સાબિત થઈ શકે છે.

આ પછી બીજી સોશિયલ મીડિયા કંપનીઓ વિરુદ્ધ પણ આ જ પ્રકારની કાર્યવાહી તેજ થઈ શકે છે. સાથે જ કંપનીઓને પોતાના પ્લેટફોર્મના ડિઝાઈન અને બાળકોની સુરક્ષાથી જોડાયેલા નિયમોમાં મોટા ફેરફાર કરવા પડી શકે છે.

# સાયબર ક્રાઈમની દુનિયામાં ખળભળાટ AIએ રેન્સમવેર એટેક કર્યો

## AI એજન્ટે ટાર્ગેટ સિસ્ટમને તપાસી, સિક્યોરિટી ખામી શોધી અને અંતે ડેટાબેઝને એન્ક્રિપ્ટ કરી દીધો

કેલિફોર્નિયા

સાયબર ક્રાઈમની દુનિયામાં એક એવો કેસ સામે આવ્યો છે, જેને ભવિષ્યના ખતરાની ઝલક માનવામાં આવી રહ્યો છે. સાયબર સિક્યોરિટી કંપની Sysdigના રિસર્ચર્સે દાવો કર્યો છે કે તેમણે દુનિયાનો પહેલો એઆઈ-રન રેન્સમવેર એટેક ઓળખ્યો છે. હેકર્સ અત્યાર સુધી એઆઈનો ઉપયોગ કોડ લખવા કે ફિશિંગ ઈ-મેઈલ તૈયાર કરવા જેવા કામમાં કરતા હતા, પરંતુ આ કેસમાં એઆઈએ જાતે જ હુમલો કર્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. રિપોર્ટ અનુસાર, JadePuffer નામના એઆઈ એજન્ટે ટાર્ગેટ સિસ્ટમની તપાસ કરી, તેમાં રહેલી સિક્યોરિટી ખામીઓ શોધી, લોગિન ક્રેડેન્શિયલ્સ મેળવ્યાં, નેટવર્કમાં આગળ વધ્યું અને અંતે ડેટાબેઝને એન્ક્રિપ્ટ કરી દીધો. સૌથી ચિંતાજનક બાબત એ હતી કે જો




કોઈ તબક્કે તેને અવરોધ મળ્યો, તો તેણે તરત જ નવી રીત અપનાવી અને હુમલો ચાલુ રાખ્યો. સાયબર એક્સપર્ટ્સના જણાવ્યા અનુસાર, આ પ્રકારના છચીહૌબ એઆઈ અને સામાન્ય એઆઈ વચ્ચે મોટો તફાવત છે. સામાન્ય એઆઈ યુઝર્સના પ્રશ્નોના જવાબ આપે છે અથવા સૂચના મુજબ કામ કરે છે, જ્યારે Agentic એઆઈ પરિસ્થિતિનું વિશ્લેષણ કરીને પોતે નિર્ણય લઈ શકે છે. તે એક પછી એક અનેક સ્ટેપ્સ પૂરા કરી શકે છે. આ કારણે આવા એઆઈનો ઉપયોગ સાયબર હુમલાઓમાં થવા લાગશે તો હેકિંગ વધુ ઝડપથી અને મોટા પાયે થશે.

આ ઘટના પછી સાયબર સિક્યોરિટી ક્ષેત્રમાં એઆઈના ઉપયોગ અંગે નવી ચર્ચા શરૂ થઈ છે. એક્સપર્ટ્સનું માનવું છે કે ભવિષ્યમાં રેન્સમવેર ગેંગ્સ એઆઈ એજન્ટ્સનો ઉપયોગ કરીને એકસાથે અનેક સંસ્થાઓ પર હુમલા કરી શકે છે. તેથી કંપનીઓએ મલ્ટી-ફેક્ટર ઓથેન્ટિકેશન (MFA), સમયસર સોફ્ટવેર અપડેટ્સ, નિયમિત બેકઅપ, ક્લાઉડ સિક્યોરિટી અને AI આધારિત ડિફેન્સ સિસ્ટમને વધુ મજબૂત બનાવવાની જરૂર છે. સાયબર ક્રાઈમની દુનિયામાં એક એવો કેસ સામે આવ્યો છે, જેને ભવિષ્યના ખતરાની ઝલક માનવામાં આવી રહ્યો છે.

જાહેરાત માટે
ટચુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર
આપવા માટે સંપર્ક કરો
ટચુકડી જાહેરાત
વ્યવસાય, ઓફર, પ્રોડક્ટ, દુકાન, સર્વિસ જાહેરાત
શ્રદ્ધાંજલિ
જન્મજયંતિ, પુણ્યતિથિ, શ્રદ્ધાંજલિ નિમંત્રણ
PRESS NOTE
પ્રેસનોટ
સંસ્થાઓ, કાર્યક્રમો, અમંત્રણ, જાહેરાત યાદી
સમાચાર
સમાચાર
સ્થાનિક, સામાજિક, શૈક્ષણિક, વ્યાપારિક સમાચાર
કોન્ટેક્ટ નંબર 96388 77700
ઝડપી સેવા – તાત્કાલિક પ્રકાશન
વિશ્વસનીય માધ્યમ – વાંચકો સુધી ચોક્કસ પહોંચ
વ્યાપક પ્રસાર – સ્થાનિકથી વ્યાપક સ્તરે
આકર્ષક ડિઝાઇન – સુંદર અને પ્રોફેશનલ લુક
તમારી માહિતી, લોકો સુધી પહોંચાડવાની અમારી જવાબદારી...

પાક્કો ગુજરાત

બુધવાર | 08 જુલાઈ 2026 | અમદાવાદ

છોટાઉદેપુર જિલ્લામાં ભારે વરસાદને કારણે

# ઝાબ ગામનો કોઝવે ધોવાયો, બોરધા અને દેગલા સહિત અનેક ગામોનો સંપર્ક તૂટ્યો..!



છોટાઉદેપુર

છોટા ઉદેપુર જિલ્લામાં પડેલા ધોધમાર વરસાદને પગલે અંતરિયાળ વિસ્તારોની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. જિલ્લાના પાવી જેતપુર તાલુકાના ઝાબ (પાણીબાર) ગામ પાસે આવેલો કોઝવે પૂરના પ્રવાહમાં ધોવાઈ ગયો છે. કોઝવેનો મોટો ભાગ તૂટી પડતાં આ પંથકના અનેક ગામોનો મુખ્ય માર્ગ સાથેનો સંપર્ક સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે, જેના કારણે સ્થાનિક ગ્રામજનો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. મળતી માહિતી અનુસાર, છોટા ઉદેપુર જિલ્લામાં સતત વરસેલા ભારે વરસાદને પગલે સ્થાનિક ટોકરવા કોતરમાં પાણીની તોતિંગ આવક થઈ હતી. કોતર પર પાણીનો પ્રવાહ એટલો પ્રચંડ હતો કે કોઝવે ઉપરથી પાણી ફરી વળ્યા બાદ તેનો એક મોટો હિસ્સો ધોવાઈ ગયો હતો. કોઝવે ધોવાઈ જતાં રસ્તો સંપૂર્ણપણે બિસ્માર અને જોખમી બની ગયો છે, જેના કારણે વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે.

આ કોઝવે તૂટી જતાં આસપાસના અનેક ગામો મુખ્ય સંપર્કથી કપાઈ ગયા છે. જેમ કે, બોરધા, નાની અમરોલ, સજૂલી, દેગલા સહિતના અનેક અંતરિયાળ ગામોનો અવરજવરનો માર્ગ બંધ થઈ ગયો છે. માર્ગ બંધ થવાના કારણે શાળા-કોલેજે જતા વિદ્યાર્થીઓ, નોકરીયાતો, ખેડૂતો અને દૂધ ઉત્પાદકો મુશ્કેલીમાં મુકાયા છે. દૈનિક ચીજવસ્તુઓના પરિવહન પર પણ બ્રેક વાગી ગઈ છે, જેના કારણે લોકોને લાંબા અંતરનો વૈકલ્પિક માર્ગ અપનાવવાની ફરજ પડી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, દર વર્ષે ચોમાસા દરમિયાન ટોકરવા કોતરમાં ભારે પૂર આવે છે અને કોઝવેને નુકસાન પહોંચે છે. વર્ષોથી આ સમસ્યા યથાવત હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કાયમી નિકાલ કરવામાં આવ્યો નથી, જેને કારણે લોકોને જીવના જોખમે કોતર પસાર કરવું પડે છે.

સ્થાનિકો દ્વારા આ ભુવાને તાત્કાલિક પૂરવાની માંગ કરવામાં આવી

# ઈડર નવી સિવિલ હોસ્પિટલ જતા માર્ગ પર મોટો ભુવો પડ્યો, અકસ્માતનો ભય

ઈડર, જાકીર મેમણ

ઈડરથી નવી સિવિલ હોસ્પિટલ જતા માર્ગ પર એક મોટો ભુવો પડ્યો છે. વરસાદના કારણે તેમાં પાણી ભરાઈ જતાં તે વાહનચાલકોને દેખાતો નથી, જેનાથી ગંભીર અકસ્માત થવાનો ભય સેવાઈ રહ્યો છે. સ્થાનિકો દ્વારા આ ભુવાને તાત્કાલિક પૂરવાની માંગ કરવામાં આવી છે જ્યારે ઈડર શહેરમાં ભારે વરસાદ પડે છે ત્યારે ઈડર શહેરના કેટલાક વિસ્તારોમાં પાણી ભરાઈ જાય છે ઈડરથી નવી સિવિલ હોસ્પિટલ અને લાલોડા ગામ તરફ જતા રસ્તા પર આ ભુવો પડ્યો છે આ વિસ્તારમાં. વરસાદી પાણી ભરાવાની સમસ્યા ખૂબ છે પાણી ભરાવાને કારણે ભુવામાં બે ફૂટ સુધી પાણી ભરાઈ જાય છે, જે તેને જોખમી બનાવે છે. આ



વિસ્તારમાં પાણીમાં થઈને અવર-જવર કરવાની પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે તેમજ જ્યારે ઈડર શહેરમાં ટ્રાફિકની સમસ્યા સર્જાય ત્યારે આ રસ્તા નો ઉપયોગ થાય છેઆ રસ્તો ઈડર શહેરમાં ટ્રાફિક સમસ્યા સર્જાય ત્યારે જલારામ મંદિર થઈ, લાલોડા ગામ થઈ, નવી સિવિલ હોસ્પિટલ થઈ મુખ્ય હાઈવે પર જવાનો એકમાત્ર વૈકલ્પિક માર્ગ છે. અહીં વાહનોની અવરજવર પણ ખૂબ જ રહે છે, જેના કારણે અકસ્માતની શક્યતા વધી જાય છે.આ અંગે રમેશભાઈ પટેલે જણાવ્યું કે છેલ્લા કેટલાક દિવસથી આ ભુવો પડ્યો છે, પરંતુ હજુ સુધી તંત્ર દ્વારા તેને પૂરવા માટે કોઈ કામગીરી કરવામાં આવી નથી. આ વિસ્તારમાં સરકારી હોસ્પિટલ આવેલી છે અને આજુબાજુના ગામડાઓ માટે પણ આ એકમાત્ર રસ્તો છે.વરસાદનું પાણી અહીં ખૂબ ભરાતું હોવાથી તાત્કાલિક કામગીરી કરવામાં નહીં આવે તો મોટું નુકસાન થઈ શકે છે. સ્થાનિક લોકો દ્વારા તંત્રને આ ભુવો તાત્કાલિક પૂરવા માટે અપીલ કરવામાં આવી છે.

# દેવગઢબારિયા નગરપાલિકા ચૂંટણી વચ્ચે વોર્ડ નં.2ના પ્રશ્નો બન્યા ચર્ચાનો વિષય

દેવગઢબારિયા, જાબીર શુક્લા

દેવગઢબારિયા નગરપાલિકાની પેટા ચૂંટણીની ઘોષણા થતાં રાજકીય માહોલ ગરમાયો છે, ત્યારે વોર્ડ નં. 2ના નાગરિકો દ્વારા પાયાની સુવિધાઓ અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ ગટરના કામ બાદ રસ્તાઓ પર મોટા ખાડાઓ પડી ગયા છે અને વરસાદી પાણી ભરાતા લોકોને અવરજવરમાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો

વોર્ડ નં. 2માં અનેક સ્થળોએ રસ્તાની ખરાબ સ્થિતિને કારણે વાહનચાલકો તેમજ રાહદારીઓ મુશ્કેલી અનુભવી રહ્યા છે. ખાસ કરીને સ્કૂલે જતા નાના બાળકોને રોજિંદા અવરજવરમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. પાણી ભરાયેલા રસ્તાઓ અને મોટા ખાડાઓ અકસ્માતનું કારણ બની શકે તેવી પણ સ્થાનિકોમાં ચિંતા વ્યક્ત થઈ રહી છે. નગરપાલિકા તંત્રને આ સમસ્યાઓનું તાત્કાલિક નિરાકરણ લાવવા અપીલ કરી



સ્થાનિકોમાં એવી માંગ ઉઠી છે કે ગટરના કામને કારણે બિસ્માર બનેલા રસ્તાઓનું વહેલી તકે સમારકામ કરવામાં આવે જેથી નાગરિકોને રાહત મળી શકે અને વિદ્યાર્થીઓને પણ સુરક્ષિત રીતે શાળાએ જવામાં સરળતા રહે.

ત્રણ બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી

# અંકલેશ્વરની રંગ સર્જન કેમિકલ્સમાં 10 ફૂટ ઊંચાઈએથી પટકાતાં શ્રમિકનું મોત

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર જીઆઈડીસીમાં ફરી એકવાર શ્રમિક સુરક્ષા સામે સવાલો ઊભા કરતી દર્દનાક ઘટના સામે આવી છે. જીઆઈડીસીના પ્લોટ નંબર સી-1-બી-408 સ્થિત રંગ સર્જન કેમિકલ કંપનીમાં ઊંચાઈ પર કામ કરી રહેલા એક કોન્ટ્રાક્ટ શ્રમિકનું નીચે પટકાતાં મોત નીપજ્યું છે.

સુરક્ષાના સાધનો વિના કામ કરાવતી કંપની સામે મૃતકના પરિવારે ગંભીર આક્ષેપો કર્યા છે. અંકલેશ્વરની જી.આઈ.ડી.સી. રામદેવપીર ચોકડી નજીક આવેલી રંગ સર્જન કેમિકલ્સ કંપનીમાં આજે સવારે રોજિંદા ક્રમ મુજબ કામકાજ ચાલી રહ્યું હતું.

મૂળ કોસમડીની સફેદ કોલોનીમાં રહેતા 37 વર્ષીય શ્રમિક મૃત્યુંજય કનૈયા બેઠા અહીં કોન્ટ્રાક્ટ હેઠળ નોકરી કરતા હતા.

સવારે કામ અર્થે તેઓ કોઈ પણ પ્રકારના સેફ્ટી બેલ્ટ કે સુરક્ષાના સાધનો વિના 10 ફૂટ કરતાં વધુ ઊંચાઈએ ચઢ્યા હતા. આ દરમિયાન અચાનક સંતુલન બગડતાં તેઓ સીધા જમીન પર પટકાયા હતા. ઘટનાને પગલે કંપની પરિસરમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

કંપની સંચાલકો દ્વારા લોહીલુહાણ હાલતમાં શ્રમિકને તાત્કાલિક નજીકની જયાબેન મોદી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ત્યાં હાજર તબીબે તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. મૃત્યુંજય બેઠાના મોતના સમાચાર મળતાં જ તેમની પત્ની અને ત્રણેય બાળકો સહિત પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા.

તેઓ તાત્કાલિક જયાબેન મોદી હોસ્પિટલ દોડી આવ્યા હતા. હોસ્પિટલ પરિસરમાં પરિવારના આક્રંદથી ગમગીની છવાઈ ગઈ હતી. મીડિયા સમક્ષ આક્રોશ ઠાલવતા મૃતકના પરિવારજનોએ કંપની પ્રશાસન પર ગંભીર આક્ષેપો કર્યા હતા.

પરિવારે જણાવ્યું હતું કે કંપની દ્વારા શ્રમિકો પાસે જોખમી કામ કરાવવામાં આવે છે. તેમને કોઈ સેફ્ટીના સાધનો આપવામાં આવતા નથી. સ્થાનિક પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો છે.

# વાગરા બસ ડેપોમાંથી 30,000ની કેબિનની ચોરી : અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધાયો, પોલીસે તપાસ શરૂ કરી

ભરૂચ, રંગુની જાકીર

વાગરા બસ ડેપોના અંદરના ભાગમાં રાખવામાં આવેલી ભૂરા કલરની પટરાની કેબિનની ચોરી થતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. અજાણ્યા તસ્કરો 30 હજારની કિંમતની કેબિનની ચોરી કરી ફરાર થઈ ગયા હોવાનું સામે આવ્યું છે. આ અંગે કેબિનના માલિક નાસીરહુસેન મહંમદ પટેલ દ્વારા વાગરા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદ મુજબ ગત 18 એપ્રિલ 2026ના બપોરે 12:30 વાગ્યાથી 5 જુલાઈ 2026ના સવારે 10:00 વાગ્યા દરમિયાન કોઈપણ સમયે અજાણ્યા શખ્સોએ બસ ડેપોના અંદરના ભાગમાં રાખેલી કેબિનની ચોરીને અંજામ આપ્યો હતો. ફરિયાદના આધારે વાગરા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમો સામે ગુનો નોંધાયો છે, અને પોલીસે તપાસ હાથ ધરી છે. આ બનાવે બસ




ડેપો વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થાને લઈને સવાલો ઊભા કર્યા છે. જાહેર સ્થળની અંદર રાખેલી ખાનગી માલિકીની કેબિનની ચોરી થવી તસ્કરોના બેફામ બન્યાનું સૂચન કરે છે. હવે સ્થાનિકોમાં માંગ ઉઠી છે કે પોલીસ ઝડપથી આરોપીઓને ઝડપી કડક કાયદેસરની કાર્યવાહી કરે અને આવા બનાવો ફરી ન બને તે માટે વિસ્તારમાં અસરકારક સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવામાં આવે.

# વાસદ ટોલ પ્લાઝા પાસે આઇસર ગાડીમાં ભીષણ આગ, કર્મચારીની સમયસૂચકતાથી મોટી હોનારત ટળી

## વડોદરા તરફ જતી આઇસરમાં અચાનક આગ ભભૂકી: ટોલ પ્લાઝાના કર્મચારીની ત્વરિત કામગીરીને કારણે ચાલકોના જીવ બચાવ્યા

આણંદ

આજે તારીખ 07 જુલાઈ 2026 ના રોજ વહેલી સવારે વાસદ ટોલ પ્લાઝા પાસે એક ભયાનક અકસ્માત થતા રહી ગયો હતો. વડોદરા તરફ જઈ રહેલી એક ખાનગી આઈસર ગાડીમાં અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે, ઘટના સ્થળે હાજર ટોલ પ્લાઝાના કર્મચારીની સતર્કતા અને તાત્કાલિક કામગીરીને કારણે આ ગંભીર ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી અને મોટી દુર્ઘટના ટળી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સવારે અંદાજે 6:00 વાગ્યાની આસપાસ ગાડી નંબર GJ03 BV 5544 વાસદ ટોલ પ્લાઝાની લાઈન નંબર ત્રણમાંથી પસાર થઈ હતી. ટોલ પસાર કર્યા બાદ ગાડી હજુ માત્ર ૧૦૦ મીટર જેટલી આગળ વધી હતી ત્યાં જ અચાનક એન્જિનના ભાગમાંથી ધુમાડા નીકળવાનું શરૂ થયું હતું અને જોતજોતામાં ગાડીમાં ભીષણ આગ લાગી ગઈ હતી. વહેલી સવારનો સમય હોવા



છતાં ટોલ પ્લાઝા પર વાહનોની અવરજવર ચાલુ હતી, જેના કારણે ભયનો માહોલ ઉભો થયો હતો. આઈસર ગાડીમાં આગ લાગતાની જાણ થતા જ ટોલ પ્લાઝા પર ફરજ બજાવતા કર્મચારી ધર્મેન્દ્રસિંહ ઠાકોરે જરા પણ વિલંબ કર્યા વગર ઘટના સ્થળે દોડી ગયા હતા. તેમણે સમયસૂચકતા વાપરી તુરંત જ ટોલ પ્લાઝા પર ઉપલબ્ધ ત્રણ ફાયર એક્સટિંગ્યુશરની બોટલોનો ઉપયોગ કરી આગને વધુ ફેલાતી અટકાવી હતી. તેમની આ તાત્કાલિક પ્રતિક્રિયાને કારણે આગ કારના અન્ય હિસ્સાઓમાં પ્રસરે તે પહેલા જ તેને નિયંત્રિત કરવામાં મહત્વની સફળતા મળી હતી. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડના જવાનોએ પહોંચીને સંપૂર્ણ રીતે આગ પર કાબૂ મેળવી લીધો હતો, જ્યારે પોલીસે વાહનવ્યવહારને સુરક્ષિત રીતે ડાયવર્ટ કર્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યા મુજબ, ગાડીમાં આગ લાગવાનું મુખ્ય કારણ શોર્ટ સર્કિટ હોવાનું જણાયું છે. ટોલ પ્લાઝા પરના કર્મચારીની સમયસૂચકતા અને સાહસને કારણે ગાડીમાં સવાર મુસાફરો સુરક્ષિત રીતે બહાર નીકળી શક્યા હતા અને મોટી હોનારત નિવારી શકાઈ હતી.

# છોટાઉદેપુરના ભીલપુર ગામે ગમખ્વાર અકસ્માત : ડમ્પરે બાઈક ચાલકને અડફેટે લેતા મંડલવાના શ્રમિક ગંભીર રીતે ઘાયલ



છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

આજે છોટાઉદેપુરના ભીલપુર ગામ નજીક એક કાળમુખા ડમ્પરે મોટરસાઈકલ ચાલકને જોરદાર ટક્કર મારતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક સવાર આધેડને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, છોટાઉદેપુર તાલુકાના મંડલવા ગામના રહેવાસી નગીનભાઈ નાયક નામના આધેડ રોજની જેમ આજે પણ બોડેલી ખાતે મજૂરી કામ અર્થે અપ-ડાઉન કરી રહ્યા હતા. તેઓ જ્યારે પોતાની મોટરસાઈકલ લઈને ભીલપુર ગામ પાસેથી પસાર થઈ રહ્યા હતા, તે દરમિયાન પૂરપાટ ઝડપે આવી રહેલા એક ડમ્પરના ચાલકે તેમની બાઈકને અડફેટે લીધી હતી. ડમ્પરની ટક્કર એટલી જોરદાર હતી કે નગીનભાઈ રોડ પર ફગવાઈ ગયા હતા અને તેમને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત થતાં જ આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોહીલુહાણ હાલતમાં પડેલા ઈજાગ્રસ્તને સારવાર આપવા માટે તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે પહોંચી ઈજાગ્રસ્ત નગીન નાયકને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે છોટાઉદેપુરની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે.

અકસ્માત સર્જાયા બાદ ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

જોકે, અકસ્માત કરનાર ડમ્પરનો ચાલક નાસી જવાને બદલે પોતાના ડમ્પર સાથે સીધો પોલીસ સ્ટેશને પહોંચી ગયો હતો અને પોલીસ સમક્ષ શરણાગતિ સ્વીકારી હતી.બીજી તરફ અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અને આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ફિલ્મી સ્ટાઈલમાં ઝાલોદ પોલીસનો માસ્ટરસ્ટ્રોક : "લૂટેરી દુલ્હન" ગેંગનો પર્દાફાશ

# લગ્નના બહાને લાખો રૂપિયા પડાવતી ટોળકીના ત્રણ આરોપી ઝડપાયા : વેશપલટો કરી મધ્યપ્રદેશમાં ગોઠવ્યું છટકું

■ ₹2.40 લાખની છેતરપીંડીનો ભોગ બન્યા ઝાલોદના યુવક; ગેંગે અગાઉ કેટલા પરિવારોને નિશાન બનાવ્યા તેની દિશામાં પણ તપાસ તેજ

ઝાલોદ, પંકજ પંડિત

લગ્નના સપના બતાવી ભોળા યુવકો અને તેમના પરિવારો પાસેથી લાખો રૂપિયા પડાવતી આંતરરાજ્ય 'લૂટેરી દુલ્હન' ગેંગનો ઝાલોદ પોલીસે ફિલ્મી ઢબે પર્દાફાશ કરી નોંધપાત્ર સફળતા મેળવી છે. દાહોદ જિલ્લા પોલીસની વ્યૂહાત્મક કામગીરીમાં પોલીસકર્મીઓએ પોતે જ વરરાજા, વરરાજાના પિતા, બહેન અને ભાઈનો વેશ ધારણ કરી મધ્યપ્રદેશમાં આરોપીઓ માટે જાળ બિછાવી હતી. પૂર્વનિયોજિત છટકામાં ગેંગના ત્રણ આરોપીઓને ઝડપી લેવામાં સફળતા મળી છે, જ્યારે સમગ્ર કાવતરાની મુખ્ય કડી ગણાતી લૂટેરી દુલ્હન હજુ



પોલીસ પકડથી દૂર છે. ઝાલોદના હિતેશકુમાર પંચાલના લગ્ન ગોઠવવાના બહાને રણીયારના કૃષ્ણકાંત ઉર્ફે કિશનભાઈ પટેલે મધ્યપ્રદેશમાં યુવતી હોવાનું જણાવી પરિવારનો વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ બાબુલાલ પાટીદાર અને તરુણ મારફતે મમતા ચૌહાણ નામની યુવતી સાથે ઓળખાણ કરાવી લગ્ન નક્કી કરવામાં આવ્યા હતા. લગ્ન કરાવી આપવાના નામે અને વિવિધ ખર્ચના બહાને પરિવાર પાસેથી કુલ 2.40 લાખ વસૂલવામાં આવ્યા હતા. એક અજાણ્યા ગામમાં સાદી વિધિથી લગ્ન કરાવી યુવતીને ઝાલોદ મોકલવામાં આવી હતી. બે દિવસ સુધી સાસરે રહી પરિવારનો વિશ્વાસ જીત્યા બાદ 'કાકાને અકસ્માત થયો છે' તેવી ખોટી વાત કરી પતિને સાથે લઈ મધ્યપ્રદેશ પહોંચી હતી.

કુક્ષી બસ સ્ટેન્ડ નજીક એક બાઈકસવાર આવી યુવતીને લઈ જતાં સમગ્ર કાવતરાનો ભાંડો ફૂટ્યો હતો. ત્યારથી યુવતી અને દલાલોના ફોન બંધ થઈ જતા પરિવારે છેતરાયાની ફરિયાદ ઝાલોદ પોલીસમાં નોંધાવી હતી. ફરિયાદ મળતા જ ડીવાયએસપી ડી.આર. પટેલના માર્ગદર્શન હેઠળ પીઆઈ રવિ ગામીત અને પીએસઆઈ સી.કે. સીસોદીયાએ સમગ્ર ઓપરેશનનું આયોજન કર્યું હતું. પોલીસે આરોપીઓ સુધી પહોંચવા માટે પોતે જ નવા ગ્રાહક બની લગ્ન માટે યુવતી શોધી રહ્યાનું નાટક રચ્યું. બાબુલાલ પાટીદારે ફરી નવી ડીલ ગોઠવવાનો પ્રયાસ કરતાં પોલીસે તરત જ વેશપલટો કરી મધ્યપ્રદેશમાં છટકું ગોઠવ્યું.

# કવાંટ તાલુકા પંચાયતના અધિક મદદનીશ ઇજનેર 11,500ની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા

## ધારાસભ્યની ગ્રાન્ટમાંથી બનેલી સંરક્ષણ દિવાલ અને હોલના બિલ મંજૂર કરવા માંગ્યા હતા રૂ. 35,000

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

સરકારી કામોના બિલો પાસ કરાવવા માટે કોન્ટ્રાક્ટરો અને નાગરિકો પાસે ટકાવારીની માંગણી કરતા ભ્રષ્ટ અધિકારીઓ પર એન્ટી કરપ્શન બ્યુરો (ACB) એ લાલ આંખ કરી છે. છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકા પંચાયતની બાંધકામ શાખામાં ફરજ બજાવતા અધિક મદદનીશ ઈજનેર હર્ષવર્ધન કાશીરામ પટેલ (ઉંમર વર્ષ ૩૫) રૂપિયા ૧૧,૫૦૦/- ની લાંચ લેતા નર્મદા એસીબીની ટીમના હાથે રંગેહાથ ઝડપાઈ જતાં સરકારી આલમમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. આ કેસના જાગૃત ફરિયાદ નાગરિકે વર્ષ ૨૦૨૫ માં ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી મંજૂર થયેલા બે વિકાસ કામો પોતાના સ્વ-ખર્ચે પૂર્ણ કર્યા હતા. જેમાં રૂ. ૨,૫૦,૦૦૦/- ના ખર્ચે મંજૂર થયેલી સંરક્ષણ દિવાલ (જે રૂ. ૨,૩૦,૦૦૦/- માં બનાવેલ) અને ફરિયાદીના ગામ પાસે મંજૂર થયેલા રૂ. ૫,૦૦,૦૦૦/- ના મજૂર કલ્યાણ કેન્દ્ર હોલના કામનો સમાવેશ થાય છે.આ બંને કામો પૂર્ણ થઈ ગયા બાદ તેના



બિલો મંજૂર કરવા માટે કવાંટ તાલુકા પંચાયતની બાંધકામ શાખાના અધિક મદદનીશ ઈજનેર હર્ષવર્ધન પટેલે કુલ રકમના ૫ ટકા લેખે રૂ. ૩૭,૦૦૦/- ની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી સાથે થયેલી રકઝકના અંતે આરોપી ઈજનેર રૂ. ૩૫,૦૦૦/- લેવા સહમત થયો હતો.

ફરિયાદી નાગરિક ભ્રષ્ટ ઈજનેરને લાંચના નાણાં આપવા માંગતા ન હોવાથી, તેઓએ આ અંગે વડોદરા એસીબીનો સંપર્ક સાધી સમગ્ર હકીકત જણાવી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે લાંચના છટકાનું ચોક્કસ આયોજન કરવામાં આવ્યું હતું.તા. ૦૭/૦૭/૨૦૨૬ ના રોજ કવાંટ તાલુકા પંચાયત કચેરી ખાતે આવેલી બાંધકામ શાખાની ઓફિસમાં એસીબીની ટીમે વોચ ગોઠવી હતી. આ દરમિયાન આરોપી હર્ષવર્ધન પટેલે ફરિયાદી પાસે બંને કામો પૈકી માત્ર એક કામ (સંરક્ષણ દિવાલ) ના બિલ પેટે રૂ. ૧૧,૫૦૦/- ની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી પાસેથી આ લાંચની રકમ સ્વીકારતા જ એસીબીની ટીમે તેને રંગેહાથ ઝડપી લીધો હતો. એસીબીએ લાંચની સ્વીકારેલી રૂ. ૧૧,૫૦૦/- ની પૂરેપૂરી રકમ રિકવર કરી લીધી છે.



### સ્વામી વિવેકાનંદના શિષ્યા 'સિસ્ટર નિવેદિતા'ની બાયોપિકમાં ભજવશે મુખ્ય ભૂમિકા

# સેલિના જેટલી લગભગ 15 વર્ષ પછી મોટા પડદા પર વાપસી કરવા જઈ રહી

મુંબઈ

સેલિના જેટલી લગભગ 15 વર્ષ પછી મોટા પડદા પર વાપસી કરવા જઈ રહી છે. તે ડિરેક્ટર રામ કમલ મુખર્જીની આગામી બાયોપિકમાં 'સિસ્ટર નિવેદિતા' (માર્ગારેટ નોબલ)નું પાત્ર ભજવશે.

પોતાના એક ઈન્ટરવ્યુમાં સેલિનાએ કહ્યું કે, આ ફિલ્મ તેના કરિયરના સૌથી ખાસ અનુભવોમાંથી એક છે. તેણે જણાવ્યું કે, રામ કમલ મુખર્જી સાથે કામ કરવું તેના માટે એક અલગ અનુભવ રહ્યો અને આ પાત્ર ભજવવું તેના માટે માત્ર અભિનય જ નહીં, પરંતુ એક જવાબદારી જેવું છે.

સેલિના કહે છે...'સિસ્ટર નિવેદિતા મને સૌથી વધુ એટલા માટે પ્રભાવિત કરે છે, કારણ કે તેમનો જન્મ ભારતમાં થયો ન હતો, તેમ છતાં તેમણે પોતાનું જીવન ભારત, તેની સંસ્કૃતિ, આધ્યાત્મિક વિચારધારા અને લોકોની સેવામાં સમર્પિત કરી દીધું.'

સિસ્ટર નિવેદિતા કોણ છે?

સિસ્ટર નિવેદિતા સ્વામી વિવેકાનંદના આઈરિશ શિષ્યા હતાં, જેમણે પોતાનું જીવન ભારતના શિક્ષણ, સમાજસેવા અને રાષ્ટ્રજાગૃતિને સમર્પિત કરી દીધું. મહિલા શિક્ષણ અને ભારતીય સંસ્કૃતિના પ્રચાર-પ્રસારમાં તેમના યોગદાનને આજે પણ પ્રેરણાસ્ત્રોત માનવામાં આવે છે. સેલિના જેટલી લગભગ 15 વર્ષ પછી મોટા પડદા પર વાપસી કરવા જઈ રહી છે. તે ડિરેક્ટર રામ કમલ મુખર્જીની આગામી બાયોપિકમાં 'સિસ્ટર નિવેદિતા' (માર્ગારેટ નોબલ)નું પાત્ર ભજવશે.

પોતાના એક ઈન્ટરવ્યુમાં સેલિનાએ કહ્યું કે, આ ફિલ્મ તેના કરિયરના સૌથી ખાસ અનુભવોમાંથી એક છે. તેણે જણાવ્યું કે, રામ કમલ મુખર્જી સાથે કામ કરવું તેના માટે એક અલગ અનુભવ રહ્યો અને આ પાત્ર ભજવવું તેના માટે માત્ર અભિનય જ નહીં, પરંતુ એક જવાબદારી જેવું છે.

સેલિના કહે છે...'સિસ્ટર નિવેદિતા મને સૌથી વધુ એટલા માટે પ્રભાવિત કરે છે, કારણ કે તેમનો જન્મ ભારતમાં થયો ન હતો, તેમ છતાં તેમણે પોતાનું જીવન ભારત, તેની સંસ્કૃતિ, આધ્યાત્મિક વિચારધારા અને લોકોની સેવામાં સમર્પિત કરી દીધું.'

સિસ્ટર નિવેદિતા કોણ છે? સિસ્ટર નિવેદિતા સ્વામી વિવેકાનંદના આઈરિશ શિષ્યા હતાં, જેમણે પોતાનું જીવન ભારતના શિક્ષણ, સમાજસેવા અને રાષ્ટ્રજાગૃતિને સમર્પિત કરી દીધું. મહિલા શિક્ષણ અને ભારતીય સંસ્કૃતિના પ્રચાર-પ્રસારમાં તેમના યોગદાનને આજે પણ પ્રેરણાસ્ત્રોત માનવામાં આવે છે. નોંધનીય છે કે થોડા દિવસો અગાઉ પણ સેલિના જેટલી વિવાદમાં આવી હતી.

**રામ કમલ મુખર્જી સાથે કામ કરવું તેના માટે એક અલગ અનુભવ રહ્યો અને આ પાત્ર ભજવવું તેના માટે માત્ર અભિનય જ નહીં, પરંતુ એક જવાબદારી જેવું છે**

# જુનિયર NTRની નવી ફિલ્મ વિવાદમાં સપડાઈ

## પોસ્ટર રિવીલ થતાં જ ફિલ્મ પર પ્રતિબંધ મૂકવાની માંગ, ભગવાન મુરુગન પર વાર્તા આધારિત

મુંબઈ

સાઉથ સુપરસ્ટાર જુનિયર NTRની નવી ફિલ્મ એક માયથો ડ્રામા હશે. આ હજુ ફ્લોર પર પણ પહોંચી નથી, પરંતુ એક પોસ્ટર અને તેની ટેગલાઈને તેને દેશભરમાં ચર્ચાનો વિષય બનાવી દીધો છે.

ભગવાન મુરુગનના કથિત ચિત્રણ અને પોસ્ટરમાં કરવામાં આવેલા 'ઉત્તરમાં જન્મ' સંબંધિત દાવા પર તમિલનાડુમાં તીવ્ર પ્રતિક્રિયાઓ સામે આવી છે. તમિલનાડુની રાજકીય પાર્ટી 'નામ તમિલર કાચી'ના પ્રમુખ અને ભૂતપૂર્વ એક્ટર-ફિલ્મમેકર સીમાને ફિલ્મ પર રાજ્યમાં પ્રતિબંધ મૂકવાની માંગ કરતા મેકર્સને ગંભીર પરિણામો ભોગવવાની ચેતવણી આપી છે. સોશિયલ મીડિયા પર પણ ફિલ્મને લઈને પક્ષ-વિપક્ષની ચર્ચા તેજ બની ગઈ છે, જ્યારે મેકર્સે હજુ સુધી વિવાદ પર કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી. જુનિયર NTR અને ડિરેક્ટર ત્રિવિક્રમ શ્રીનિવાસે 29 જૂને પોતાના આ નવા મેગા પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. પોસ્ટરમાં ત્રિશૂળ અને ભાલાને DNAની આકૃતિમાં દર્શાવવામાં આવ્યા છે અને કેપ્શનમાં લખવામાં આવ્યું હતું કે, 'આ વાર્તા એવા દેવતાની છે, જેનો જન્મ ઉત્તરમાં થયો, જેણે દેશના મધ્યમાં આકાર લીધો અને દક્ષિણમાં જેની પૂજા થાય છે.' આ જ પંક્તિ પર વિવાદ ઊભો થયો. તમિલ સમાજના એક વર્ગનું કહેવું છે કે, ભગવાન મુરુગન તમિલ સંસ્કૃતિ અને ઓળખના કેન્દ્રમાં છે, તેથી તેમને 'ઉત્તર ભારતમાં જન્મેલા' ગણાવવા સાંસ્કૃતિક અને ઐતિહાસિક તથ્યો સાથે ચેડાં કરવા સમાન છે. જોકે, ફિલ્મની વાર્તા અને ટાઈટલનો હજુ સુધી સત્તાવાર ખુલાસો કરવામાં આવ્યો નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે આ ભગવાન કાર્તિકેય (મુરુગન)થી પ્રેરિત ફિલ્મ હોઈ શકે છે.

ફિલ્મના કન્ટેન્ટ પર પણ પ્રતિબંધ મૂકવાની માંગ

ફિલ્મને લઈને વિવાદ ત્યારે વધુ વકર્યો, જ્યારે રવિવારે સીમાને સોશિયલ મીડિયા પર લાંબુ નિવેદન બહાર પાડ્યું. તેમણે આરોપ લગાવ્યો કે તમિલ ઈતિહાસ અને ધાર્મિક પરંપરાઓને તોડી-મરોડીને રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.



# અલી ફઝલ અને રિચા ચઢ્ઢા સ્ક્રીન પર મચાવશે ધમાલ

## લગ્ન પછી પહેલીવાર નવી સોશિયલ કોમેડી ફિલ્મમાં જોવા મળશે આ જોડી

મુંબઈ

હિન્દી સિનેમાના સૌથી લોકપ્રિય અને ચર્ચિત યુગલોમાં અલી ફઝલ અને રિચા ચઢ્ઢાનું નામ અગ્રેસર છે. ફિલ્મ 'ફુકરે' ના સેટ પરથી શરૂ થયેલી બંનેની મિત્રતા બાદમાં પ્રેમમાં બદલાઈ અને તેમણે લગ્ન કરી લીધા હતા. હવે ચાહકો માટે એક ઉત્સાહજનક સમાચાર સામે આવ્યા છે કે, આ રીયલ લાઈફ કપલ લગ્ન પછી પહેલીવાર પડદા પર એક ઓફિશિયલ ઓન-સ્ક્રીન જોડી તરીકે સાથે દેખાશે. અલી ફઝલે પોતે સોશિયલ મીડિયા પર આ નવી ફિલ્મની સત્તાવાર જાહેરાત કરી છે, જે 'ફુકરે' જેવી જ એક શાનદાર કોમેડી ફિલ્મ હશે. લગ્ન બાદ પહેલીવાર ઓન-સ્ક્રીન કપલ તરીકે જોવા મળશે અલી-રિચા

અલી ફઝલે પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર આ પ્રોજેક્ટની જાહેરાત કરતા લખ્યું કે, "દિલ્હીની વાર્તાનો ક્યારેય એક જ પક્ષ હોતો નથી, અને આ જ કારણ છે કે આ વાર્તા કહેવા યોગ્ય છે. હું આ ખાસ વાર્તા તમારા બધા સમક્ષ લાવવા માટે ખૂબ જ ઉત્સાહિત છું. રિચા અને હું આ મોટા દિલની અને તીક્ષ્ણ સામાજિક વ્યંગાત્મક કોમેડી (Social Satire Comedy) માં પહેલી વાર ઓન-સ્ક્રીન કપલ તરીકે સાથે કામ કરવા જઈ રહ્યા છીએ." 'ફુકરે' માં 'ભોલી પંજાબન' અને 'ઝફર ભાઈ' ના પાત્રોથી જાણીતી થયેલી આ જોડીને ફરી સાથે જોવા ચાહકોનો ઉત્સાહ આસમાને પહોંચ્યો છે. આ નવી ફિલ્મનું દિગ્દર્શન જાણીતા દિગ્દર્શક અને લેખક શશી વર્મા દ્વારા કરવામાં આવશે. આ ફિલ્મનું નિર્માણ સ્ક્રીનવર્ક્સ પ્રોડક્શન્સ અને ગિરિરાજ પ્રોડક્શન્સના બેનર હેઠળ સંયુક્ત રીતે થઈ રહ્યું છે. ફિલ્મમાં અલી અને રિચા ઉપરાંત દિગ્ગજ અભિનેતા કુમુદ મિશ્રા પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. મેકર્સના જણાવ્યા અનુસાર, આ ફિલ્મનું શૂટિંગ આ જ વર્ષના અંતમાં શરૂ કરી દેવામાં આવશે.

રિચા ચઢ્ઢા સાથેની આ અપકમિંગ કોમેડી ફિલ્મ સિવાય અલી ફઝલ તેની સૌથી લોકપ્રિય ફ્રેન્ચાઈઝી 'મિર્ઝાપુર' ની આગામી ફિલ્મમાં જોવા મળશે. અલી ફઝલ ફરી એકવાર પોતાના આઈકોનિક પાત્ર 'ગુડ્ડુ ભૈયા' તરીકે બોક્સ ઓફિસ પર ધમાલ મચાવવા માટે સંપૂર્ણ તૈયાર છે. આ મોસ્ટ અવેટેડ ફિલ્મ 4 સપ્ટેમ્બર, 2026 ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.





# કંગનાની 'ક્વીન 2' સામે 250 કરોડનો દાવો: ફેન્ટમ સ્ટુડિયોએ હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો

## 2021માં પ્રોડક્શન કંપની ફરીથી શરૂ કરવામાં આવી. આ જ સમયે રિલાયન્સે ફિલ્મના શેર ખરીધા હતા

મુંબઈ

કંગના રનૌતની 2013ની સુપરહિટ ફિલ્મ 'ક્વીન'ની સિક્વલ વિવાદોમાં સપડાઈ છે. તાજેતરમાં કંગનાએ 'ક્વીન 2'નું શૂટિંગ પૂરું કર્યું છે. તેવામાં ફિલ્મના 50% રાઈટ્સ ધરાવતા પ્રોડક્શન હાઉસે આ સિક્વલ બનાવી રહેલા જિયો સ્ટુડિયો સામે 250 કરોડ રૂપિયાનો દાવો માંડ્યો છે.

ફેન્ટમ સ્ટુડિયોએ તાજેતરમાં બોમ્બે હાઈકોર્ટમાં જિયો સ્ટુડિયો સામે 250 કરોડનો દાવો માંડીને આરોપ લગાવ્યા છે કે, 'ક્વીન 2' પરવાનગી વગર બનાવવામાં આવી રહી છે. સિક્વલ માટે સંમતિ ન આપી હોવાનો ફેન્ટમ સ્ટુડિયોઝનો દાવો મિડ-ડેના રિપોર્ટ અનુસાર, ફેન્ટમ સ્ટુડિયોઝ પાસે ફિલ્મ 'ક્વીન'ના 50% રાઈટ્સ છે, જેમાં ફિલ્મની સિક્વલ બનાવવાનો અધિકાર પણ સામેલ છે. કંપનીનો દાવો છે કે તેણે અત્યાર સુધી કોઈપણ સિક્વલ, એડેપ્શન કે ડેરિવેટિવ વર્ક માટે પોતાની સંમતિ આપી નથી. રિપોર્ટ અનુસાર, ફેન્ટમ સ્ટુડિયોએ આ વિવાદને ઉકેલવા માટે ઘણી વખત જિયોસ્ટાર સાથે વાતચીત કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમની તરફથી કોઈ પણ વિનંતીનો જવાબ આપવામાં આવ્યો ન હતો. આ દરમિયાન, વર્ષની શરૂઆતમાં ફ્લોર પર ગયેલી 'ક્વીન 2'નું શૂટિંગ પૂરું થઈ ગયું છે અને હવે ફિલ્મનું પોસ્ટ-પ્રોડક્શન પણ શરૂ થઈ ગયું છે. જ્યારે ઘણી વખત પ્રયાસ કરવા છતાં કોઈ ઉકેલ ન મળ્યો, ત્યારે ફેન્ટમ સ્ટુડિયોએ કાનૂની કાર્યવાહી શરૂ કરી. કંગના રનૌતે પૂર્ણ કર્યું ક્વીન 2 નું શૂટિંગ 'ક્વીન 2'નું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે. શૂટિંગ આ વર્ષની શરૂઆતમાં શરૂ થયું હતું અને ફિલ્મ હવે પોસ્ટ-પ્રોડક્શનના તબક્કામાં પહોંચી ગઈ છે. ફિલ્મ ક્વીન 2013માં રિલીઝ થઈ હતી, જે ફેન્ટમ ફિલ્મ્સ દ્વારા બનાવવામાં આવી હતી. આ પ્રોડક્શન હાઉસને ડિરેક્ટર વિકાસ બહલ, અનુરાગ કશ્યપ, વિક્રમાદિત્ય મોટવાણી અને મધુ મન્ટેનાએ શરૂ કર્યું હતું. મીટૂ મૂવમેન્ટ પછી વિકાસ બહલ અને કંપનીના સ્થાપકો વચ્ચે મતભેદ શરૂ થયા અને 2019માં ફેન્ટમ પ્રોડક્શન બંધ કરી દેવામાં આવ્યું. 2021માં પ્રોડક્શન કંપની ફરીથી શરૂ કરવામાં આવી. આ જ સમયે રિલાયન્સે ફિલ્મના શેર ખરીદ્યા હતા.

# 'સતલજ'ની તપાસ માટે બની હાઈ-લેવલ કમિટી: દિલજીતની ફિલ્મના વિવાદમાં આવ્યો નવો ટ્વિસ્ટ

મુંબઈ

કેન્દ્ર સરકારે પંજાબી એક્ટર દિલજીત દોસાંઝની ફિલ્મ 'સતલજ'ને લઈને રિવ્યૂ કમિટીની રચના કરી છે. ભાજપના પંજાબ પ્રમુખ કેવલ ધિલ્લોની અપીલ બાદ આ કમિટી બનાવવામાં આવી. તેની પુષ્ટિ ભાજપ નેતા આરપી સિંહે કરી. કમિટી ફિલ્મની સામગ્રી, તથ્યો અને રજૂ કરાયેલા વિષયોનો અભ્યાસ કરશે. દાવો છે કે ફિલ્મ સેન્સર બોર્ડ દ્વારા મંજૂર નહોતી. આ ફિલ્મ પંજાબના માનવાધિકાર કાર્યકર્તા જસવંત સિંહ ખાલડાના જીવન પર આધારિત હતી. ખાલડાએ આતંકવાદના સમયગાળામાં પંજાબમાં ફેક એન્કાઉન્ટરમાં 25 હજાર યુવાનોને મારવાનો દાવો કર્યો હતો. આ ફિલ્મ 3 વર્ષના પ્રતિબંધ બાદ 2 દિવસ પહેલા જ નામ બદલીને રિલીઝ કરવામાં આવી હતી. પહેલા તેનું નામ 'પંજાબ 95' હતું, જેને 'સતલજ' નામથી OTT પ્લેટફોર્મ પર રિલીઝ કરવામાં આવી હતી. પરંતુ પછી તેને અચાનક હટાવી દેવામાં આવી. રિલીઝના 48 કલાક બાદ ફિલ્મ હટાવી દીધી થિયેટર રિલીઝ માટે CBFC સર્ટિફિકેટ માટે ચાર વર્ષ રાહ જોયા પછી, નિર્માતાઓએ અચાનક કોઈ પણ પૂર્વ ચર્ચા કે પ્રમોશન વિના OTT પ્લેટફોર્મ ZEE5 પર ફિલ્મ રિલીઝ કરી દીધી. જોકે, શુક્રવારે પ્રીમિયર થયેલી આ ફિલ્મને રવિવારે માત્ર 48 કલાક પછી જ દૂર કરવામાં આવી. 'સતલજ'ની કન્ટેન્ટની ચકાસણી દિલજીત દોસાંઝની ફિલ્મ 'સતલજ'ની કન્ટેન્ટની તપાસ કરવા માટે એક આંતર-વિભાગીય સમિતિ (IDC)ની રચના કરવામાં આવી છે. માહિતી અને પ્રસારણ મંત્રાલય (MIB) એ સોમવારે આ સમિતિની રચના કરી. 'સતલજ'ની વાર્તા પંજાબના માનવાધિકાર કાર્યકર્તા જસવંત સિંહ ખાલરા ગુમ થવા પર આધારિત છે. આ બાબતથી વાકેફ સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારે IT એક્ટની કલમ 69A અને IT નિયમો, 2021 ના ભાગ-3 હેઠળ આ આદેશ જારી કર્યો છે. IT કાયદાની કલમ 69A શું છે? IT કાયદાની કલમ 69A કેન્દ્ર સરકારને જાહેર વ્યવસ્થા, રાષ્ટ્રીય સુરક્ષા અને દેશની




સાર્વભૌમત્વ અને અખંડિતતા જેવા આધારો પર ઓનલાઈન સામગ્રીને બ્લોક કરવા અથવા દૂર કરવા માટે નિર્દેશો જારી કરવાની સત્તા આપે છે.

પાક્કો ગુજરાત

બુધવાર । 08 જુલાઈ 2026 । અમદાવાદ

## 'મેં મારું બેસ્ટ આપ્યું, હવે કોઈ અફસોસ નથી...' વર્લ્ડકપમાંથી ભાવુક વિદાય બાદ રોનાલ્ડોનું નિવેદન

# ફિફા વર્લ્ડકપમાં સ્પેન સામે પોર્ટુગલના પરાજય બાદ ભાવુક દૃશ્યો

મુંબઈ

ફૂટબોલ જગતના દિગ્ગજ ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ વર્લ્ડ કપમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. પોર્ટુગલની સ્પેન સામેની હાર બાદ રોનાલ્ડોએ જણાવ્યું કે, આ તેનો છેલ્લો વર્લ્ડ કપ હતો. 41 વર્ષીય રોનાલ્ડોએ 27 વર્લ્ડ કપ મેચમાં 11 ગોલ કર્યા છે. તેણે 6 અલગ-અલગ વર્લ્ડ કપ એડિશનમાં ગોલ કરવાનો અનોખો રેકોર્ડ બનાવ્યો છે. જોકે, વર્લ્ડ કપ ટ્રોફી જીતવાનું તેનું સ્વપ્ન અધૂરું રહ્યું. ફૂટબોલ જગતના મહાન ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ સ્પષ્ટ કરી દીધું છે કે તેની ફિફા વર્લ્ડ કપની સફર હવે સત્તાવાર રીતે સમાપ્ત થઈ ગઈ છે. સ્પેન સામે રાઉન્ડ ઓફ 16ના મુકાબલામાં પોર્ટુગલની હાર સાથે જ રોનાલ્ડોએ પુષ્ટિ કરી છે કે આ તેનો છેલ્લો વર્લ્ડ કપ હતો અને હવે તે ભવિષ્યમાં પોતાના 7માં વર્લ્ડ કપમાં રમતો જોવા મળશે નહીં. 41 વર્ષીય રોનાલ્ડોએ પોતાના શાનદાર વર્લ્ડ કપ કરિયરમાં કુલ 27 મેચ રમી છે. આ મામલામાં તેનાથી આગળ માત્ર આર્જેન્ટિનાનો લિઓનલ મેસી છે, જેણે 30 વર્લ્ડ કપ મેચ રમી છે. જોકે, રોનાલ્ડો પોતાના આટલા ભવ્ય કરિયરમાં ક્યારેય વર્લ્ડ કપ ટ્રોફી જીતવાનું સપનું પૂરું કરી શક્યો નથી. વર્લ્ડ કપમાં બનાવ્યા અદ્ભુત રેકોર્ડ્સ ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ વર્લ્ડ કપના ઈતિહાસમાં રમેલી 27 મેચોમાં 11 ગોલ કર્યા છે અને અનેક મોટા રેકોર્ડ્સ પોતાના નામે કર્યા છે. તે વિશ્વ કપની 6 અલગ-અલગ એડિશનમાં ગોલ કરનારો દુનિયાનો સૌપ્રથમ ખેલાડી બન્યો છે. આ વર્લ્ડ કપમાં તેણે 3 ગોલ કર્યા હતા, જેમાં ઉઝબેકિસ્તાન સામે પોર્ટુગલની 5-0ની જીતમાં તેના 2 શાનદાર ગોલ સામેલ હતા. આ સાથે જ તેણે પોતાના કરિયરમાં પહેલીવાર વર્લ્ડ કપના નોકઆઉટ મુકાબલામાં પણ ગોલ નોંધાવ્યો હતો. ક્રોએશિયા સામે પેનલ્ટી દ્વારા કરવામાં



આવેલો તેનો આ ગોલ જ પોર્ટુગલને રાઉન્ડ ઓફ 16 સુધી લઈ ગયો હતો. મેચ બાદની વાતચીતમાં રોનાલ્ડોએ જણાવ્યું કે, 'હું ઠીક છું. દુ:ખ માત્ર એ વાતનું છે કે અમારો વર્લ્ડ કપ આ રીતે સમાપ્ત થયો. પરંતુ જેમ મેં પ્રેસ કોન્ફરન્સમાં પણ કહ્યું હતું, મેં મારું પૂરેપૂરું જોર લગાવી દીધું હતું અને મને આ વાતનો કોઈ જ પસ્તાવો નથી.' તેણે વધુમાં ઉમેર્યું કે, 'એક ફૂટબોલરની જિંદગી આવી જ હોય છે. ક્યારેક જીત મળે છે તો ક્યારેક હાર. આપણે હંમેશાં આગળ વધતા રહેવું પડે છે.

આ મારો છેલ્લો વર્લ્ડ કપ હતો. હવે હું મારા પરિવાર સાથે સમય વિતાવીશ અને ઉતાવળમાં કોઈ નિર્ણય નહીં લઉં.' રોનાલ્ડોએ પહેલીવાર વર્ષ 2006માં જર્મની વર્લ્ડ કપમાં ભાગ લીધો હતો. તે ટૂર્નામેન્ટમાં તેણે ઈરાન સામે પોતાનો પહેલો વર્લ્ડ કપ ગોલ કર્યો હતો અને પોર્ટુગલને 40 વર્ષ બાદ સેમિફાઈનલ સુધી પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ત્યારબાદ તેણે વર્ષ 2010 (દક્ષિણ આફ્રિકા), 2014 (બ્રાઝિલ), 2018 (રશિયા) અને 2022 (કતાર)ના વર્લ્ડ કપમાં પણ ભાગ લીધો હતો અને દરેક સીઝનમાં ઓછામાં ઓછો 1 ગોલ ચોક્કસ કર્યો છે.

## જોકોવિચે ફેડરરનો રેકોર્ડ તોડ્યો

લંડન

નોવાક જોકોવિચ વિમ્બલ્ડનના ઈતિહાસમાં સૌથી વધુ મેચ જીતનાર પુરુષ ખેલાડી બની ગયો છે. ચોથા રાઉન્ડમાં 39 વર્ષીય જોકોવિચે રશિયાના ક્વોલિફાયર રોમાન સફિયુલિનને 7-6 (8-6), 6-3, 3-6, 6-3 થી હરાવીને પોતાની 106મી જીત નોંધાવી. આ સાથે જ તેણે રોજર ફેડરર (105 જીત)નો રેકોર્ડ તોડ્યો છે. હવે સમગ્ર વિમ્બલ્ડન ઈતિહાસમાં તેનાથી આગળ ફક્ત માર્ટિના નવરાતિલોવા છે, જેના નામે 120 જીત છે. આ જીત સાથે જોકોવિચે રેકોર્ડ 17મી વખત વિમ્બલ્ડનની ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન બનાવ્યું. હવે તેનો મુકાબલો કેનેડાના ફેલિક્સ ઓગર-અલિયાસિમે સાથે થશે. 132મી રેન્કિંગના રોમાન સફિયુલિને જોકોવિચને સખત ટક્કર આપી. મેચની શરૂઆતમાં જોકોવિચને



આંખોમાં તકલીફ થઈ. ત્રીજા સેટમાં સફિયુલિને તેમની સર્વિસ બ્રેક કરી તો જોકોવિચ ગુસ્સામાં બોલને બીજી તરફ મારી બેઠો. અમ્પાયરે તેમને ચેતવણી આપી, જ્યારે દર્શકોએ પણ હૂટિંગ કરી. મેચ પછી જોકોવિચે પોતાની હરકત બદલ માફી માંગી. તેમણે કહ્યું, 'હું મારા ગુસ્સા અને ચીડિયાપણું માટે જાણીતો છું. આજે પણ આવું જ થયું, જેના માટે હું માફી માંગુ છું. આપણું મગજ વારંવાર ભટકે છે. તેને વર્તમાનમાં જાળવી રાખવું સહેલું નથી હોતું. જે આવું કરી શકે છે, તે જ અંતે જીતે છે.' 28 વર્ષીય સફિયુલિન છ મહિના પહેલા ગંભીર ઈજાથી પીડાઈ રહ્યા હતા, પરંતુ તેમણે જોકોવિચને ત્રણ કલાકથી વધુ સમય સુધી કોર્ટ પર સંઘર્ષ કરવા મજબૂર કર્યા. પહેલા સેટમાં તેણે 5-3ની લીડ પણ બનાવી લીધી હતી.

### 3 નવા ચહેરાઓને મળી તક

## ઝિમ્બાબ્વે પ્રવાસ માટે ટીમ ઈન્ડિયા જાહેર, સંજુ સેમસનની બાદબાકી

વોશિંગ્ટન

ઝિમ્બાબ્વે સામે રમાનારી 3 મેચોની ટી-20 સિરિઝ માટે ભારતીય ક્રિકેટ ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. આ સિરિઝ માટે ટીમની કમાન શ્રેયસ અય્યરને સોંપવામાં આવી છે, જ્યારે તિલક વર્મા વાઈસ કેપ્ટન રહેશે. આ




ટીમ પસંદગીમાં સૌથી ચોંકાવનારો નિર્ણય વિકેટકીપર-બેટ્સમેન સંજુ સેમસનને બહાર રાખવાનો છે. તેની જગ્યાએ ટીમમાં આઈપીએલના ધુરંધર ખેલાડીઓની એન્ટ્રી થઈ છે, જ્યારે હાર્ડ હિટર રિન્કુ સિંહની ટીમમાં વાપસી થઈ છે. આ સિરિઝની તમામ મેચો હરારેમાં રમાશે. આ પ્રવાસ માટે પસંદગીકારોએ યુવા ખેલાડીઓ પર મોટો ભરોસો મૂક્યો છે. આઈપીએલ સ્ટાર પ્રભસિમરન સિંહ ઉપરાંત ફાસ્ટ બોલર અશોક શર્મા અને યશ ઠાકુરને પહેલીવાર ભારતીય ટીમમાં સ્થાન મળ્યું છે. આ સિવાય, તાજેતરમાં ઈંગ્લેન્ડ સામે ડેબ્યૂ કરનાર યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી પણ ટીમમાં પોતાની જગ્યા બનાવવામાં સફળ રહ્યો છે. તે અભિષેક શર્માની સાથે ઓપનર તરીકે ટીમમાં જોવા મળશે. પંજાબ કિંગ્સના વિસ્ફોટક ઓપનર અને વિકેટકીપર પ્રભસિમરન સિંહને તેના શાનદાર પ્રદર્શનનું ઈનામ મળ્યું છે. પ્રભસિમરને તેની ટી-20 કરિયરની 129 મેચોમાં 151.50 ના સ્ટ્રાઈક રેટથી 3665 રન બનાવ્યા છે, જેમાં 2 સદી અને 27 અર્ધસદી સામેલ છે. આઈપીએલ 2026 માં પણ તેણે 14 મેચોમાં 168 ના આક્રમક સ્ટ્રાઈક રેટથી 510 રન ફટકાર્યા હતા. ભારતના સૌથી ઝડપી બોલરોમાંથી એક એવા મયંક યાદવની અંદાજે 2 વર્ષ બાદ ભારતીય ટીમમાં વાપસી થઈ છે.

## શ્રેયસ અય્યરને સીધો કેપ્ટન બનાવવો ટીમ ઈન્ડિયાને ભારે પડ્યો

### ઈંગ્લેન્ડ પ્રવાસમાં સતત 2 હાર બાદ ડ્રેસિંગ રૂમની બોન્ડિંગ અને તાલમેલને લઈને ચર્ચાઓ તેજ બની

મેક્સિકો સિટી

શું શ્રેયસ અય્યરને સીધા T20 ટીમના કેપ્ટન બનાવવાનો નિર્ણય ટીમ ઈન્ડિયા માટે ભારે પડી રહ્યો છે? ઈંગ્લેન્ડ પ્રવાસમાં ખરાબ પ્રદર્શન બાદ કેપ્ટનશિપ, ડ્રેસિંગ રૂમની બોન્ડિંગ અને ટીમની અંદરના તાલમેલને લઈને હવે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. પસંદગીકારોના આ આકસ્મિક નિર્ણય પર ક્રિકેટ જગતમાં ચર્ચા ભારે તેજ બની છે. T20 વર્લ્ડ કપની વર્તમાન ચેમ્પિયન અને વિશ્વની નંબર-1 T20 ટીમ ભારત છેલ્લા કેટલાક સમયથી સતત સવાલોના ઘેરામાં છે. આયર્લેન્ડ પ્રવાસમાં સતત 2 હાર બાદ હવે ઈંગ્લેન્ડ સામેની હારથી ટીમની મુશ્કેલીઓ વધુ વધી ગઈ છે. આ હારને કારણે માત્ર ખેલાડીઓના પ્રદર્શન પર જ નહીં, પરંતુ કેપ્ટનશિપ, ડ્રેસિંગ રૂમના વાતાવરણ અને ટીમની




આંતરિક તાલમેલને લઈને પણ નવી ચર્ચા શરૂ કરી છે. સૌથી મોટો સવાલ એ છે કે શું આ માત્ર ખરાબ ક્રિકેટનું પરિણામ છે કે પછી નવા કેપ્ટન શ્રેયસ અય્યર સાથે ખેલાડીઓની પૂરતી બોન્ડિંગ ન બની શકવી પણ તેનું એક મોટું કારણ છે? વાસ્તવમાં શ્રેયસ અય્યરની કેપ્ટન બનવાની સફર સામાન્ય રહી નથી. તેણે આશરે 2.5 વર્ષથી વધુ સમય સુધી કોઈ T20 આંતરરાષ્ટ્રીય મેચ રમી નહોતી. ત્યારબાદ ટીમમાં તેની વાપસી થઈ અને વાપસીની સાથે જ તેને સીધી કેપ્ટનશિપની મોટી જવાબદારી સોંપવામાં આવી.

ભારતીય ક્રિકેટમાં સામાન્ય રીતે કેપ્ટન તે ખેલાડીને બનાવવામાં આવે છે, જે લાંબા સમયથી ટીમનો નિયમિત ભાગ હોય અથવા ઉપકેપ્ટનની ભૂમિકા ભજવતો હોય. જોકે આ વખતે પસંદગીકારો અને મુખ્ય કોચ ગૌતમ ગંભીરે પરંપરાથી અલગ નિર્ણય લીધો, જે હવે વિવાદ અને ચર્ચાના કેન્દ્રમાં છે. ભારતીય ટીમમાં હાર્દિક પંડ્યા, શુભમન ગિલ, અક્ષર પટેલ અને તિલક વર્મા જેવા ખેલાડીઓ છેલ્લા કેટલાક વર્ષોથી લીડરશિપ ગ્રુપનો ભાગ રહ્યા છે. આવી સ્થિતિમાં લાંબા સમય સુધી ટીમની બહાર રહેલા ખેલાડીને અચાનક કેપ્ટન બનાવવાનો નિર્ણય કેટલાક સિનિયર ખેલાડીઓ માટે આશ્ચર્યજનક હોઈ શકે છે. ક્રિકેટમાં ખેલાડીઓ જાહેરમાં ભલે કંઈ ન કહે, પરંતુ કેપ્ટન બનવું દરેકનું સપનું હોય છે. આવા અણધાર્યા નિર્ણયો ડ્રેસિંગ રૂમના વાતાવરણ અને ખેલાડીઓની માનસિકતા પર ચોક્કસ અસર કરી શકે છે. શ્રેયસ અય્યર સામે સૌથી મોટો પડકાર કેપ્ટનશિપ સંભાળતા પહેલાં જ ઊભો થઈ ગયો હતો. અફઘાનિસ્તાન સીરિઝ પૂરી થતાં જ ભારતીય ટીમ ઈંગ્લેન્ડ માટે રવાના થઈ ગઈ હતી. આ કારણે ખેલાડીઓને નવા કેપ્ટન સાથે પૂરતો સમય પસાર કરવાનો, તેની રણનીતિ સમજવાનો અથવા ટીમની અંદર તાલમેલ વિકસાવવાનો લગભગ કોઈ મોકો જ મળ્યો નહીં. વિદેશી પીચો અને પરિસ્થિતિઓમાં મર્યાદિત પ્રેક્ટિસ અને નવા નેતૃત્વ સાથે ઓછા સમયને કારણે મુશ્કેલીઓ વધુ વધી ગઈ.




### પેટ્રોલ-ડીઝલના ઊંચા ભાવ અને અછતને કારણે

## ઇલેક્ટ્રિક વાહનોની માંગમાં જોવાયેલો વધારો

મુંબઈ

પશ્ચિમ એશિયા યુદ્ધ ફાટી નીકળ્યા બાદ પેટ્રોલ -ડીઝલના ઊંચા ભાવ ઉપરાંત તેની અછત વર્તાવા લાગતા ભારતમાં નવા વાહનોના વેચાણમાં ઈલેક્ટ્રિક, વાહનો, હાઈબ્રિડ તથા કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (સીએનજી) વાહનોની માગમાં વધારો થયાનું જૂન મહિનાના વાહનોના રિટેલ વેચાણ આંક જણાવે છે. જૂનમાં વેચાયેલા ઊતારૂ વાહનોમાં પેટ્રોલ-ડીઝલ સિવાયના વાહનોનો હિસ્સો વિક્રમી સપાટીએ જોવા મળ્યો હોવાનું ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા)ના ડેટા જણાવે છે. મેમાં વેચાયેલા ઊતારૂ વાહનોમાં ઈલેક્ટ્રિક, હાઈબ્રિડ તથા સીએનજી વાહનોનો હિસ્સો જે ૩૮ ટકા હતો તે જૂનમાં વધી ૪૦.૩૫ ટકા રહ્યો છે. મેમાં પેટ્રોલ તથા ડીઝલના



ભાવમાં વધારાને કારણે વપરાશકારોએ ઓછા ખર્ચાળ એવા ફ્યુઅલ સાથેના વાહનો ખરીદવાનું પસંદ કર્યું હતું. ગ્રાહકોનો આ ટ્રેન્ડ કામચલાઉ છે કે તેમાં બદલાવ આવ્યો છે તે જોવાનું રહેશે એમ ફાડાના પ્રમુખ સી. એસ. વિઘ્નેશ્વરે એક નિવેદનમાં જણાવ્યું હતું. વાહનોના એકંદર વેચાણમાં ગયા મહિને ૨૧.૮૦ ટકા વધારો થઈને ૨૫,૫૭,૨૩૪ એકમ રહ્યો છે. ઊતારૂ વાહનોનું રિટેલ વેચાણ વાર્ષિક ધોરણે ૨૮.૬૦ ટકા વધી ૪,૧૦,૮૫૩ રહ્યું છે. ટ્રેકટર્સના વેચાણમાં ૨૫.૩૦ ટકા જ્યારે થ્રી વ્હીલર્સના વેચાણમાં ૧૬.૨૦ ટકા વધારો નોંધાયો છે ઊતારૂ વાહનોના કુલ વેચાણમાં સીએનજીનો હિસ્સો ૨૪.૩૦ ટકા જ્યારે હાઈબ્રિડસ ૮.૩૦ ટકા અને વીજ વાહનનો હિસ્સો ૭.૮૦ ટકા રહ્યો છે. ટુ વ્હીલર્સના એકંદર વેચાણમાં ઈ-ટુ વ્હીલર્સનો હિસ્સો વધી ૧૦.૬૦ ટકા રહ્યો છે. ટુ વ્હીલર્સમાં ઈ-ટુ વ્હીલર્સનો હિસ્સો પહેલી જ વખત દ્વીઅંકમાં જોવા મળ્યો છે. ઈ-પેસેન્જર વ્હીકલ્સનો વેચાણ આંક ગત મહિને ૩૧૮૨૩ રહ્યો હોવાનું ફાડાના ડેટા જણાવે છે. યુદ્ધ હવે અટકી ગયું છે અને ક્રુડની પૂરવઠા ખલેલ હવે લગભગ પૂરી છે તેમ છતાં સ્થિતિ થાળે પડતા કેટલોક સમય લાગશે.

### સોના અને ચાંદીના ભાવમાં સતત બીજા દિવસે મોટો ઘટાડો નોંધાયો

## અચાનક જ ઘટી ચાંદીની કિંમત, બે જ દિવસમાં રૂ. 6,600નો કડાકો! સોનું પણ થયું સસ્તું

મુંબઈ

સોના અને ચાંદીના ભાવમાં સતત બીજા દિવસે પણ મોટો ઘટાડો જોવા મળ્યો છે. મલ્ટી કમોડિટી એક્સચેન્જ (MCX) પર બજાર ખુલતાની સાથે જ બંને કિંમતી ધાતુઓના ભાવમાં મોટો કડાકો બોલાયો છે. ચાંદીના ભાવમાં એકઝટકે 5200થી વધુનો ઘટાડો

સોમવારે ભારે કડાકો થયા બાદ મંગળવારે પણ માર્કેટ ખુલતાની સાથે જ ચાંદીના ભાવ તૂટી પડ્યા હતા. MCX પર 4 સપ્ટેમ્બરની એક્સપાયરીવાળી ચાંદીની કિંમત ખુલતાની સાથે જ 5296 સસ્તી થઈને 2,30,803 પ્રતિ કિલોગ્રામ પર આવી ગઈ હતી, જે અગાઉના કારોબારી દિવસે 2,36,099 પર બંધ થઈ હતી.

બે દિવસમાં ચાંદી 6600થી વધુ સસ્તી થઈ

આ સપ્તાહની શરૂઆતથી જ ચાંદીમાં સતત



ઘટાડો થઈ રહ્યો છે. ગત શુક્રવારે ચાંદી 2,37,410 પર બંધ થઈ હતી, જે બે દિવસના ઘટાડા બાદ હવે 6607 પ્રતિ કિલોગ્રામ સસ્તી થઈ ગઈ છે. આ નવા ઘટાડા સાથે ચાંદી હવે તેના ઓલ ટાઈમ હાઈ લેવલ 4.20 લાખની સરખામણીએ લગભગ અડધી કિંમતે મળી રહી છે. વર્ષ 2026ની શરૂઆતમાં જાન્યુઆરી મહિનામાં ચાંદી 4 લાખની ઐતિહાસિક સપાટી વટાવી ગઈ હતી, પરંતુ ત્યારપછી તેમાં મોટો ઘટાડો આવ્યો છે. સોનાના ભાવમાં પણ 1500થી વધુનો કડાકો માત્ર ચાંદી જ નહીં, પણ સોનાના ભાવમાં પણ સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. MCX પર મંગળવારે 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1566 ઘટીને 1,45,351 પર આવી ગયો હતો, જે સોમવારે 1,46,917 પર બંધ થયો હતો. સોનું પણ ગત શુક્રવારના 1,47,378ના રેટથી અત્યાર સુધીમાં 2027 જેટલું સસ્તું થઈ ચૂક્યું છે. જાન્યુઆરી મહિનામાં સોનાએ પણ પહેલીવાર પ્રતિ 10 ગ્રામ 2 લાખનો આંકડો પાર કર્યો હતો, જે હવે તેના હાઈ લેવલથી ઘણું સસ્તું મળી રહ્યું છે.

### થાપણ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચેનો તફાવત ઊંચો રહેતા બેન્કો પર દબાણ

## રિટેલ રોકાણકારોનું છ માસમાં ઈક્વિટીમાં અધધ....રૂ. 57,203 કરોડનું રોકાણ

### વૈશ્વિક અનિશ્ચિતતા છતાં, ભારતીય ઇક્વિટીમાં રિટેલ રોકાણકારોનો રસ ફરી વધ્યો છે. 2026ના પ્રથમ છ મહિનામાં રોકાણ ₹57,203 કરોડ રહ્યું, જે ગત વર્ષે ₹1,884 કરોડ હતું.

મુંબઈ

કેલેન્ડર વર્ષ ૨૦૨૬ ના પ્રથમ છ મહિનામાં ભારતીય ઈક્વિટીમાં રિટેલ રોકાણકારોનું ચોખ્ખું રોકાણ રૂ. ૫૭,૨૦૩ કરોડ હતું, જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં રૂ. ૧,૮૮૪ કરોડ હતું. એક્સચેન્જ ડેટા દર્શાવે છે કે વૈશ્વિક અનિશ્ચિતતા છતાં, રોકાણકારોનો રસ ફરી વધ્યો છે. નિષ્ણાતો કહે છે કે જૂનમાં ભૂ-રાજકીય તણાવ ઓછો થતાં, રોકાણકારો સાવચેતીપૂર્વક પસંદગીના ક્ષેત્રોમાં પાછા ફરી રહ્યા છે. ૨૦૨૪ માં રૂ. ૧.૬૭ લાખ કરોડની રેકોર્ડ ચોખ્ખી ખરીદી પછી, ૨૦૨૫ માં રૂ. ૧,૭૧૫ કરોડનું ચોખ્ખું વેચાણ જોવા મળ્યું હતું. આ આઉટફ્લો નફારૂપી વેચવાલી અને વૈશ્વિક અનિશ્ચિતતાના સમયગાળાને કારણે હતો. જૂન મહિનામાં બેન્ચમાર્ક ઈન્ડેક્સ નિફ્ટી ૧.૩% થી વધુ વધ્યો અને જુલાઈના પહેલા અઠવાડિયામાં પણ તેનો અપ ટ્રેન્ડ ચાલુ રહ્યો હતો. વૈશ્વિક અસ્થિરતાને કારણે આ વર્ષે અત્યાર સુધી આઈપીઓ માર્કેટ ધીમું પડયું છે, સાથે



ડીમેટ એકાઉન્ટ ખોલવાની ગતિ પણ ધીમી પડી છે. મે ૨૦૨૬માં, ૨.૨ મિલિયન ખાતા ખોલવામાં આવ્યા હતા, જે અગાઉના છ મહિનાની સરેરાશ ૨.૭ મિલિયન હતી. કોરોના દરમિયાન બજાર તળિયે ગયા પછી, રિટેલ રોકાણકારોએ તેમના ટ્રેડિંગ પેટર્નમાં નોંધપાત્ર ફેરફાર જોયો હતો. ૨૦૧૬ થી ૨૦૧૯ સુધી સતત વેચવાલી પછી, ભારતીય બજારોમાં ૨૦૨૫ માં થોડો ઘટાડો થયો તે પહેલાં સતત પાંચ વર્ષ સુધી રિટેલ રોકાણકારો દ્વારા ચોખ્ખી ખરીદી જોવા મળી હતી. બીજી તરફ, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોમાં મ્યુચ્યુઅલ ફંડો એ પ્રથમ છ મહિનામાં ખરીદીનો ધમધમાટ ચાલુ રાખ્યો હતો, જેમાં રૂ. ૪.૭ લાખ કરોડનું ચોખ્ખું રોકાણ નોંધાયું હતું, જે કેલેન્ડર વર્ષ ૨૦૨૫ ના પ્રથમ છ મહિનામાં નોંધાયેલા રૂ. ૩.૫૭ લાખ કરોડ કરતા વધારે છે. કેલેન્ડર વર્ષ ૨૦૨૬ ના પ્રથમ છ મહિનામાં ભારતીય ઈક્વિટીમાં રિટેલ રોકાણકારોનું ચોખ્ખું રોકાણ રૂ. ૫૭,૨૦૩ કરોડ હતું, જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં રૂ. ૧,૮૮૪ કરોડ હતું. એક્સચેન્જ ડેટા દર્શાવે છે કે વૈશ્વિક અનિશ્ચિતતા છતાં, રોકાણકારોનો રસ ફરી વધ્યો છે. નિષ્ણાતો કહે છે કે જૂનમાં ભૂ-રાજકીય તણાવ ઓછો થતાં, રોકાણકારો સાવચેતીપૂર્વક પસંદગીના ક્ષેત્રોમાં પાછા ફરી રહ્યા છે.

## સેન્સેક્સ 104 પોઈન્ટ ઘટીને 78,181 પર બંધ થયો

- **નિફ્ટી પણ 32 પોઈન્ટ ઘટીને 24,399 પર આવ્યો; મેટલ અને રિયલ્ટી શેરોમાં વધુ વેચવાલી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 7 જુલાઈના રોજ ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 104 પોઈન્ટના ઘટાડા સાથે 78,181 પર બંધ થયો. જ્યારે નિફ્ટીમાં પણ 32 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 24,399 પર બંધ થયો. મેટલ અને રિયલ્ટી શેર્સમાં આજે વધુ વેચવાલી જોવા મળી. જ્યારે IT અને કન્ઝ્યુમર ડ્યુરેબલ શેર્સમાં વધુ ખરીદી જોવા મળી. આ પહેલા ગઈકાલે એટલે કે 6 જુલાઈએ શેરબજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 521 પોઈન્ટના ઉછાળા સાથે



78,285 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 160 પોઈન્ટનો વધારો થયો હતો, જે 24,430 પર બંધ થયો હતો. ટ્રેડિંગ સત્ર દરમિયાન મેટલ અને રિયલ્ટી સેક્ટરના શેરોમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું, જેના કારણે બેન્ચમાર્ક સૂચકાંકો દબાણ હેઠળ રહ્યા. ક્ષેત્રીય સૂચકાંકોમાં, નિફ્ટી મેટલ અને નિફ્ટી રિયલ્ટી સૌથી નબળા પ્રદર્શન કરનારા હતા. ઘટાડાના બજારમાં પણ, કેટલાક મુખ્ય શેરોએ સારું પ્રદર્શન કર્યું. નિફ્ટી 50 પર ટાઈટન કંપની, ટેક મહિન્દ્રા અને HCLTech ટોચના તેજીમાં હતા. IT શેરોમાં ખરીદીથી બજારને થોડો ટેકો મળ્યો.

લાર્જ-કેપ શેરોની સાથે, વ્યાપક બજારમાં પણ નબળાઈ જોવા મળી. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 0.37% ઘટીને બંધ થયો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ 0.66% ઘટ્યો.

# 2008 અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં 38 આરોપીને ફાંસી

## 11ને આજીવન કેદ, 56નાં મોત થયા હતા; ટ્રાયલ કોર્ટના ચુકાદાને યથાવત રાખતું હાઇકોર્ટનું ઐતિહાસિક જજમેન્ટ




અમદાવાદ

2008 અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટનો ચુકાદો યથાવત રાખ્યો છે. હાઈકોર્ટે દોષિતોની તમામ અપીલ નકારી 38 આરોપીને ફાંસી અને 11ને આજીવન કેદની સજા યથાવત રાખી છે. સાથે જ તમામ મૃતકોને 10 લાખ, ગંભીર ઈજાગ્રસ્તોને 5 લાખ અને સામાન્ય ઈજાગ્રસ્તોને 1 લાખનું વળતર 31 માર્ચ 2027 સુધી ચૂકવવા આદેશ કરાયો છે. ચુકાદો આવ્યા બાદ કોર્ટ પરિસરમાં બંદોબસ્ત વધારવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચના 3 પીઆઈ અને 2 સ્થાનિક પીઆઈને બંદોબસ્તમાં મૂકવામાં આવ્યા હતા.

અમદાવાદ સિટી સેશન્સ કોર્ટે 18 ફેબ્રુઆરી, 2022ના રોજ દેશના ઈતિહાસમાં પહેલીવાર એકસાથે 38 આરોપીઓને ફાંસી અને 11 આરોપીઓને અંતિમ શ્વાસ સુધીની કેદ ફટકારી હતી. ફાંસીની સજાની પુષ્ટિ માટે રાજ્ય સરકારે હાઈકોર્ટમાં અરજી કરી હોય અને 48 આરોપીઓ પણ નીચલી કોર્ટની સજા સામે હાઈકોર્ટ ગયા હતા.

26 જુલાઈ, 2008ના દિવસે અમદાવાદ શહેરના અલગ અલગ 20 સ્થળો પર થયેલા 21 સિરિયલ બ્લાસ્ટમાં 56 નિર્દોષ લોકોના મોત નિપજ્યા હતા જ્યારે 200થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. મહત્વનું છે કે, અમદાવાદ સેશન્સ કોર્ટે જ્યારે આરોપીઓને સજા આપી ત્યારે મંગળવાર હતો અને આજે હાઈકોર્ટે પણ મંગળવારે ચુકાદો આપ્યો હતો.

2008 અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસના ચુકાદાને લઈને હાઈકોર્ટમાં વિશેષ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. હાઈકોર્ટમાં તમામ મુલાકાતીઓને બેગ સ્કેન કરીને જ એન્ટ્રી અપાઈ હતી. DCP હર્ષદ પટેલ, સોલા PI, ગુજરાત યુનિવર્સિટી PI સહિતનો 120 પોલીસનો સ્ટાફ અને SRP તહેનાત કરાઈ હતી સાથે જ વીડિયોગ્રાફર પણ હાજર હતા. બોમ્બ ડિટેક્શન અને ડિસ્પોઝલ સ્કવોડ દ્વારા કોર્ટમાં તપાસ કરાઈ હતી. 18 વર્ષ જૂના બોમ્બ બ્લાસ્ટ કેસનો ચુકાદો આવવાનો હોવાથી હાઈકોર્ટની બહાર સવારથી ડીસીપી, એસીપી, પીઆઈ સહિતના અધિકારીઓનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. હાઈકોર્ટના ગેટ પરથી વકીલ સિવાય કોઈને પણ પ્રવેશ આપવામાં આવ્યો નહોતો. કોર્ટની અંદર પણ અલગ અલગ જગ્યાએ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ તહેનાત હતી. 39 નંબરની કોર્ટમાં ચુકાદો આવ્યો હતો, જે કોર્ટ રૂમની બહાર પણ 40થી વધુ પોલીસનો બંદોબસ્ત હતો. કોર્ટમાં આવનાર તમામને ચકાસીને પ્રવેશ આપવામાં આવ્યો હતો. કોર્ટ રૂમની અંદર પણ સ્થાનિક પીઆઈ, ક્રાઈમ બ્રાન્ચના 2 પીઆઈ અને અન્ય કર્મચારીઓ બંદોબસ્તમાં હતા.

### ફાંસીની સજાના ચુકાદાના અમલ પર 3 મહિનાનો સ્ટે આપ્યો : આરોપીઓ સુપ્રીમના દ્વાર ખખડાવશે

અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં ગુજરાત હાઈકોર્ટે પોતાના ચુકાદાના અમલ પર 3 મહિનાનો સ્ટે આપ્યો છે. આરોપીઓ તરફથી સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવા માટે દાદ માંગવામાં આવી હતી. હાઈકોર્ટે પોતાના હુકમના અમલ પર 3 મહિનાનો સ્ટે આપ્યો છે. આરોપીઓ હવે સજાના ચુકાદા સામે સુપ્રીમના દ્વાર ખખડાવશે.

મહત્ત્વનું છે કે આજે સવારે ગુજરાત હાઈકોર્ટે વર્ષ 2022માં સ્પેશિયલ કોર્ટ (સિટી સેશન્સ કોર્ટ) દ્વારા સંભળાવવામાં આવેલી 38 આતંકીઓની ફાંસીની સજા અને 11 દોષિતોને અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા યથાવત્ રાખવાનો આદેશ આપ્યો હતો. જે બાદ આરોપીઓ દ્વારા હાઈકોર્ટમાં સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવા માટે સમય માંગવામાં આવ્યો હતો. જેને ધ્યાને રાખી ગુજરાત હાઈકોર્ટે પોતાના ચુકાદાના અમલ પર 3 મહિનાનો સ્ટે આપ્યો છે. જેથી હવે 3 મહિના સુધીના સમયગાળા દરમિયાન આરોપીઓ હાઈકોર્ટે આપેલી સજાને સુપ્રીમ કોર્ટમાં પડકારી શકશે.

26 જુલાઈ, 2008 ના રોજ અમદાવાદના અલગ-અલગ 20 સ્થળો પર થયેલા 21 સિરિયલ બ્લાસ્ટમાં 56 નિર્દોષ લોકોના મોત નિપજ્યા હતા અને 200થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ કેસમાં નીચલી અદાલતે દેશના ઈતિહાસમાં પહેલીવાર એકસાથે 38 આરોપીઓને ફાંસીની સજા ફટકારી હતી. આ ફાંસીની સજાની પુષ્ટિ માટે રાજ્ય સરકારે હાઈકોર્ટમાં અરજી કરી હતી, જ્યારે બીજી તરફ 48 આરોપીઓએ પણ સજા સામે હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા.

આઠમી ફેબ્રુઆરી, 2022ના રોજ અમદાવાદની વિશેષ અદાલતના ન્યાયાધીશ એ.આર. પટેલે 78માંથી 49 આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા.

---

**ભાજપના નેતાઓની AMC-પોલીસ સાથે બેઠક**

## હાથી ભડકે નહીં માટે ડીજે ન વગાડવા અને રૂટ પર યોગ્ય લાઇટિંગ કરવા સૂચના

અમદાવાદ

ભગવાન જગન્નાથની આગામી 149મી રથયાત્રાને લઈને અમદાવાદના મેયર હિતેશ બારોટની અધ્યક્ષતામાં મ્યુનિસિપલ કમિશનર, પોલીસ કમિશનર સહિતના પોલીસ તેમજ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી.




ગત વર્ષે હાથી ભડકવાની ઘટનાને ધ્યાનમાં રાખીને ચાલુ વર્ષે જ્યારે રથયાત્રામાં હાથી પસાર થાય, ત્યારે બીજે નહીં વગાડવા અને અન્ય કોઈ અવાજ નહીં કરવામાં આવે તેવી સૂચના આપવામાં આવી છે. ખાસ કરીને સાંજે જમાલપુર રથયાત્રા પહોંચે ત્યારે ટ્રાફિકને ધ્યાનમાં રાખીને દર્શનાર્થીઓને તકલીફ ન પડે તે પ્રમાણે આયોજન કરવામાં આવશે.

મેયર હિતેશ બારોટએ જણાવ્યું હતું કે, આગામી 149મી રથયાત્રાને લઈને મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોત સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. ભગવાનની રથયાત્રા શાંતિથી અને વ્યવસ્થિત રીતે નીકળે તેને ધ્યાનમાં રાખીને બેઠક યોજાઈ હતી. પોલીસ કમિશનર અને મંદિર તરફથી જે પણ સૂચનો કરવામાં આવ્યા છે તે સૂચનો અને ધ્યાનમાં રાખી અને રથયાત્રા ઝડપથી નિજ મંદિરે પહોંચે તે પ્રમાણે આયોજન કરવા અંગેની ચર્ચા કરવામાં આવી હતી.

પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતે જણાવ્યું હતું કે, આગામી 16 જુલાઈના રોજ ભગવાન જગન્નાથની 149મી રથયાત્રાને લઈને મેયરની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી, જેમાં ગત વર્ષની રથયાત્રાઓના અનુભવને લઈને મંદિર તરફથી જે સૂચનો કરવામાં આવ્યા હતા તેના પર ચર્ચા કરવામાં આવી હતી.

---

## નરોડાથી વિંઝોલ સુધી ખારીકટ કેનાલના બંને બાજુ થ્રી-લેન રોડ બનશે : વૃક્ષારોપણ અને જંક્શન ડેવલપમેન્ટ થશે

### કેનાલની બંને ધાર પર 1.2 મીટર પહોળા ગ્રીન પેચ સાથે વૃક્ષારોપણ, 6 મીટર પહોળા સર્વિસ રોડ તેમજ ઉપલબ્ધ પહોળાઈને અનુરૂપ ફૂટપાથ બનાવવામાં આવશે



અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલી ખારીકટ કેનાલનું મેયર હિતેશ બારોટ સહિતના પદાધિકારીઓ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ સાથે નિરિક્ષણ કર્યું હતું. નરોડાથી વિંઝોલ (વસ્ત્રાલ) સુધીના 12.7 કિલોમીટર લાંબા ખારીકટ કેનાલ કોરિડોરનું સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

ખારીકટ કેનાલના વિકાસ માટે અગાઉ મંજૂર કરવામાં આવેલી ડિઝાઈન મુજબ કેનાલના મધ્યભાગથી બંને તરફ 9.5 મીટર પહોળા માર્ગનું નિર્માણ, આ ઉપરાંત કેનાલની બંને ધાર પર 1.2 મીટર પહોળા ગ્રીન પેચ સાથે વૃક્ષારોપણ, 6 મીટર પહોળા સર્વિસ રોડ તેમજ ઉપલબ્ધ પહોળાઈને અનુરૂપ ફૂટપાથ બનાવવામાં આવશે.

મેયર હિતેશ બારોટ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું નિરીક્ષણ કર્યા બાદ ખારીકટ કેનાલમાં 9.5 મીટર પહોળા માર્ગને વધુ વિસ્તૃત કરીને બંને તરફ ત્રણ લેન (Three-Lane) માર્ગ તરીકે વિકસાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. ખારીકટ કેનાલ ઉપર આવેલા વિવિધ જંક્શનોનું ટ્રાફિકની જરૂરિયાત અને સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ડેવલોપમેન્ટ કરવામાં આવશે જેથી ખારીકટ કેનાલ રોડ ઉપર ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડે નહી.

ભાજપના પદાધિકારીઓ દ્વારા કોર્પોરેશનના અધિકારીઓને વિકાસ કામગીરી ઝડપથી આગળ વધારવા તેમજ ખારીકટ કેનાલને આધુનિક શહેરી માળખા સાથે હરિયાળા અને સુવ્યવસ્થિત કોરિડોર તરીકે વિકસાવવા આયોજનબદ્ધ રીતે કામગીરી હાથ ધરવા સૂચનાઓ આપવામાં આવી હતી. આ વિકાસ કાર્ય પૂર્ણ થયા બાદ ખારીકટ કેનાલ વિસ્તારની માર્ગ સુવિધા, ટ્રાફિક વ્યવસ્થાપન અને શહેરી સૌંદર્યમાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

---

## UN મહેતા હોસ્પિટલમાં બેઝમેન્ટની ડ્રેનેજ લાઇનમાં દુર્ઘટનામાં એકનું મોત

### હાઉસકીપિંગ સ્ટાફ હડતાળ પર ઉતર્યો, 'સેફ્ટી વિના ડ્રેનેજનું કામ કરવા કર્મચારીને ઉતાર્યો હતો'

અમદાવાદ

અમદાવાદ શહેરના અસારવા વિસ્તારમાં આવેલી યુ.એન. મહેતા હોસ્પિટલમાં ડ્રેનેજ લાઈનમાં ત્રણ યુવકો પડી જતા ફાયર બ્રિગેડે રેસ્ક્યુ કરીને બહાર કાઢ્યા હતા. ત્રણેયને ગંભીર ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ત્રણમાંથી કોન્ટ્રાક્ટ પર કામ કરતા યુવકનું સારવાર દરમિયાન સ્થાનિકો મૃત્યુ થયાનો આક્ષેપ કર્યો હતો. જોકે ત્યારબાદ યુ એન મહેતા હોસ્પિટલ RMO, દુષ્યંત ભટ્ટે કન્ફર્મ કર્યું કે, એક યુવકનું મોત થયું છે.

આજે(7 જુલાઈ) સવારથી જ હોસ્પિટલનો હાઉસકીપિંગ સ્ટાફ હડતાળ પર ઉતરી ગયો છે. 200થી વધુ કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા છે. સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે, હાઉસકીપિંગનું કામ હોવા છતાં પણ સેફ્ટી વિના ડ્રેનેજનું કામ કરવા કર્મચારીને ઉતારવામાં આવ્યો હતો.

એજન્સીના કોન્ટ્રાક્ટ હેઠળ કામ કરતા બે સુપરવાઈઝર, રાજ બારોટ અને પિનાકીન પરમાર સામે શાહીબાગ પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે. જોકે, આ સમગ્ર બેદરકારીમાં માત્ર એજન્સીના કર્મચારીઓ સામે જ ગુનો દાખલ કરાયો છે, જ્યારે યુ. એન. મહેતા હોસ્પિટલના એક પણ અધિકારી કે કર્મચારી સામે હજુ સુધી કોઈ કાયદાકીય પગલાં લેવામાં આવ્યા નથી.

યુ એન મહેતા હોસ્પિટલ RMO, દુષ્યંત ભટ્ટના જણાવ્યા અનુસાર, ગઈકાલે (6 જુલાઈ) રાત્રે 07:15ની આસપાસ, અમારા બી બ્લોકના બેઝમેન્ટ 1માં એક અમારો સ્લમ પંપની પીટ છે, એની આજુબાજુ અમારા ત્રણ સફાઈકર્મીઓ કામ કરી રહ્યા હતા. આકસ્મિત રીતે એક સફાઈકર્મીનો પગ સ્લીપ થતા, એક કર્મચારી એ પીટમાં પડી ગયા. સાથે જ બે સહકર્મચારીઓ હતા, એના બચાવમાં સાથે અંદર ઉતર્યા હતા. પણ અંદરના જે ટોક્સિક ગેસના એન્વાયરમેન્ટને લીધે એ ત્રણેયને તકલીફ થઈ હતી.

---

## રૂપિયા 14.12 કરોડના ખર્ચે તળાવ ડેવલપની વિવાદાસ્પદ દરખાસ્ત : રાણીપના ચેનપુર ગામના તળાવને ડેવલપ કરવા

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં અલગ અલગ તળાવને ડેવલોપમેન્ટ કરવામાં આવી રહ્યા છે, જે અંતર્ગત શહેરના પશ્ચિમ વિસ્તારમાં રાણીપ વોર્ડના ચેનપુર ગામના તળાવને ડેવલોપમેન્ટ કરવામાં આવશે. જેમાં રૂ. 14.12 કરોડના ખર્ચે ચેનપુર તળાવને ડેવલોપમેન્ટ કરવા માટેની દરખાસ્ત વોટર એન્ડ સુએજ સપ્લાય કમિટીમાં મૂકવામાં આવી છે. ચેનપુર નજીક આવેલા જગતપુર અને દેવ સીટી સહિતના તળાવો તેના કરતાં મોટા હોવા છતાં 10 કરોડ રૂપિયામાં તળાવ ડેવલોપમેન્ટ થયા છે. પરંતુ ચેનપુરના તળાવને ડેવલોપમેન્ટ કરવા માટે 14 કરોડ જેટલી દરખાસ્ત મુકવામાં આવતા અનેક સવાલ ઊભા થયા છે. આ તળાવ ડેવલોપમેન્ટ થવાથી માત્ર ચેનપુર ગામના લોકોને ફાયદો થશે. શહેરના



અલગ અલગ તળાવોને ડેવલપમેન્ટ કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા કામગીરી ધરવામાં આવી રહી છે. પર્યાવરણની જાળવણી અંતર્ગત જુના ગામ તળાવોના ડેવલપમેન્ટનાં પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યાં છે. પશ્ચિમ ઝોનના રાણીપ વોર્ડમાં આવતાં ચેનપુર તળાવને ડેવલોપમેન્ટ કરવાની રજૂઆતને લઈ ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. જે અંતર્ગત તળાવને ડેવલોપમેન્ટ કરવા માટે રૂ. 14.12 કરોડના ખર્ચે નીલકંઠ લેન્ડસ્કેપ નામના કોન્ટ્રાક્ટરને કોન્ટ્રાક્ટ આપવા માટેની દરખાસ્ત વોટર એન્ડ સુએજ સપ્લાય કમિટીમાં મૂકવામાં આવી છે. ચેનપુર તળાવ નજીક આવેલા જગતપુર તળાવ મોટું હોવા છતાં પણ ડેવલોપમેન્ટ કરવા પાછળ માત્ર 6.72 કરોડ ખર્ચ થયો હતો. ત્યારે જગતપુર કરતાં પણ નાના તળાવને ડેવલોપમેન્ટ કરવા પાછળ આટલો ખર્ચ કરવા અને લઈને અનેક સવાલ ઊભા થયા છે. તળાવને ડેવલોપમેન્ટ કરવાની સાથે ચેનપુર આસપાસ આવેલા ન્યુ રાણીપ, જગતપુર રોડના વરસાદી પાણીના નિકાલ માટે તળાવમાં આઉટફોલ સ્ટ્રક્ચર તથા સ્ટોર્મ વોટર લાઈન નાખવામાં આવશે.

**તળાવ, બગીચો, સિનિયર સિટીઝનોને બેસવા માટે થઈને ગજેબો, ટોયલેટ બ્લોક, વોક-વે વગેરે પ્રકારની જુદા ઉભી કરવામાં આવશે**

---

**મિનિમલી ઇન્વેસિવ હૃદયની સારવાર ઉપલબ્ધ બનશે**

## અમદાવાદમાં ગુજરાતનું પ્રથમ રોબોટિક કાર્ડિયાક સર્જરી યુનિટ શરૂ

અમદાવાદ

અમદાવાદના એપોલો સીવીએચએફ હોસ્પિટલે બીજી દા વિન્ચી Xi રોબોટિક સર્જિકલ સિસ્ટમ કાર્યરત કરીને ગુજરાતના સૌપ્રથમ ડેડિકેટેડ રોબોટિક કાર્ડિયાક સર્જરી યુનિટની શરૂઆત કરી છે. આ સાથે એપોલો હોસ્પિટલ્સ અમદાવાદ હવે રોબોટિક કાર્ડિયાક સર્જરી માટે બે ડેડિકેટેડ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ ધરાવતી રાજ્યની પ્રથમ હોસ્પિટલ બની છે. હોસ્પિટલના જણાવ્યા મુજબ, સીનિયર સીવીટીએસ સર્જન ડૉ. સુધીર અદાલતીના નેતૃત્વમાં અત્યાર સુધીમાં 75થી વધુ સફળ રોબોટિક કાર્ડિયાક સર્જરી કરવામાં આવી છે. નવી સિસ્ટમના ઉમેરાથી વધુ દર્દીઓને અદ્યતન અને મિનિમલી ઈન્વેસિવ હૃદયની સારવાર ઉપલબ્ધ બનશે. એપોલો સીવીએચએફ હોસ્પિટલ્સના સીઈઓ અને ડિરેક્ટર તેમજ કાર્ડિયોલોજી વિભાગના ડિરેક્ટર ડૉ. સમીર દાણીએ જણાવ્યું કે, ગુજરાતના પ્રથમ ડેડિકેટેડ રોબોટિક કાર્ડિયાક સર્જરી યુનિટની શરૂઆત રાજ્યના દર્દીઓને વિશ્વસ્તરીય હૃદયની સારવાર વધુ સરળતાથી



ઉપલબ્ધ કરાવવાના સંકલ્પને મજબૂત બનાવે છે.

તેમણે જણાવ્યું કે અદ્યતન ટેક્નોલોજી અને અનુભવી તબીબોની ટીમ દર્દીઓને વધુ સચોટ અને સુરક્ષિત સારવાર આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે. ડૉ. સુધીર અદાલતીએ જણાવ્યું કે, દા વિન્ચી Xi સિસ્ટમ દ્વારા સર્જરી દરમિયાન વધુ ચોકસાઈ, ઓછો ચીરો અને દર્દીને ઓછી શારીરિક તકલીફ સાથે જટિલ હૃદયની સર્જરી શક્ય બને છે. તેમના જણાવ્યા મુજબ, રોબોટિક સર્જરી બાદ દર્દીઓ ઝડપથી સ્વસ્થ થાય છે, હોસ્પિટલમાં ઓછા દિવસ રોકાવું પડે છે અને રોજિંદા જીવનમાં વહેલા પરત ફરી શકે છે.

---

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI